બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા (માસિક)

**ફેબ્રુઆરી-૨૦૨૫**


રજબુલ મુરજ્જબ-શાબાનુલ મુઅઝ્ઝમ હિજરી સન : ૧૪૪૬

વર્ષ : ૨૨, અંક : ૨, સળંગ અંક : ૨૫૩



**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦

તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com

બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ

A/c. No. 34620100000301

ISLAMIC WELFARE MISSION

IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂ. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂ. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂ. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂ. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂ. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂ. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂ. | ૨૫,૦૦૦/- |


: માનદ તંત્રી :

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | **દુરૂદ શરીફની ફઝીલત તથા જરૂરી મસાઈલ** | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 10 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 12 |
| 04 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) | 15 |
| 05 | હશ્ત બહિશ્ત : ફવાઈદુલ ફવાદ (દિલોના ફાયદા) | 17 |
| 06 | કાનૂને શરીઅત (ભાગ-૨) | 21 |
| 07 | તઝકેરતુલ અવલિયા : હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہના હાલાત તથા ખૂબીઓ | 24 |
| 08 | ઈસ્લામી અખ્લાક તથા આદાબ | 29 |
| 09 | રસૂલે ખુદા ﷺનો ગયબનો ઈલ્મ કિતાબ તથા સુન્નતની રોશનીમાં | 32 |
| 10 | ***(બીજી સદીના મુજદ્દિદ : ૭)*** હઝરત અબૂ અલી હસન બિન ઝિયાદ લૂઅલૂવી رضی اللہ عنہ | 36 |
| 11 | પાંચ નબવી નસીહતો | 39 |
| 12 | કશ્ફુલ મહજૂબ (તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ) | 43 |
| 13 | ઝર્બે હૈદરી | 46 |
| 14 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


**નાઅતે મુસ્તફા ﷺ**

શાઅર : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ

હમારે દર્દે જિગર કી કોઈ દવા ન કરે,
કમી હો ઈશ્કે નબી મેં કભી ખુદા ન કરે
રૂખે નબી સે હય ફિર લાફ ઝિંદગી ગુલ કો
ખુદા કિસી કો બસ ઈત્ના ભી ના-સઝા ન કરે
ઈશારા કર દેં અગર વો કમાને અબરૂ કા
હમારા તીરે દુઆ, ફિર કભી ખતા ન કરે
કદે નબી કે સિવા કુછ હમેં નહીં ભાતા
હમારે આગે કોઈ ઝિક્રે સરોકા ન કરે
હમારે દેખે હૂએ હંય મદીને કે ઝર્રે
સુના દો મહેર કો, અબ દા'વ-એ-ઝિયા ન કરે
નહીં મૈં રોતા હૂં, કુછ યાદે બાગો-ગુલશન મેં,
હમારે રોને પે, ઐ ગુલ, કોઈ હંસા ન કરે
ખિલેગા ગુન્ચ-એ-દિલ, ગુલ કી બાદે સમન સે,
હઝાર બાર અર્ક રેઝિયાં સબા ન કરે
યે દિલ કો ભાયા ગુલ, ઝખ્મ ઈશ્ક કા લિખા
હઝાર ફૂલે ચમન, કસ્દે ઈન્તેહા ન કરે
**'રઝા'**એ નામા સિયાહ કા, કહાં ઠિકાના હય
શફાઅત ઉસ કી જો મેહશર મેં મુસ્તફા ન કરે

# દુરૂદ શરીફની ફઝીલત

## તથા જરૂરી મસાઈલ




દુરૂદ શરીફ અલ્લાહ તઆલા તરફથી નબી કરીમ ﷺનું સમ્માન છે. ઉલમાએ કિરામે اَللّٰهُمَّ صَلِّ عَلٰی سَیِّدِنَا مُحَمَّدٍ (અલ્લાહુમ્મ સ્વલ્લિ અલા સૈયિદિના મુહમ્મદ)નો અર્થ આ પ્રમાણે વર્ણવેલ છે કે, યા રબ ! મુહમ્મદ મુસ્તફા ﷺને અઝમત ફર્માવ. દુનિયામાં તેમનો દીન બુલંદ, તેમની દાવત ગાલિબ અને તેમની શરીઅતને બકા (સલામતી) ઈનાયત કરીને અને આખેરતમાં તેમની શફાઅત કબૂલ ફર્માવીને તેમનો સવાબ અધિક કરીને અવ્વલીન તથા આખરીન પર તેમની ફઝીલતનો ઈઝહાર ફર્માવીને, અંબિયા તથા મુરસલીન તથા મુકર્રબીન ફરિશ્તા અને સર્વ મખ્લૂકવાળાઓ પર તેમની શાન બુલંદ કર.

દુરૂદ શરીફની ઘણી બરકતો અને ઘણી ફઝીલતો હદીષોમાં ઈર્શાદ ફર્માવવામાં આવી છે. દા.ત. હદીષ શરીફમાં છે કે સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું કે જયારે દુરૂદ મોકલનાર મારા પર દુરૂદ મોકલે છે તો ફરિશ્તા તેના માટે મગફિરતની દુઆ કરે છે. મુસ્લિમની હદીષ શરીફમાં છે : જે મારા પર એકવાર દુરૂદ શરીફ મોકલે છે અલ્લાહ તઆલા તેના પર દસવાર દુરૂદ મોકલે છે. તિર્મિઝીની હદીષ શરીફમાં છે : પૂરો બખીલ (કંજૂસ) તે છે જેની સામે મારો ઝિક્ર થાય અને મારા પર દુરૂદ ન મોકલે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰی سَیِّدِنَا مُحَمَّدٍ وَّ آلِهٖ وَاَصْحَابِهٖ وَبَارِکْ وَسَلِّمْ

### ★ દુરૂદ વિશે કેટલાક જરૂરી મસાઈલ ★

**(૧)** હુઝૂર પુરનૂર સૈયદે આલમ ﷺનું નામે પાક વિવિધ જલસાઓ તથા બેઠકોમાં જેટલી વાર લે અથવા સાંભળે તો દરેક વખતે દુરૂદ શરીફ પઢવું વાજિબ છે. જો પઢશે નહીં તો ગુનેહગાર થશે અને સખત સખત ચેતવણીઓમાં સપડાશે. અને જો એક જ જલસામાં કેટલીકવાર નામે પાક લીધું કે સાંભળ્યું તો ઉમ્મતની આસાનીના લીધે દરેક વખતે દુરૂદ વાજિબ નથી. (એના પર ફત્વો છે) પણ યોગ્ય એ જ છે કે દરેક વખતે "સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ" કહેવામાં આવે. કેમ કે એવી ચીજ જેના કરવામાં બિલઈત્તેફાક઼ મોટી મોટી રહમતો બરકતો છે અને ન કરવામાં વિના શંકાએ મહાન ફઝ્લથી મેહરૂમી છે, તો અક્કલવાળાનું કામ નથી કે તેને ત્યજી દે.

**(૨)** આપના તાબા હેઠળ આપનાં આલ તથા અસ્હાબ તથા અન્ય મોમિન પર પણ દુરૂદ મોકલી શકાય છે. એટલે કે દુરૂદ શરીફમાં આપના નામે પાક પછી તેમને સામેલ કરી શકાય છે અને મુસ્તક઼િલ તૌર પર (સેપરેટલી હુઝૂરને છોડીને) એમનામાંથી કોઈના પર દુરૂદ મોકલવું મકરૂહ છે.

**(૩)** દુરૂદ શરીફમાં આલ તથા અસ્હાબનો ઉલ્લેખ મુતવારિષ તથા અહલે ઈસ્લામનો પહેલેથી નિયમ છે. અને એ પણ કહેવામાં આવ્યું છે કે આલના ઉલ્લેખ વિના દુરૂદ મકબૂલ નથી.

**(૪)** સૌ દુરૂદોમાં અફઝલ તે દુરૂદ છે જે સર્વ અમલોથી અફઝલ ઈબાદત એટલે નમાઝમાં મુક઼ર્રર કરવામાં આવેલુ છે. અને બેહતર એ છે કે એક ખાસ સેગાનો પાબંદ ન રહે બલ્કે વિવિધ સમયે વિવિધ

સેગાઓથી દુરૂદ અર્ઝ કરતો રહે જેથી હુઝૂરે કલ્બમાં ફરક ન પડે.

**(૫)** પોતાના **સર્વ સમયોને દુરૂદ શરીફમાં ખર્ચી કાઢવાને માટે ફર્માવ્યું કે એવું કરશે તો અલ્લાહ તારાં સર્વ કામો બનાવી આપશે અને તારા ગુનાહ માફ કરી આપશે.**

**(૬)** દુરૂદ શરીફ રસ્તે ચાલતાં પણ પઢવાની ઈજાઝત છે. હા ! જ્યાં નાપાકી પડી હોય ત્યાં રોકાય જાય. અને બેહતર એ છે કે એક સમય નિશ્ચિત કરીને, એક સંખ્યા નિશ્ચિત કરી લે કે એ રીતે બાવુઝૂ પગોવાળીને અદબભેર બેસીને મદીના તયબહ તરફ મોં કરીને દરરોજ અર્ઝ કરે. જેની સંખ્યા સો વારથી ઓછી ન હોય, વધારે જેટલુ પઢી શકે બેહતર છે. તે ઉપરાંત ઉઠતાં, બેસતાં, ચાલતાં, ફરતાં વુઝૂ કે બેવુઝૂ દરેક હાલતમાં દુરૂદ પઢવાનું ચાલુ રાખે.

**(૭)** દુરૂદ શરીફ અઝાન તથા ઈકામત પહેલાં પઢવામાં વાંધો નથી, પણ દુરૂદ તથા અઝાન અને ઈકામત વચ્ચે ગેપ રાખે, અથવા દુરૂદ શરીફનો અવાજ અઝાન તથા ઈકામતના અવાજ કરતાં એ રીતે જુદો રાખે કે બંનેમાં ફરક રહે, અને અવામને દુરૂદ શરીફ, અઝાન તથા ઈકામતનો કોઈ હિસ્સો છે એવું ન લાગે. દુરૂદને છોડી દેવા માટેનો આગ્રહ કરવો જેમ કે વહાબીઓનો મા'મૂલ છે અસલમાં કોઈ શરઈ કારણ નથી ધરાવતો એ મુસલમાનો પર જુલ્મ તથા ઝિયાદતી છે અને મુસલમાનોમાં ભાગલા પડાવવું છે. *(ફતાવા રઝવિય્યહ વગેરે)*

## ★ દુરૂદ શરીફ લખવા સંબંધી ચેતવણી ★

દુરૂદ શરીફ (પૂરૂ) લખવાને બદલે **સલ્અમ** અથવા **અમ** અથવા **સલ.** અથવા **અલ.** લખવું બેહૂદા તથા મકરૂહ, સખત નાપસંદ, સખત મેહરૂમીનો સબબ અને **નાજાઈઝ** તથા **સખત હરામ** છે. આ બલા સામાન્ય લોકો તો ઠીક પણ આજકાલ મોટા મોટા ઉતાવળીયાઓમાં ફેલાયેલી છે. એનાથી ખૂબ જ સખ્તી સાથે બચવું જોઈએ. જો લખાણમાં હજાર જગાએ હુઝૂરે અક્દસ ﷺનું નામે પાક આવે તો દરેક જગાએ આખુ "સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ" (ﷺ) લખવામાં આવે. કદાપિ **સલ્અમ, સલ. અલ.** વગેરે લખવામાં ન આવે. ઉલમાએ એનાથી સખત મનાઈ કરી છે. એક રજકણ સિયાહી (શાહી) અથવા એક આંગળી જેટલો કાગળ અથવા એક સેકંડનો સમય બચાવવાના માટે કેવી કેવી મહાન બરકતોથી દૂર થતા અને મેહરૂમી તથા બેનસીબીનો શિકાર થતા હોય છે.

અમુક કિતાબોમાં તો એનો ઘણો જ સખત હુકમ લખી દેવામાં આવ્યો છે. ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે **પ્રથમ તે શખ્સ જેણે દુરૂદ શરીફને આ રીતે (સલ. અલ. લખી) ટૂંકાવ્યું તેનો હાથ કાપવામાં આવ્યો.** જાહેર છે કે કલમ પણ એક ઝબાન છે, તો "સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ"ની જગાએ આવા અર્થહીન તથા નિરર્થક શબ્દો લખવા એ એવું છે કે નામે પાકની સાથે દુરૂદ શરીફના બદલે આમ જ અલ્લમ ગલ્લમ લકબ આપવા જેમાં એક પાસાથી કુફ્ર પણ મૌજૂદ છે. બલ્કે જો મઆઝલ્લાહ તેમની શાન ઘટાડવા માટે આવું લખ્યું છે તો કત્અન કુફ્ર છે. એનાથી ઉતરીને સહાબા, અવલિયા તથા ઉલમા رضوان اللہ تعالیٰ علیہم اجمعین વગેરેનાં પાક નામો સાથે **"રદીયલ્લાહુ અલ્હૂ"**ની જગાએ **રદી., કુદ્દેસ સિર્રહૂની** જગાએ **કાફ** અથવા **"રહમતુલ્લાહિ અલૈહ"**ની જગાએ **રહ.** લખવાને ઉલમાએ મકરૂહે તથા મેહરૂમીનો સબબ બતાવ્યો, અને તેને તેમની બેબરકતી તથા બેદોલતી ઠરાવ્યું. (ફતાવા રઝવિય્યહ

વગેરે, બહવાલા કિતાબ મૌતકા સફર પેજ–૩૧,૩૨, અઝ : હઝરત અલ્લામા મુફતી ખલીલખાન કાદરી બરકાતી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ)

## ★ દુરૂદો સલામની ફઝીલતમાં વિવિધ હદીષો ★

છેવટમાં દુરૂદે પાકની ફઝીલતમાં કેટલીક હદીષો વાંચશો જેનાથી દુરૂદે પાક પઢવા માટે અધિક આકર્ષણ પેદા થશે જે આપણી દુનિયા તથા આખેરતની ભલાઈનો સબબ બનશે.

*મુશ્કિલ જો સર પર આ પળી તેરે હી નામસે ટલી*
*મશ્કિલકુશા તેરા હી નામ તુઝ પર દુરૂદ ઔર સલામ*

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : "જેણે મારા પર એકવાર દુરૂદ શરીફ મોકલ્યુ તેના પર અલ્લાહ તઆલા દસ રહમતો નાઝિલ કરે છે, દસ ગુનાહ મિટાવી દે છે, દસ દરજા તેના બુલંદ છે." (તિર્મિઝી, મિશ્કાત) કન્ઝુલ ઉમ્માલમાં છે કે, "જે ઉમ્મતી મારા પર દુરૂદ શરીફ પઢે છે તેના બદલામાં અલ્લાહ તઆલા દસ નેકીઓ લખે છે, અને તેના દસ ગુનાહ મિટાવે છે અને દસ દરજા બુલંદ કરે છે."

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہماથી મરવી છે કે રસૂલૂલ્લાહ ﷺએ આદેશ આપ્યો : "કયામતના દિવસે મારાથી વધુ નજીક તે શખ્સ હશે જે મારા પર વધુ દુરૂદો સલામ પેશ કરતો હશે. (અત્તરગીબ વત્તરહીબ, ૨/૬૬૬, બહવાલા બરકાતે શરીઅત) નબી કરીમ ﷺથી નઝદીકી કોણ ન ચાહે ?! અલ્લાહ દુરૂદની કષરત કરવાની આપણને તૌફીક આપે.

કન્ઝુલ ઉમ્માલમાં હઝરત દયલમીના હવાલાથી નકલ થયેલ છે, જેના રાવી હઝરત અલી رضی اللہ عنہ છે. તે હુઝૂરે અકરમ ﷺથી રિવાયત કરે છે કે અલ્લાહ તઆલાના કેટલાક ખાસ ફરિશ્તા છે જેઓ જુમ્આની રાત તથા દિવસના સમયે નાઝિલ થાય છે અને તેમના હાથોમાં સોનાના કલમ અને ચાંદીની દવાત (ખડીયો) અને કાગળ પણ હોય છે અને તેમનું કામ કેવળ એ છે કે હૂઝૂરે અકરમ ﷺ પર પઢવામાં આવતાં દુરૂદ શરીફ લખતા રહેશે. *(બહવાલા અન્વારે અહમદી, રૂહુલ બયાન, પેજ–૨૦૨)*

મફાખિરુલ ઈસ્લામમાં છે : "જે મારા પર જુમ્આની રાતમાં સો વાર દુરૂદ પઢે તેની સો હાજતો પૂરી થાય, તેમાંથી ૭૦ હાજતો દુનિયવી અને ત્રીસ હાજતો આખેરતની.

*(જઝબુલ કુબૂલ, શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી, પેજ–૨૭૨)*

એક અન્ય હદીષમાં છે કે, "જે શખ્સ જુમ્આના દિવસે એક હજાર વાર આ દુરૂદને પઢે તે જ્યાં સુધી પોતાનું ઠેકાણુ જન્નતમાં ન જોઈ લેશે ત્યાં સુધી દુનિયાથી ખાલી ઉઠાવવામાં નહીં આવે. એ દુરૂદ આ છે :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّ اٰلِهٖ اَلْفَ اَلْفَ مَرَّةٍ અલ્લાહુમ્મ સલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિંવ વ આલિહી અલ્ફ અલ્ફ મર્રા.

પોતાની હાજતો માટે આપણે દર બદર ભટકીએ છીએ પણ અલ્લાહ સમજ તથા તૌફીક આપે તો આ નુસ્ખો સરળ તથા સચોટ છે.

હઝરત ખાલિદ બિન કષીરના તકિયા નીચેથી તેમની રૂહ નીકળતા પહેલાં એક ફાટેલો કાગળ મળ્યો જેમાં લખ્યું હતું : بَرَاءَةٌ مِّنَ النَّارِ لِخَالِدِ بْنِ كَثِيْرٍ એટલે "ખાલિદ બિન કષીરની જહન્નમથી નજાત થઈ ગઈ." તેમનાં ઘરવાળાંઓને પૂછવામાં આવ્યું કે, એ કયો અમલ કરતા હતા જેથી આ કરામત હાંસલ થઈ ? તો ઘરવાળાંએ કહ્યું, તેમનો એ અમલ હતો કે જુમ્આના રોજ હજાર વાર રસૂલે ખુદા ﷺ પર દુરૂદ પઢતા હતા.

*(જઝબુલ કૂલુબ, પેજ–૨૭૩, બહવાલા બરકાતે શરીઅત)*

## ★ કષરતે દુરૂદ (ખૂબ અધિક)ની સંખ્યા કેટલી ? ★

ઈમામ શઅરાની رحمۃ اللہ علیہએ કશ્ફુલ ગમ્મહમાં વર્ણવ્યું છે કે, અમુક ઉલમાએ કિરામે ફર્માવ્યું છે કે હુઝૂર ﷺ પર કષરતથી દુરૂદ પઢવાનો મતલબ દરેક રાતમાં સાતસો વાર અને દિવસમાં સાતસો વાર છે અને એક આલિમે કહ્યું કે, દરરોજ દિવસે ૩૫૦ વાર અને રાતે ૩૫૦ વાર. *(અફઝલતુસ્સલવાત, પેજ–૩૯, ૪૦)*

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! વધુ નહીં તો **દરેક નમાઝ પછી સો વાર પઢો** અને ફક્ત **"સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ"** પઢો તો પણ આ કામ આસાન થઈ જશે.

## ★ બુઝુર્ગાને દીન અને દુરૂદ શરીફની અધિકતા ★

શયખ મુહમ્મદ અબુલ શાઝલી رحمۃ اللہ علیہ મહાન શાનવાળા બુઝુર્ગ છે. આપ દિવસમાં હજારવાર દુરૂદે પઢતા. ઈમામ શઅરાની رحمۃ اللہ علیہએ પોતાની "તબક઼ાત"માં કહ્યું કે આપ બકષરત દુરૂદ પઢયા કરતા હતા. આપ ખૂબ જ પ્રમાણમાં હુઝૂર પુરનૂર ﷺની ઝિયારત કર્યા કરતા હતા. આપે જાગૃતાવસ્થામાં પણ પોતાની આંખો વડે હિ.સ. ૭૨૫માં જામેઅ અઝહર (મિસર)ના મેદાનમાં સરકાર ﷺને જોયા. સરકાર ﷺએ પોતાનો દસ્તે અક઼દસ આપના દિલ પર રાખ્યો એ સર્વ બરકતો પુષ્કળ પ્રમાણમાં દુરૂદ પઢવાના કારણે હતી.

*(સઆદતુદ્દારૈન)*

ઈમામ શઅરાની ફર્માવે છે કે હઝરત નૂરૂદ્દીન શૌક઼ી رحمۃ اللہ علیہ એ બુઝુર્ગોમાંથી છે જેઓ જાગૃતાવસ્થામાં સરકાર ﷺની ઝિયારત કર્યા કરતા હતા. આપ જ્યાં જતા મજલિસે "અસ્સલાતુ અલન્નબી" કાયમ કરતા.

ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ પોતાના જ બારામાં ફર્માવે છે કે મેં જાગૃતાવસ્થામાં ૭૫ વાર સરકાર ﷺની ઝિયારત કરી છે. *(મીઝાને કુબ્રા)*

હઝરત મસ્ઊદ રાઝી رحمۃ اللہ علیہ જે મુલ્કે ફારસના સાલેહીનમાંથી છે. તેમનું કામ એ હતું કે આપ મજૂરોને રોકાવાની જગાએ જતા અને જેટલા મજૂર મળતા તેમને પોતાને ત્યાં બોલાવી લાવતા. એ મજૂરો ધારતા કે કોઈ બાંધકામ વગેરેની મજૂરી કરવાની હશે. પરંતુ હઝરત તેમને બેસાડીને ફર્માવતા : "દુરૂદે પાક પઢો !" અને પોતે પણ સાથે બેસીને પઢતા અને જ્યારે અસર વખતે છૂટ્ટીનો સમય આવતો તો તેમને મજૂરી આપીને વિદાય કરતા. આપને સરકાર ﷺનો જાગૃતાવસ્થામાં દીદાર નસીબ થયો હતો.

*(આબે કૌષર, પેજ–૧૮૬, બરકાતે શરીઅત)*

## ★ દુરૂદોની કિતાબ દલાઈલુલ ખૈરાત અને ઈમામ જઝૂલી رحمۃ اللہ علیہ★

અંતમાં દુરૂદ શરીફની કિતાબ "દલાઈલુલ ખૈરાત" (જેમાં ૭૦૦ દુરૂદ શરીફ છે) તથા તેના લેખક હઝરત ઈમામ જઝૂલી رحمۃ اللہ علیہ વિશે કેટલીક વાતો જાણીએ :

'દલાઈલુલ્ ખય્રાત' શરીફના સંપાદક હઝરત અલ્લામા અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન સુલૈમાન જઝૂલી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ ઘણા મહાન આશિક઼ે રસૂલ હતા. એક દિવસે સફર કરતા કરતા શહેર પાસેના એક ગામમાં પહોંચ્યા તો ઝહોરની નમાઝનો સમય પૂરો થઈ રહ્યો હતો અને વુઝૂના માટે પાણી ન હતું. ખૂબ જ કોશિશો પછી એક કૂવો મળ્યો પણ ડોલ તથા રસ્સી ન હતી. શયખ ખૂબ જ પરેશાન થયા. નજીકમાં જ એક આઠ વરસની છોકરી શયખની આ હાલત જોઈ રહી હતી. બોલી : હે શયખ ! કેમ પરેશાન છો ?! જવાબ આપ્યો કે હું મુહમ્મદ ઈબ્ને સુલૈમાન અલ જઝૂલી છું. ઝોહરનો સમય તંગ છે અને પાણી ઉપલબ્ધ નથી. છોકરીએ કહ્યું, આપ જેવા આલિમ અને આટલી સરખી વાતથી પરેશાન છો ?! ચાલો ! હું પાણી કાઢી આપુ છું. તે કૂવા પાસે ગઈ અને કૂવામાં થૂકી દીધું તો પાણીમાં એકદમ જોશ આવ્યો અને પાણી ઉપર આવીને વહેવા લાગ્યું. શયખ નમાઝથી ફારિગ થઈને તે બાળકીના ઘરે ગયા અને કહ્યું, બેટી ! અલ્લાહ તથા રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَનો વાસ્તો, મને બતાવો કે તમે આ મર્તબે કેવી રીતે પહોંચ્યાં ?! તેણીએ બતાવ્યું કે હું ફલાણા દુરૂદ શરીફનો વિર્દ કરું છું જેનાથી મને આ મર્તબો હાંસલ થયો છે. શયખે તે દુરૂદ શરીફ તેણીથી હાંસલ કર્યું અને તુરત જ દિલમાં એ ખયાલ પેદા થયો કે એક એવી કિતાબ લખુ જે દુરૂદ શરીફના બેહતરીન શબ્દો પર આધારિત હોય અને આ બાળકીનું બતાવેલ દુરૂદ પણ એમાં સામેલ હોય. પછી આપે **"દલાઈલુલ્ ખય્રાત"** લખી (જામેઅ કરામાતે અવલિયા, ૧/૨૭૭) બાળકીએ બતાવેલ દુરૂદ શરીફ આ છે :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَعَلٰى آلِ سَيِّدِنَا مُحَمَّدٍ صَلَاةً
دَائِمَةً مَقْبُولَةً تُؤَدِّي بِهَا عَنَّهَا حَقَّهُ الْعَظِيمُ

"અલ્લાહુમ્મ સ઼લ્લિ અ઼લા સૈયિદિના મુહ઼મ્મદિંવ્ વ અ઼લા આલિ સૈયિદિના મુહ઼મ્મદ. સ઼લાતન્ દાઈમતંમ્ મક઼્બૂલતંન્ તુઅદ્દી બિહા અ઼ન્નહા હક્ક઼હુલ્ અ઼ઝ઼ીમ." દલાઈલુલ્ ખય્રાત શરીફમાં દુઆઓની સાથોસાથ લગભગ ૭૦૦ દુરૂદ શરીફ છે. તંદુરસ્તી, બીમારીઓથી શિફા, શૈતાનોથી હિફાઝત, જાદૂનો ઈલાજ, શાદી વિવાહમાં આસાની, આ દુનિયાથી આલમે બરઝખ, આલમે આખેરત સુધી તમામ મક઼ામો પર આસાની અને જન્નતમાં પ્રવેશ તથા દરજાઓની બુલંદીના દરેકે દરેક મોડ પર દુરૂદ શરીફ કામયાબીનો જામિન છે અને અલ્લાહ તઆલાના કરમથી તેને પઢવાવાળાનો ખાત્મો બિલખૈર (ઈમાન સાથે) થશે. જે ઘરમાં દલાઈલુલ્ ખય્રાતને પઢવામાં આવે છે ત્યાં શૈતાન નથી આવી શકતો. દલાઈલુલ્ ખય્રાત એક એવો ઝરૂખો છે જ્યાંથી મહબ્બતે રસૂલ ﷺનું આપણા દિલમાં પ્રવેશ પામે છે. આ ઝરૂખાએથી મદીનાની ઠંડી હવાઓ આવે છે જે આપણા પૂરા વજૂદને સુકૂન બખ્શે છે. આ તે ખિડકી છે જે આપણી હિફાઝત

કરતાં આપણને અલ્લાહની નિશાનીઓ પણ દેખાડે છે.

અલ્લામા મુહમ્મદ મહદી ફાસી કહે છે : "દલાઈલુલ ખય્રાત"ને અલ્લાહ તઆલાએ બંદાઓના માટે ઘણી જ લાભદાયક કિતાબ બનાવી છે. એની ખ્યાતિ તથા લોકપ્રિયતા સૂરજ તથા ચાંદની જેમ પૂરી દુનિયામાં ફેલાયલી છે. પૂર્વ તથા પશ્ચિમ, શું શહેર, શું વાદીઓ, દરેક જગાએ બરાબર મક઼બૂલ છે. આ કિતાબ થકી લોકોને નૂર તથા બરકત નસીબ થાય છે. *(મુમત્તિઉલ અસ્માઅ્, પેજ–૫૨)*

આ કિતાબની મક઼બૂલિયતનો અંદાઝો એના પરથી લગાડી શકાય છે કે અમુક ખુશનસીબ લોકોને ડાયરેક્ટ હુઝૂર ﷺએ આ કિતાબની ઈજાઝત અર્પણ કરી. *(અલ્અઅ્લામ, ભાગ–૫, પેજ–૮૯)*

શયખ સિદ્દીક઼ ફલાહી જે એક ઉમ્મી બુઝુર્ગ હતા, તેમને દલાઈલુલ ખય્રાત મોઢે (હિફ્ઝ) હતી. તેમને આક઼ા હુઝૂર ﷺએ ખ્વાબમાં દલાઈલુલ ખય્રાત પઢાવી. *(અલ્અ્અલામ, ૫/૧૦૩)*

**મુશ્કેલીઓનો હલ** : શયખ અબૂ હામિદ અરબી અલ્ફારસી ફક઼ીહો તથા હુફ્ફાઝનો કૌલ નકલ કરે છે : "દલાઈલુલ ખય્રાત"ને ૪૦ વાર પઢવી હાજતો પૂરી કરવા, મુશ્કેલીઓ દૂર કરવાના માટે મુજર્રબ (અજમાવાયેલ અમલ) છે. પઢનારાએ જોઈએ કે તે ચાલીસ દિવસોની અંદર અંદર આ વઝીફો સંપૂર્ણ કરી લે, તો **દુરૂદે પાકની બરકતથી તેની હાજત ચાહે ગતે તેવી મોટી કેમ ન હોય પૂરી કરી દેવામાં આવશે.** *(અલ્અઅ્લામ, પેજ–૮૭)*

**૭૦ વરસો પછી શરીર તરોતાઝા રહ્યું !** : ૭૦ વરસો પછી જયારે દલાઈલુલ ખય્રાતના લેખક ઈમામ જઝૂલી رحمۃ اللہ علیہને ક઼બરથી કાઢવામાં આવ્યા તો આપનું શરીર તદ્દન તરો તાઝા હતું જાણે કે આજે દફન કરવામાં આવ્યા હોય. આટલો લાંબો અરસો પસાર થઈ જવા છતાં આપનુ શરીર બગડયું કે સડયું નહીં. આપની દાઢી અને માથાના વાળ એવા હતા જાણે આજે જ નાઈએ આપની હજામત બનાવી હોય. એક શખ્સે આપના ચહેરાને આંગળી વડે દબાવ્યો તો તેના આશ્ચર્યનો પાર ન રહ્યો કે તે જગાએથી લોહી હટી ગયું અને જયારે આંગળી ઉઠાવી તો લોહી ફરી પોતાની જગાએ પરત આવી ગયું, જેવી રીતે જીવતાં સાથે થતુ રહે છે. *(મતાલિઉલ મસર્રાત, પેજ–૩/૪૪, યૂસુફ બિન ઈસ્માઈલ નબહાની, હિ.સ. ૧૩૫૦, જામેઅ કરામાતે અવલિયા, ૧/૨૭૬, બૈરુત)*

**મઝાર પુર અન્વારથી કસ્તૂરીની ખુશ્બુ** : મરાકશમાં આપનું મઝાર લોકોનું શરણ સ્થાન છે. મઝાર પર ઘણા જ રોઅબ તથા જલાલનો માહોલ છે. લોકો ઝિયારતના માટે ટોળે ને ટોળે હાજરી આપે છે અને દલાઈલુલ ખય્રાતનો પુષ્કળ પ્રમાણમાં વિર્દ થાય છે. આપનું આખુ જીવન હુઝૂર ﷺ પર દુરૂદ પઢવામાં, દુરૂદ શરીફ પ્રતિ આકર્ષવામાં અને દુરૂદ શરીફના પ્રચાર તથા પ્રસારમાં ગુજર્યું, દુરૂદ શરીફની બરકતથી આપની ક઼બ્રે અત્હરથી કસ્તૂરીની મહેક આવે છે. *(મતાલિઉલ મસર્રાત : પેજ–૪, જામેઅ કરામાતે અવલિયા, ૧/૨૭૬)*

રબ્બે કરીમ આપણને કષરતથી દુરૂદ પઢવાની તૌફીક આપે. (આમીન)

(**નોંધ** : "દલાઈલુલ ખૈરાત" કિતાબ અરબી, ગુજરાતી લિપિયાંતર, તર્જુમા સાથે અમારે ત્યાં મળશે. સંપર્ક કરો : **Mo. 94274 64411**)



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## 'સૂરએ અઅ્રાફ'ની તફસીર

બોલ્યો, "મને તે દિવસ સુધી મહેતલ આપ કે (જે દિવસે) લોકોને ઉઠાડવામાં આવે" (૧૪) (અમે) ફર્માવ્યું, "તને મહેતલ છે.[૧૪૨] (૧૫) બોલ્યો, "તો સોગંદ તેના કે તેં મને ભટકાવ્યો હું અવશ્ય તારા સીધા માર્ગ પર તેમની તાકમાં બેસીશ[૧૪૩] જરૂર તેમની પાસે આવીશ, તેમની આગળ, પાછળ, જમણી અને ડાબી બાજુથી.[૧૪૪] અને તું તેમનામાંથી વધુને શુક્ર ગુજાર નહીં પામે.[૧૪૫] (૧૭) (ખુદાએ) ફર્માવ્યું, અહીંથી નીકળી જા! ધુતકારેલ! બરતરફ થએલ! અવશ્ય જે તેમનામાંથી તારા કહેલા પર ચાલ્યો, (તો) હું તમારા બધાંથી જહન્નમ ભરી દઈશ[૧૪૬] (૧૮) અને હે આદમ! તું અને તારૂં જોડું[૧૪૭] જન્નતમાં રહો, તો એમાંથી જ્યાં ઈચ્છો ત્યાં ખાઓ, અને પેલા ઝાડ પાસે ન જશો, કે હદ ઓળંગનારાઓમાં થઈ જશો" (૧૯) પછી શયતાને તેમના જીવમાં વસવસો નાખ્યો, કે (જેથી) ખોલી નાખે તેમની શરમની વસ્તુઓ,[૧૪૮] જે તેમનાથી છુપી હતી.[૧૪૯] અને બોલ્યો, "તમને તમારા રબે આ ઝાડથી એટલા માટે મનાઈ કરી છે કે ક્યાંક તમે બન્ને ફરિશ્તા બની જાવ, અથવા હમેશાં જીવનાર[૧૫૦] (૨૦) અને તેમની પાસે કસમ ખાધા કે "હું તમારા બન્નેનો હિતેચ્છુ છું" (૨૧) તો ઉતારી લાવ્યો

**આ સૂરહમાં ૨૦૬ આયતો અને ૨૪ રુકૂઅ છે.**

قَالَ اَنْظِرْنِیْۤ اِلٰی یَوْمِ یُبْعَثُوْنَ﴿۱۴﴾ قَالَ اِنَّكَ مِنَ الْمُنْظَرِیْنَ﴿۱۵﴾
قَالَ فَبِمَاۤ اَغْوَیْتَنِیْ لَاَقْعُدَنَّ لَهُمْ صِرَاطَكَ الْمُسْتَقِیْمَ﴿۱۶﴾ ثُمَّ
لَاٰتِیَنَّهُمْ مِّنْۢ بَیْنِ اَیْدِیْهِمْ وَ مِنْ خَلْفِهِمْ وَ عَنْ اَیْمَانِهِمْ وَ
عَنْ شَمَآىِٕلِهِمْؕ وَ لَا تَجِدُ اَكْثَرَهُمْ شٰكِرِیْنَ﴿۱۷﴾ قَالَ اخْرُجْ
مِنْهَا مَذْءُوْمًا مَّدْحُوْرًاؕ لَمَنْ تَبِعَكَ مِنْهُمْ لَاَمْلَــٴَنَّ جَهَنَّمَ
مِنْكُمْ اَجْمَعِیْنَ﴿۱۸﴾ وَ یٰۤاٰدَمُ اسْكُنْ اَنْتَ وَ زَوْجُكَ الْجَنَّةَ فَكُلَا
مِنْ حَیْثُ شِئْتُمَا وَ لَا تَقْرَبَا هٰذِهِ الشَّجَرَةَ فَتَكُوْنَا مِنَ
الظّٰلِمِیْنَ﴿۱۹﴾ فَوَسْوَسَ لَهُمَا الشَّیْطٰنُ لِیُبْدِیَ لَهُمَا مَاوٗرِیَ
عَنْهُمَا مِنْ سَوْاٰتِهِمَا وَ قَالَ مَا نَهٰىكُمَا رَبُّكُمَا عَنْ هٰذِهِ
الشَّجَرَةِ اِلَّاۤ اَنْ تَكُوْنَا مَلَكَیْنِ اَوْ تَكُوْنَا مِنَ الْخٰلِدِیْنَ﴿۲۰﴾ وَ
قَاسَمَهُمَاۤ اِنِّیْ لَكُمَا لَمِنَ النّٰصِحِیْنَ﴿۲۱﴾ فَدَلّٰىهُمَا بِغُرُوْرٍۚ فَلَمَّا
ذَاقَا الشَّجَرَةَ بَدَتْ لَهُمَا سَوْاٰتُهُمَا وَ طَفِقَا یَخْصِفٰنِ عَلَیْهِمَا
مِنْ وَّرَقِ الْجَنَّةِؕ وَ نَادٰىهُمَا رَبُّهُمَاۤ اَلَمْ اَنْهَكُمَا عَنْ تِلْكُمَا
الشَّجَرَةِ وَ اَقُلْ لَّكُمَاۤ اِنَّ الشَّیْطٰنَ لَكُمَا عَدُوٌّ مُّبِیْنٌ﴿۲۲﴾ قَالَا
رَبَّنَا ظَلَمْنَاۤ اَنْفُسَنَاٚ وَ اِنْ لَّمْ تَغْفِرْ لَنَا وَ تَرْحَمْنَا لَنَكُوْنَنَّ
مِنَ الْخٰسِرِیْنَ﴿۲۳﴾ قَالَ اهْبِطُوْا بَعْضُكُمْ لِبَعْضٍ عَدُوٌّۚ وَ لَكُمْ
فِی الْاَرْضِ مُسْتَقَرٌّ وَّ مَتَاعٌ اِلٰی حِیْنٍ﴿۲۴﴾ قَالَ فِیْهَا تَحْیَوْنَ وَ
فِیْهَا تَمُوْتُوْنَ وَ مِنْهَا تُخْرَجُوْنَ﴿۲۵﴾

*તેમને દગાથી.[૧૫૧] પછી જ્યારે તેમણે પેલું ઝાડ ચાખ્યું તેમના પર તેમની શરમની વસ્તુઓ ઉઘડી ગઈ.[૧૫૨] અને પોતાના શરીર પર જન્નતના પાંદડાં ચોંટાડવા માંડયાં, અને તેમને તેમના પરવરદીગારે કહ્યું, "શું મેં તમને આ ઝાડથી મનાઈ ન કરી ? અને ન કહ્યું હતું કે શયતાન તમારો ઉઘાડો દુશ્મન છે ?" (૨૨) બન્નેએ વિનંતી કરી, "હે અમારા પરવરદિગાર ! અમે અમારું જાતે જ બુરુ કર્યું, તો જો તું અમને માફ નહીં કરે, અને અમારા પર દયા નહીં કરે, તો અમે જરૂર નુકશાનવાળાઓમાં થયાં (૨૩) ફર્માવ્યું, "ઉતરો ![૧૫૩] તમારામાં એક બીજાનો દુશ્મન છે. અને તમારે પૃથ્વીમાં એક સમય સુધી રોકાવાનું અને વાપરવાનું" (૨૪) ફરમાવ્યું, "તેમાં જ જીવશો, અને તેમાં જ મરશો અને તેમાંથી જ ઉઠાડવામાં આવશો[૧૫૪] (૨૫)*

## :: સમજૂતી ::

**૧૪૨** : અને એ મોહલતની મુદ્દત સૂરએ હજરમાં વર્ણવવામાં આવી છે, إِنَّكَ مِنَ الْمُنظَرِينَ إِلَىٰ يَوْمِ الْوَقْتِ الْمَعْلُومِ (તને નક્કી થયેલા સમય સુધી મહેતલ છે) અને તે સમય પહેલું સૂર ફૂંકવાનો સમય છે. શૈતાને મુડદાઓ જીવતા થતાં સુધીની મહેતલ માગી હતી, કે જેથી મૃત્યુની તકલીફથી બચી જાય, પણ તે સ્વીકાર્યું નહીં, અને પ્રથમ સૂર સુધીની મહેતલ આપવામાં આવી.

**૧૪૩** : કે આદમની ઔલાદના દિલોમાં વસવસા નાખું, અને તેમને અસત્ય તરફ નમાવું, ગુનાહોનો શોખ અપાવું, તારી ઈબાદત અને ફર્માંબરદારીથી રોકું, અને ગુમરાહીમાં નાખુ.

**૧૪૪** : અર્થાત ચારે બાજુથી ઘેરીને તેમને સીધા માર્ગથી રોકીશ.

**૧૪૫** : શૈતાન આદમના વંશજોને ગુમરાહ કરવામાં અને તેમને વાસનાઓ અને બુરાઈઓમાં ફસાવવામાં પોતાના છેલ્લા દરજ્જાની કોશિશ કરવાનો મક્કમ નિર્ધાર કરી ચૂક્યો હતો, તેથી તેને ગુમાન હતું કે તે આદમની ઔલાદને બહેકાવી કાઢશે, અને તેમને ધોકો આપીને અલ્લાહની નેઅમતોનો આભાર માનવાથી અને તેની ફર્માંબરદારીથી રોકી લેશે.

**૧૪૬** : તને પણ, અને તારા લાવલશકરને પણ, અને તારું કહ્યું માનનારા માનવીઓને પણ, બધાંયને જહન્નમમાં દાખલ કરવામાં આવશે. શૈતાનને જન્નતમાંથી કાઢી મૂક્યા પછી હઝરત આદમને સંબોધન કર્યું, જે આગળ આવે છે.

**૧૪૭** : એટલે કે હઝરત હવ્વા.

**૧૪૮** : અર્થાત એવો વસવસો નાખ્યો કે જેનું પરિણામ એ આવે કે તે બંને અંદરોઅંદર એકબીજાના સામે નગ્ન થઈ જાય. આ આયતથી એ મસ્અલો સાબિત થયો કે શરીરોના ભાગ જેને સતરે ઔરત કહે છે, તેને સંતાડવું જરૂરી અને ખોલવું મના છે. અને એ પણ સાબિત થયું કે એને ઉઘાડવું કાયમથી જ બુદ્ધિની દૃષ્ટિએ ખરાબ અને પ્રકૃતિને બિન અનુરૂપ રહ્યું છે.

**૧૪૯** : આથી સાબિત થયું કે બંનેએ ત્યાં સુધી એકબીજાની સતર જોઈ ન હતી.

**૧૫૦** : કે જન્નતમાં રહો, અને કદી મરી ન શકો.

**૧૫૧** : અર્થ એ છે કે શૈતાન મરદૂદે જૂઠી કસમ ખાઈને આદમ علیہ السلام ને છેતર્યા. અને **સર્વ પ્રથમ જૂઠી કસમ ખાનાર ઈબ્લીસ જ છે.** હઝરત આદમ علیہ السلام વિચારી પણ ન શકતા હતા કે કોઈ અલ્લાહના સોગંદ ખાઈને જૂઠુ બોલી શકે છે ! તેથી તેમણે તેમની વાત પર વિશ્વાસ મૂક્યો.

**૧૫૨** : અને જન્નતી પોશાક શરીર પરથી અલગ થઈ ગયા, અને પરસ્પર પોતાનાં શરીર સંતાડી શક્યાં નહીં. તે સમય સુધી તેમાંથી કોઈએ જાતે પણ પોતાની સતર જોઈ ન હતી, ન તો એની જરૂરત ઊભી થઈ હતી.

**૧૫૩** : હે આદમ અને હવ્વા ! તમારા વંશ સહિત, જે તમારામાં છે.

**૧૫૪** : કયામતના દિવસે હિસાબ માટે.

# દર્સે હદીષે પાક એટલે

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

## باب مالایجوز من العمل فی الصلوۃ وما یباح منہ

## બાબો માલાયજૂઝુ મિનલ અમલિ ફીસ્સલાતિ વમા યુબાહુ મિન્હૂ

## નમાઝમાં કયા કામો નાજાઈઝ અને કયા મુબાહ છે ?

### (વિભાગ : ૧) الفصل الاول

**૧.** નમાઝમાં અમુક કામો કરવાનાં છે અને અમુક કામો નથી કરવાનાં. કરવાવાળાં અમુક ફર્ઝ છે જેના વિના નમાઝ તદ્દન થતી જ નથી. અમુક વાજિબ છે કે જેના ભૂલથી રહી જવાથી સજદો વાજિબ થાય છે. અમુક સુન્નત છે અમુક મુબાહ. ન કરવાવાળાં કામો અમુક મકરૂહે તન્ઝીહી છે, અમુક મકરૂહે તહરીમી છે, અમુક હરામ છે. આ પ્રકરણમાં એમનું જ વર્ણન છે.

*"હઝરત મુઆવિયહ ઈબ્ને હકમ رضی اللہ عنہ થી[1] રિવાયત છે ફર્માવે છે કે હું રસૂલુલ્લાહ ﷺ ની સાથે નમાઝ પઢી રહ્યો હતો એવામાં કૌમમાંથી એક શખ્સે છીંક ખાધી. મેં કહ્યું, અલ્લાહ તમારા પર રહમ કરે[2] મને લોકોએ તેજ નિગાહો વડે જોયો, તો મેં કહ્યું, હાય મારી માનુ રડવું ![3] તમને શું થયું કે મને જુઓ છો ?[4] તો તેઓ જાંગો પર હાથ મારવા લાગ્યા[5]. જ્યારે મેં જોયું કે મને ખામોશ કરી રહ્યા છે[6] જ્યારે રસૂલુલ્લાહ ﷺ એ નમાઝ પઢી લીધી તો* ***મારાં માબાપ તેમના પર નિછાવર ! મેં આવો સારો શીખવાડનારો મોઅલ્લિમ ન આપનાથી પહેલાં જોયો ન બાદમાં. ખુદાની કસમ ! ન મને ધમકાવ્યો ન બુરુ કહ્યું કે ફર્માવ્યું કે આ નમાઝોમાં માનવી વાતચીત યોગ્ય નથી, કેવળ તસ્બીહ, તકબીર અને તિલાવત કુર્આન છે[7].*** *આ જેવું રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું[8] મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારો જમાનો જાહિલિયતથી નજીક છે. અલ્લાહે અમને ઈસ્લામ આપ્યો. અને અમારામાં અમુક લોકો ભવિષ્ય ભાખનારાઓ પાસે જાય છે. ફર્માવ્યું, તમે ત્યાં ન જાવ[10] મેં કહ્યું કે અમારામાંથી અમુક પક્ષીઓ ઉડાડે. ફર્માવ્યું, આ એવી વાત છે જેને તેઓ પોતાના દિલોમાં પામે છે. તેમને એ કામથી રોકવામાં ન આવે[11] ફર્માવે છે, મેં અર્ઝ કરી, અમારામાં અમુક રેખાઓ ખેંચે છે. ફર્માવ્યું, એક પયગંબર રેખાઓ ખેંચતા હતા. જેમની રેખા એમના પ્રમાણે હશે તો દુરુસ્ત છે[12]. (મુસ્લિમ) એમનો કૌલ سکت મેં સહીહ મુસ્લિમમાં એ જ પ્રમાણે પામ્યો અને હુમૈદીની કિતાબમાં છે કે જામેઅ ઉસૂલમાં لکنی ની ઉપર کذا થી સહીહ કહ્યો[13]."*

**૧.** આપ સહાબી છે. કબીલા બની સુલૈમથી છે. મદીનાવાસીઓમાં આપની ગણના થાય છે. મિર્કાતે ફર્માવ્યું કે આપથી કેવળ આ જ હદીષ રિવાયત પામેલી છે. હિ.સ. ૧૭માં વફાત પામ્યા.

**૨.** એટલે કે છીંકનારાને જવાબ આપવાની નિય્યતથી મેં આ પ્રમાણે કહ્યું. જો કે એ જવાબ આપવામાં આવે છે જ્યારે છીંકનારો કહે, અલ્હમ્દુલિલ્લાહ ! અહીં છીંકનારાએ અલ્હમ્દુલિલ્લાહ નથી કહ્યું છતાં તેમણે એ પ્રમાણે કહ્યું.

**૩.** અરબસ્તાનમાં આ શબ્દ આશ્ચર્ય પર બોલવામાં આવે છે. તેનો અર્થ એ છે કે મરી ગયો અને મારી મા મને રડી રહી છે. એટલે કે મેં એવું કયુ કામ કર્યું જે એના રડવાનો સબબ બન્યો.

**૪.** પહેલાં તો ઈસ્લામમાં નમાઝની હાલતમાં સલામ કલામ પણ કરવામાં આવતી હતી. અને ઈમામ પાછળ ક઼િરાઅત પણ. وَقُومُوالِلّٰهِ قٰنِتِيْنَ થી વાતચીત તથા સલામ બંધ થઈ. અને وَاِذَا قُرِئَ الْقُرْاٰنُ" الخ થી ઈમામની પાછળ ક઼િરાઅત મના થઈ. નમાઝમાં વાતચીત બંધ થઈ ચૂકી હતી એમને એ ખબર ન હતી, એટલા માટે એમણે આ વાતચીત કરી.

**૫.** એટલે કે તેમને વાતથી રોકવા માટે સહાબાએ પોતાનો એક હાથ એક એકવાર જાંગ પર માર્યો. જો બંનેવ હાથ મારતા અથવા સતત ત્રણવાર મારતા તો તેમની પોતાની નમાઝ જતી રહેતી, કેમ કે અમલે કષીર ત્રણવાર નમાઝ ફાસિદ કરી દે છે. અમલે ક઼લીલ પણ જો સતત ત્રણવાર કરવામાં આવે તો કષીર બની જાય છે અને નમાઝ ફાસિદ કરી દે છે. આ હદીષથી જાણવા મળ્યું કે નમાઝમાં જરૂરત પૂરતુ ત્રાંસી આંખે ડાબે જમણે જોવું અને અમલે ક઼લીલ પણ જાઈઝ છે.

**૬.** એટલે કે મને ગુસ્સો તો ઘણો જ આવ્યો અને મેં ચાહ્યું કે કાંઈક અધિક કહું પણ એ બુઝુર્ગોનો અદબ તથા એહતેરામ કરતાં હું ખામોશ રહ્યો.

**૭.** لَمَّا الخ فَوَاللّٰهِ નો જવાબ છે અને એનાથી પાછલુ વાકય વાંધાજનક હતું. كهر અને قهر સમાનઅર્થી છે. જેમ કે એક ક઼િરાઅતમાં છે : فَاَمَّا الْيَتِيْمَ فَلَا تَكْهَرْ એટલે કે સરકાર ﷺએ **એ ગલતીના કારણે મારા પર કોઈ પ્રકારની સખ્તી ન કરી, ખૂબ જ નમ્રતાપૂર્વક મસ્અલો બતાવી આપ્યો.**

**૮.** એટલે કે તમારું يَرْحَمُكَ اللّٰهُ કહેવું માનવી કલામ છે એનાથી નમાઝ જતી રહે છે. હવે પછી એવું ન કહેશો. નમાઝમાં કેવળ આ વર્ણવેલ ચીજો, ફક઼ીહો ફર્માવે છે કે જો નમાઝી જવાબની નિય્યતથી કુર્આન શરીફની આયત જ પઢી દે તો તે માનવી કલામ થશે અને નમાઝ ફાસિદ કરી દેશે. જેમ કે ખુશીની ખબર પર اَلْحَمْدُ لِلّٰهِ અને ગમના સમાચાર મળતાં اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ પઢવું.

**૯.** એટલે કે મને હુઝૂર ﷺના શબ્દોમાં શક છે, એ જ હતા કે અન્ય. અલ્બત્ત મઝમૂન (વિષય) આ જ હતો. યાદ રાખશો કે હુઝૂર ﷺએ તેમને નમાઝ દોહરાવવાનો હુકમ ન આપ્યો. એટલા માટે કે તેમને આ આયતના ઉતરવાની ખબર ન હતી. અને હજી એ ક઼ાનૂન ફેલાયો ન હતો. ક઼ાનૂનની ખ્યાતિથી પહેલાં એના હુકમો લાગુ નથી થતા. હવે જો કોઈ નમાઝી અજાણપણે એવું કરશે તો નમાઝ દોહરાવવી વાજિબ થશે, કેમ કે હવે એ ક઼ાનૂન મશહૂર થઈ ચૂક્યો. અજાણપણુ એ મજબૂરી (ઉઝ્ર) નથી. જેથી આ હદીષ સવાદે આ'ઝમની વિરુદ્ધ નથી. ઈમામ શાફઈ તથા અબૂ યૂસુફ આ હદીષના આધારે ફર્માવે છે કે નમાઝમાં છીંકનો જવાબ આપવો હરામ છે, પરંતુ એનાથી નમાઝ ફાસિદ થશે નહીં.

**૧૦.** હુઝૂર ﷺને મહેરબાન જોઈને દીની મસાઈલ પૂછવા શરૂ કરી દીધા. કાહિન (જયોતિષ) તે લોકો હોય છે જેમને શૈતાનોથી સંબંધ હોય છે. ઈલ્મે ગયબનો દાવો કરે છે અને ભાવિની જૂઠી સાચી ખબરો આપે છે. જેમ કે આજકાલ પંડિત તથા જોગીઓ. અર્રાફ તે કહેવાય છે જેઓ છુપી ચીજો, ચોરીના માલનો પતો બતાવે છે. જ્યોતિષો (કાહિનો)થી છુપી ચીજો પૂછવી ગુનાહે કબીરા છે બલ્કે કુફ્રની નજીક છે. એની ચર્ચા ઈન્શા

અલ્લાહ ! ''બાબુલ કહાનત''માં આવશે.

**૧૧.** કાફિરોના અરબસ્તાનમાં ફાલના ઘણા બધા તરીકા હતા. એમાંથી એક, પક્ષીને ઉડાડવાનું હતું કે જો કોઈ કામ માટે ચાલે અને રસ્તામાં કોઈ પક્ષી બેઠેલુ મળ્યુ તેને ઉડાડયું. જો જમણી બાજુ ઉડયું તો સમજે કામયાબી છે, અને જો સીધુ ઉડે તો સમજે કામયાબીમાં વાર છે, અને જો ડાબી તરફ ઉડયું તો નિષ્ફળતાનું યકીન કરીને પરત થઈ જાય. હુઝૂર ﷺ ફર્માવી રહ્યા છે કે **આ તેમના નફસાની વસવસાઓ છે.** રબ પર તવક્કુલ (ભરોસો) જોઈએ, અને આવા વહેમોનાં કારણે કામ છોડવું ન જોઈએ. ફાલની ચર્ચા ઈન્શા અલ્લાહ ! ''બાબુલ ફાલ''માં આવશે.

**૧૨.** રેખાઓ ખેંચવાથી મુરાદ રમલ છે જેમાં રેખાઓ વડે ગયબી વાત માલૂમ કરવામાં આવે છે, જેમ કે ઈલ્મે જફરમાં અદદો (સંખ્યા)થી. ઈલ્મે રમલ હઝરત દાન્યલનો મો'જિઝો હતો અને ઈલ્મે જફર હઝરત ઈદરીસ علیہ السلام નો. જેમનો એ બુઝુર્ગોની રેખાઓ તથા સંખ્યાઓથી મુનાસિબત હશે તેનું દુરુસ્ત થશે, નહીં તો ગલત થશે. અમુક ઉલમાએ આ હદીષથી દલીલ પકડી કે રમલ તથા જફરનો અમલ જાઈઝ છે, પણ કમાલ વિના એના પર ભરોસો નથી કરી શકતા.

**૧૩.** એટલે કે મેં لکنی سمعتٗ ને સહીહ મુસ્લિમમાં જોયું અને જામેઅ ઉસૂલમાં لکنی પર શબ્દ کذا લખ્યો છે જે એની સોહબતની નિશાની છે. કેમ કે તે સહીહ પર શબ્દ کذا લખી દીધા કરતા હતા.

*''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે અમે નબી કરીમ ﷺને જ્યારે કે એ નમાઝમાં હોતા સલામ કરતા હતા. આપ અમને જવાબ આપતા હતા[૧]. જ્યારે અમે નજાશીની પાસે પરત થયા[૨]. તો અમે આપને સલામ કરી, આપે અમારો જવાબ ન આપ્યો. અમે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમે આપને નમાઝમાં સલામ કરતા હતા અને આપ જવાબ આપતા હતા. ફર્માવ્યું, નમાઝમાં મશગૂલિયત છે[૩].'' (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે હિજરતથી પહેલાં નમાઝમાં વાતચીત સલામ સૌ જાઈઝ હતું, એન આધારે હુઝૂર ﷺ નમાઝની હાલતમાં સલામનો જવાબ આપતા હતા. તે હઝરાતના હબ્શા ગયા બાદ વાતચીત મન્સૂખ થઈ. યાદ રાખશો કે સૂરએ બકરહમાં છે. સૂરએ બકરહ મદની છે. જેથી વાતચીતનું મન્સૂખ થવું (નસ્ખ) હિજરત બાદ થયું.

**૨.** નજાશી એ હબ્શાના બાદશાહનો લકબ હતો, જેમ કે મિસરના બાદશાહનો લકબ ફિરઔન હતો. હુઝૂર ﷺના જમાનાના નજાશીનું નામ અસ્હમા હતું. તેણે મઝલૂમ સહાબીઓને પોતાના દેશમાં અમ્ન આપ્યો. અને એમના જ થકી હુઝૂર ﷺ પર ગાઈબાના ઈમાન લાવ્યો અને તેમના જ થકી હુઝૂર ﷺની બારગાહમાં ઘણા બધા તોહફા મોકલ્યા. હઝરત ઉમ્મે હબીબા બિન્તે અબૂ સુફિયાન જે ઈમાન લાવીને હબ્શા હિજરત કરી ગયાં હતાં, અસ્હમાએ જ તેમના ગાઈબાના નિકાહ હુઝૂર ﷺ સાથે કર્યા. જ્યારે હુઝૂર ﷺ મદીનાપાક તશરીફ લાવ્યા તો હબ્શાના મુહાજિર સહાબા મદીના મુનવ્વરામાં આવી ગયા. એ બુઝુર્ગોને ''સાહિબે હિજરતૈન'' કહે છે. એ જ અસ્હમા તથા તેમના સાથીઓનું વર્ણન કુર્આને કરીમ ઘણી જ શાન સાથે કર્યું છે : وَاِذَا سَمِعُوْا مَآ اُنْزِلَ اِلَى الرَّسُوْلِ ''અને જ્યારે સાંભળે છે તે જ રસૂલની તરફ ઉતર્યું.'' (૫/૮૩, કન્ઝુલ ઈમાન) નજાશીનો ઈન્તેકાલ હિ.સ. ૯ ફતહે મક્કાથી પહેલાં હબ્શામાં થયો. જિબ્રઈલે અમીને તેમની લાશ હુઝૂર ﷺની સામે કરી દીધી. હુઝૂર ﷺએ ગાઈબાના નમાઝે જનાઝા પઢી ઘણા અરસા સુધી તેમની કબરથી અન્વાર નીકળતા હતા જેનાથી રાતમાં પૂરૂ જંગલ જગમગી જતુ હતું. (رضی اللہ عنہ)

**૩.** એટલે કે હવે નમાઝને મુનાજાત, અબૂદિયત અને ઈસ્તેગરાકથી ઘેરી દેવામાં આવી, એમાં ન કલામ છે ન સલામ. ફકીહો ફર્માવે છે કે નમાઝી ઈશારાથી પણ સલામનો જવાબ નથી આપી શકતો.

# શરહે હદાઈકે બખ્શિશ ભાગ-૨

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

## (નઅત શરીફ઼ : ૭૭)

**જબ કે પૈદા શહે ઈન્સો જાં હો ગયા–દૂર કા'બાસે લૌષે બુતાં હો ગયા**

*(શહ = બાદશાહ. ઈન્સો જાં = માનવ તથા જિન્નાત. લૌષે બુતાં = મૂર્તિઓની નાપાકી)*

**અર્થાત :** માણસો તથા જિન્નાતોના આક઼ા ! હઝરત મુહમ્મદ મુસ્તફ઼ા ﷺ જ્યારે પેદા થયા તો કા'બા દરેક પ્રકારની મૂર્તિઓની નાપાકીથી પાક થઈ ગયો. સર્વ મૂર્તિઓ થરથરીને ગબડી ગઈ અને કા'બા જે મૂર્તિઓનું ઘર બની ગયું હતું તે બયતુલ્લાહ શરીફ઼ બની ગયું.

*જબ મુહમ્મદ મુસ્તફ઼ાને રખા કા'બેમેં ક઼દમ–સરકે બલ ગિરકર બુતોંને લાઈલાહ કહ દિયા*

**દિલ મકાને શહે અર્શિયાં હો ગયા–લામકાં લામકાં લામકાં હો ગયા**

*(અર્શિયાં = અર્શવાળા)*

**અર્થાત :** અર્શવાળાઓ (ફ઼રિશ્તાઓ)ના બાદશાહ (હ઼ૂઝૂર ﷺની) યાદ જ્યારે દિલમાં વસીગઈ તો બેશક ! દિલ લા મકાંનો મન્ઝર પેશ કરવા લાગ્યું. જેથી દિલમાં મુસ્તફ઼ા ﷺની યાદ વસાવી લો કે જેથી દરેક ગમથી નજાત પામી જાવ.

*મુહમ્મદ ﷺ હી સુરૂયે સરમદી હૈ – મુહમ્મદ ﷺ કે લિયે હર બરતરી હૈ*
*મુહમ્મદ ﷺ હી મુહમ્મદ ﷺ વિર્દે નક઼વી – મેરી નિસ્બત મુહમ્મદ ﷺ સે ક઼વી હૈ*

**સર ફ઼િદાએ રહે જાને જાં હો ગયા–ગુલિસ્તાને મજમા બુલબુલાં હો ગયા**

*(રહ =માર્ગ. જાને જાં = રૂહની જાન)*

**અર્થાત :** જાને જાં હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺના માર્ગની ધૂળ પર જે કુર્બાન થઈ ગયો તે દરેક પરીક્ષામાં કામયાબ થઈ ગયો. અને તે જ માથુ એમના પર ફ઼િદા થશે જેમાં તેમની ઈતાઅત તથા મહોબ્બતનો જઝબો સક્રિય હશે. **જે તેમની સીરત તથા ઈતાઅત (આજ્ઞાપાલન)થી મોં ફેરવે અને પછી મહોબ્બતનો દાવો કરે તે આ સઆદત (નેક નસીબી)થી મેહરૂમ છે અને પોતાના ગુલામીએ રસૂલના દાવામાં જૂઠો છે.** قُلْ اِنْ كُنْتُمْ تُحِبُّوْنَ اللّٰهَ فَاتَّبِعُوْنِیْ یُحْبِبْكُمُ اللّٰهُ *(સૂ. આલે ઈમરાન, ૩/૩૧)*

*સીરતસે ઉન્કી દીનકી ફૈલી હૈ રોશની–મીનાર રોશનીકા હૈ સીરત હુઝૂરકી ﷺ*
*'બાબર' ઉસીકો ખુલ્દ મિલેગી યકીન હૈ–અપનાઈ જિસને દોસ્તો સુન્નત હુઝૂર કી ﷺ*

**ઉન્કે જલ્વેકા જમે દિલ બયાં હો ગયા–ગુલિસ્તાન મજમએ બુલબુલાં હો ગયા**

*(જમ = છીપલુ જેમાં મોતી બને છે. અથવા જમે દિલને બદલે જસ્દમ છે. બયાં = જાહેર)*

**અર્થાત :** જેવી રીતે છીપમાં ટીપુ મોતી બની જાય છે એ જ રીતે જે દિલમાં એમની મહોબ્બતના દરિયાથી ટીપુ આવી ગયું અને આપની ઈતાઅત (આજ્ઞાપાલન) કરતાં કરતાં મોતી બનીને દિલ જલ્વાગાહે મુસ્તફા ﷺ બની ગયું, તો એ દિલ બુલબુલોના ઈજતેમા માટે બાગ બની ગયું, નહીં તો ખાલી દિલ જે એક લોથળો છે તે તો દરેક જણની અંદર મૌજૂદ છે. અસલ વાત તો આપ ﷺની સીરત તથા કિરદાર અપનાવવાની છે.

*હોતે સીરતસે હૈં મર્દાને દિલાવર મુમતાઝ–વરના સૂરતમેં તો કુછ કમ નહીં શહબાઝસે ચીલ*

**થા બુર્રાકે નબી, કે નૂરે નઝર–યહ ગયા, વો ગયા, વો નિહાં હો ગયા**

*(નિહાં = છુપુ)*

**અર્થાત :** શબે મેઅરાજ નૂરવાળા આકાની નૂરાની સવારી (બુર્રાક) એટલી તેજ ગતિથી ગઈ કે જેવી રીતે નજર એક ક્ષણમાં જમીનથી આસ્માનનું અંતર પાર કરી લે છે. નૂરવાળા ફરિશ્તા પણ જોતા જ રહી ગયા કે બુર્રાક આ ગયો, તે ગયો, એ જુઓ નજરો ઓજલ થઈ ગયો ! અને જે જે બાજુથી સવારી પસાર થતી ગઈ કારકૂનાને કઝા વ કદર આ એલાન કરતા ગયા :–

*અરે મસ્તો ! સંભલ બૈઠો ઝરા હોશ્યાર હો જાઓ–બગલમેં બિજલિયાં લેકર મેરા સાલાર આયા હૈ*

**હક્કે શફાઅતસે તેરી ગુનેહગારોં પર–મહરબાં હો ગયા, મહરબાં હો ગયા**

**અર્થાત :** હે પોતાની ગુનેહગાર ઉમ્મતની શફાઅત કરનાર આકા ! ﷺ આપની શફાઅતના કારણે અલ્લાહ તઆલા આપના ગુનેહગાર ઉમ્મતીઓ પર એવો મહેરબાન થયો છે કે જેને વર્ણન નથી કરી શકાતું.

**ગુલશને તયબહમેં તાઈરે સિદરા કા–આશિયાં આશિયાં આશિયાં હો ગયા**

*(તાઈર = પક્ષી)*

**અર્થાત :** હે મારા આકા ! ﷺ આપની બારગાહના પાક નઝારા જિબ્રઈલે અમીનને એટલા પ્રમાણમાં પસંદ આવ્યા કે તેમણે પણ આપની બારગાહને પોતાનું કાયમી રહેઠાણ બનાવી લીધુ કે બાકી નબીઓની પાસે બે બે ચાર ચાર મર્તબા આવ્યા અને આપની પાસે જે વીસ હજાર વાર આવ્યા.

*બે લિકાએ યાર ઉન્કો ચૈન આ જાતા અગર = બાર બાર આતે ન યૂં જિબ્રીલ સિદરા છોળકર (હસન રઝા)*

**યા નબી લો ખબર આતિશે ગમસે મૈં–તફતા જાં, તફતા જાં, તફતા જાં હો ગયા**

*(તફતા જાં = જાન જલાવેલ)*

**અર્થાત :** હે મારા રહમતવાળા આકા ! ﷺ મારી તરફ પણ રહમતની નજર કરો. હું તો આપના વિરહની આગમાં મારી જાન પણ જલાવી ચૂક્યો છું. (ક્રમશઃ)

# ફવાઈદુલ ફવાદ
## દિલોના ફાયદા
ભાગ-૧ (૩૪ મજલિસો)

# હશ્ત બહિશ્ત
## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત
(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે સુલ્તાનુલ મશાઈખ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ

સંપાદક : હઝરત ખ્વાજા અમીર હસન અલા સંજરી દહેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

ત્યારબાદ ખ્વાજા ઝિક્રુલ્લાહ બિલ્ખૈરએ ફર્માવ્યું કે, મેં એક કરામત જોઈ કે એ જ દિવસોમાં એક શખ્સે મને સફેદ કાગળ એક જગાએ જિલ્દ કરેલા આપ્યા. મેં તે લઈ લીધા અને શયખુલ ઈસ્લામના ફવાઈદ સૌ એના પર લખી લીધા. ઉપર લખ્યું કે :–

سُبْحَانَ اللّٰہِ وَالْحَمْدُ لِلّٰہِ وَلَا اِلٰہَ اِلَّا اللّٰہُ وَاللّٰہُ اَکْبَر وَلَا حَوْلَ وَلَا قُوَّۃَ اِلَّا بِاللّٰہِ عَلِیِّ الْعَظِیْم۔

ત્યારબાદ તે કલમા જે શયખથી સાંભળી ચૂક્યો હતો તે લખ્યા અને હજી સુધી તે સંગ્રહ મારી પાસે છે.

આ અહવાલ વર્ણવ્યા બાદ બંદાને ફર્માવ્યું કે એ કાગળ જેના પર તમે લખ્યું છે તે લાવ્યા છો ? બંદાએ અર્ઝ કરી, જી હા ! લાવ્યો છું. આદેશ થયો, લાવો ! બંદાએ છ કાગળોની શીટ્સ જેના પર લખી ચૂક્યો હતો તે હાથ મુબારકમાં આપી દીધી. તેનો અભ્યાસ કયો અને પ્રશંસા કરી, આદેશ થયો કે સારું લખ્યું છે. અને જેમ જેમ પઢતા જતા ફર્માવતા જતા, સારું લખ્યું છે. એક બે જગાએ મેં જગા ખાલી છોડી આપી હતી, તો પૂછયું કે ખાલી જગા કેમ છોડી આપી છે. અર્ઝ કરી કે એ હુરૂફ સારી રીતે સમજમાં આવ્યા ન હતા. તો પ્રેમપૂર્વક દરેક વાતનો બાકીનો હિસ્સો વર્ણવ્યો જેથી તે લખાણ સંપૂર્ણ થઈ ગયું. એ હતી એ દિવસની શફક઼ત તથા રહમત તથા

اَلْحَمْدُ لِلّٰہِ رَبِّ الْعَالَمِیْن

### ★ રબના ફઝ્લો રહમતનું દષ્ટાંત ! ★

પછી બારી તઆલાના ફઝ્લો રહમતનો ઉલ્લેખ થયો કે મખ્લૂક઼ના ક઼યાસની વિરૂદ્ધ કારસાઝી ફર્માવે છે. ત્યારબાદ હિકાયત વર્ણવી કે બગદાદના ખલીફાઓમાંથી કોઈ ખલીફાએ એક યુવાનને કેદ કર્યો. તે યુવાનની મા ખલીફાની ખિદમતમાં ગઈ અને રોવા ધોવા લાગી કે તેના પુત્રને છોડી આપે. ખલીફા બોલ્યો કે મેં હુકમ આપી દીધો છે કે તેને લાંબા કાળ માટે કેદમાં રાખવામાં આવે, જ્યાં સુધી મારી ઔલાદમાંથી એક માણસ પણ ખલીફા રહેશે ત્યાં સુધી તારો પુત્ર કેદખાનામાં રહેશે, મેં આ મુજબનો હુકમ આપી દીધો છે. વૃધ્ધાએ જ્યારે આ સાંભળ્યું તો આંખોમાં આસું ભરાઈ આવ્યાં અને આસમાનની તરફ મોં ઉઠાવીને બોલી કે ખલીફાએ તો ખુદ આ હુકમ આપી દીધો, હવે તું શું હુકમ કરે છે ? ખલીફાએ આ વાત સાંભળી અને તેનું દિલ પલ્ટાઈ ગયું. ફર્માન જારી કર્યું કે, વૃધ્ધાના પુત્રને મુક્ત કરી દો ! ત્યારબાદ એક

કિંમતી ઘોડો મંગાવ્યો અને (વૃધ્ધાના) પુત્રને અર્પણ કર્યો અને હુકમ આપ્યો કે આ યુવાનને અર્પણ કરેલા ઘોડા પર સવાર કરાવીને બગદાદમાં ગશ્ત કરાવો અને તેની સામે એવું પોકારતા ચાલો કે, આ અલ્લાહનો આઝાદ કરેલો છે ખલીફતુલ્લાહ (ના હુકમ) વિરૂધ્ધ ! આ અલ્લાહની અતા છે ખલીફાની (મરજી) વિરૂધ્ધ !

### ★ મુરીદની કાબેલિયત અને પીરની બખ્શિશ ★

પછી મુરીદની ક઼ાબેલિયત અને પીરની બખ્શિશની ચર્ચા ચાલી. એ દરમિયાન હિકાયત વર્ણવી. શયખુલ ઈસ્લામ ફરીદુદ્દીન قدس سرہ ના મુરીદોમાં એક યૂસુફ નામના શખ્સ હતા. એકવાર તેમણે શયખની સમક્ષ કોઈ રીતે નારાજી જાહેર કરી કે હું આટલા વરસોથી ગુલામીમાં છું, દરેક શખ્સને શયખની બારગાહથી કાંઈ ન કાંઈ બખ્શિશ મળી, તો મને તો એ સૌથી પહેલાં મળવી જોઈતી હતી ! આ વાત અને આ પ્રકારની વાતો કહેતા રહ્યા. શયખુલ ઈસ્લામે ફર્માવ્યું કે મારા તરફથી કોઈ કમી નથી તારી તરફથી પણ તો પાત્રતા તથા ક઼ાબેલિયત હોવી જોઈએ ! અને ન હું મારી પાસે આપુ છું ! જો ખુદા તઆલા જ ન આપે તો તેનું શું કરવામાં આવે ?! મુરીદ એ જ પ્રમાણે શિકાયત કરતો રહ્યા ત્યાં સુધી કે એ દરમિયાન શયખની નજર એક નાની વયના છોકરા પર પડી. તેને ફર્માવ્યું કે, આવો ! જ્યાં શયખ બેઠેલા હતા તેની સમક્ષ ઈંટોનો ઢગલો રાખેલો હતો. શયખે તે નાના બાળકને કહ્યું કે, જાવ ! એ ઈંટોમાંથી એક ઈંટ મારા માટે લઈ આવ ! બાળક ગયો અને એક આખી ઈંટ શયખની સામે લાવીને રાખી દીધી. એક મુરીદ શયખની ખિદમતમાં બેઠા હતા. શયખે બીજીવાર તે બાળકને કહ્યું કે, જાવ ! એક અધિક ઈંટ એ મુરીદ માટે પણ લઈ આવો. તે બાળક ગયો અને ફરી એક આખી ઈંટ તે મુરીદ સામે રાખી દીધી. ત્યાર બાદ ફરી શયખે તે બાળકને કહ્યું, એકવાર અધિક જાવ અને આ મુરીદ માટે પણ એક ઈંટ લઈ આવો. અને એ ઈશારો તે યૂસુફ સાહબ તરફ કર્યો. તે બાળક ગયો અને અડધી ઈંટ લાવ્યો અને તેમની સામે રાખી દીધી. શયખે ફર્માવ્યું, આને શું કરું ?! શું આ મેં મારા તરફથી કર્યું છે ? કેમ કે તમારી કિસ્મતમાં એટલુ જ હતું તો મારી શું જિમ્મેદારી ?!

### ★ ર૯મી મજલિસ ★

એ જ વરસે માહે શવ્વાલની વીસમી તારીખે જુમેરાતે કદમ બોસીની દોલત હાંસલ થઈ. શયખ ઉષ્માન હર્બાબાદી رحمۃ اللہ علیہ ની હિકાયત આવી. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે, એ સૌ મહાન બુઝુર્ગ હતા. એમની એક તફસીર છે. ત્યારબાદ ફર્માવ્યું કે તે ગઝનૈનમાં રહેતા હતા. સબ્ઝી (શાકભાજી) પકવતા અને વેચતા. શલગમ તથા ચુકંદર (કંદમૂળ તથા બીટ) અને એ પ્રકારની શાકભાજીઓની દેગ પકવતા અને વેચતા. ત્યારબાદ ગયબી ઈનાયતના બયાનમાં આ શેઅર ઝબાન મુબારક પર આવ્યો :

حق بشبان تاج نبوت دہد      ورنہ نبوت چہ شناسہ شبان

(હક઼ તઆલા ચરવાહાને નબુવ્વતનો તાજ આપી દે છે, નહીં તો ચરવાહા નબુવ્વતને શું જાણે ?!) એટલે કે પયગંબર મૂસા علیہ السلام.

### ★ ખરો કે ખોટો દિરહમ લેવા પાછળ ની હિકમત ★

ત્યારબાદ તેમના અહવાલમાંથી વર્ણવ્યું કે કોઈ આવતુ અને ખોટો દિરહમ તેમને આપતુ અને જે કાંઈ તેમણે પકાવેલુ હોતું એને ખરીદતો તો તે

એ દિરહમને લઈ લેતા જો કે જાણતા હતા કે ખોટો છે, છતાં ખરીદનાર સામે કાંઈ ન કહેતા. અને જે ખરો દિરહમ લાવતો તેને પણ ખાણુ આપી દેતા. ત્યાં સુધી કે લોકોનો એ ખયાલ થઈ ગયો કે તેમને ખરા ખોટાની તમીઝ નથી, અને ઘણા લોકો આવતા અને ખોટા દિરહમ દઈ જતા, અને તે સાચાની જેમ લઈ લેતા. અને તેમના પર જાહેર ન કરતા, અને ખાણુ તેમના હવાલે કરી આપતા. ત્યાં સુધી કે તેમના ઈન્તેકાલનો સમય આવ્યો. તેમણે આસ્માનની તરફ જોયું અને બોલ્યા, ખુદાવંદા ! તું સારી રીતે જાણે છે કે લોકો મને ખોટા દિરહમ આપતા હતા અને હું ખરાની જેમ તેને કૃબૂલ કરતો હતો અને તેમને પરત કરતો ન હતો, તેમના મોં પર મારતો ન હતો. જો મારાથી પણ કોઈ ખોટી ફર્માબરદારી થઈ હોય તો તારા કરમથી તેને પરત ન કરતો અને મોં પર ન મારતો.

### ★ દેગના ચમચામાં સબ્ઝીના બદલે સોનું મોતી ! ★

ત્યારાબાદ ફર્માવ્યું કે એકવાર કોઈ સાહિબે દિલ દુરવેશ તેમની પાસે આવ્યા અને તેમની દેગમાંથી ખાવા તલબ કર્યું. શયખ ઉષ્માને હાથાવાળો ચમચો દેગમાં નાખ્યો. જ્યારે બહાર કાઢયો સૌ નાના મોટાં મોતી હતાં. તે દુરવેશ બોલ્યાં કે હું એમનું શું કરું ? શયખ ઉષ્માને ફરી ચમચો દેગમાં નાખીને કાઢયો તો સૌ સોનું નીકળ્યું. તે દુરવેશે કહ્યું કે એ સૌ કાંકરા હતા અને આ પથ્થર શું કામના છે ? એ દેગમાંથી એવી ચીજ કાઢો કે હું ખાઈ શકું. ત્રીજીવાર શયખે ચમચો ફરી બહાર કાઢયો તો તે જ સબ્ઝી બહાર આવી જે પકાવી હતી. એ દુરવેશે જ્યારે આ હાલ જોયો તો શયખથી કહ્યું, હવે તમારે આ જગાએ વધુ રહેવું ન જોઈએ. તેના થોડાક દિવસો બાદ જ શયખ ઉષ્માન رحمۃ اللہ علیہ દુનિયાથી રુખસદ થઈ ગયા.

ત્યારબાદ ખ્વાજા ઝિક્રુલ્લાહ બિલ્ખૈરએ ફર્માવ્યું કે જ્યારે દુરવેશથી આ પ્રકારની કોઈ ચીજ જાહેર થઈ જાય તો પછી તેણે અહીં રહેવું ન જોઈએ. અને હકીમ સનાઈએ આ વાત નઝમમાં લખી છે :

*અપના જાન અફરોઝ જમાલ ઝિયાદા ન દેખા*
*ઔર અગર દિખાયા હૈ તો જા કાલા દાના જલા*
*તેરા વો જમાલ કયા હૈ ? તેરી મસ્તી !*
*ઔર તેરા વો કાલા દાના કયા હૈ ? તેરી હસ્તી !*

ત્યારબાદ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે જે કાંઈ અવલિયા જાહેર કરી આપે છે તે તેમની મસ્તીના કારણે હોય છે કે તેઓ અસ્હાબે સુકર છે, અંબિયાથી ઉલ્ટુ કે તેઓ અસ્હાબે સહ્વ છે. ''સનાઈ'' તેને મસ્તી કહે છે. એટલે કે જ્યારે ભેદ ખોલી આપ્યો તો પછી (જતા રહેવામાં) મોડુ ન કરવું જોઈએ. આ વાતને શેઅરમાં કહી છે :

*તેરા વો જમાલ કયા હૈ ? તેરી મસ્તી – ઔર*
*તેરા વો કાલા દાના કયા હૈ ? તેરી હસ્તી*

ત્યારબાદ ઝબાન મુબારકથી આદેશ થયો કે માણસના માટે કશ્ફો કરામત રસ્તાની આડ છે, કામની ચીજ મહોબ્બતમાં ઈસ્તિકામત (અડગતા) છે. اَلْحَمْدُ لِلّٰہِ علی ذالك

### ★ ૩૦મી મજલિસ ★

એ જ વરસે માહે ઝી કૃઅદાની ૨૩મી તારીખ પીરના દિવસે કદમબોસીની સઆદત હાંસલ થઈ. એક યુવાન હાજર થયો. ખ્વાજા رحمۃ اللہ علیہએ તેને પૂછયું કે તમારા દાદા કયા પીરના મુરીદ હતા ? તેણે જવાબ આપ્યો કે શયખ જલાલુદ્દીન તબરેઝી رحمۃ اللہ علیہના મુરીદ હતા. ખ્વાજાએ ફર્માવ્યું કે શયખ જલાલુદ્દીન رحمۃ اللہ علیہ ઘણા ઓછા કોઈને મુરીદ કરતા

હતા અને એ જ તરીકો કાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہનો હતો. એ મજલિસમાં મૌલાના બુરહાનુદ્દીન ગરીબ ઈસ્મુહુલ્લાહ હાજર હતા. તેમણે પૂછયું કે તેમની મશયખિયત તથા બુઝુર્ગી અલ્લાહ તઆલા અને તેમના શયખની તરફથી મળી હતી, પછી તે કોઈને મુરીદ કેમ કરતા ન હતા ? ખ્વાજા رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે મુરીદ કરવા ન કરવાથી તેમની બુઝુર્ગી તથા મશયખિયતમાં કોઈ ફરક નથી પડતો. તેનું દષ્ટાંત એ છે કે જેવી રીતે બે પુરૂષો હોય અને બંનેમાં મર્દાના શક્તિ મૌજૂદ હોય, પરંતુ એક ઔલાદવાળો બને અને બીજો ન બને. જે ઔલાદવાળો ન બને એનો મતલબ એ નથી કે તેની મર્દાના શક્તિમાં કોઈ ફરક છે, અને એવું ઘણુ જોવામાં આવે છે. અંબિયાની ઉમ્મતમાં પણ એ જ પ્રમાણે થાય છે. જેમ કે કહેવામાં આવે છે કે કયામતના દિવસે આમન્ના વ સદકના જે પણ પયગંબર આવશે તેની સાથે તેની ઉમ્મત હશે, કોઈની સાથે વધારે ઉમ્મત હશે તો કોઈની સાથે ઓછી. અને એક પયગંબર તશરીફ લાવશે જેમની સાથે એક જ માણસ હશે. હવે એનાથી એમની નબુવ્વતમાં કોઈ કમી કે ખરાબી થોડી થશે ?! પીર તથા મુરીદોના દષ્ટાંતને પણ આના પર કયાસ કરવું જોઈએ.

---

પેજ નં.૩૮ નું ચાલુ.. **આપના શાગિર્દો :** આપના શાગિર્દોની યાદી પણ લાંબી છે જેમણે આપની બારગાહમાં બેસીને ફયઝ હાંસલ કર્યો છે તે અગ્રગણ્ય તલબામાંથી અમુક નામો નીચે મુજબ છે :–

'ફતહ બિન ઉમર કશી, અબૂ હિશામ રિફાઈ, નસીર બિન યહ્યા બલ્ખી, મુહમ્મદ બિન સમાઆ, ઈસ્હાક બિન બહલૂલ શોયૂખી, શોએબ બિન ઐયૂબ સરીફીની, વલીદ બિન હમ્માદ લૂઅલૂઈ, ઈબ્રાહીમ બિન ઈસ્માઈલ તલ્હી, તાહિર બિન અબૂ અહમદ, ઈસ્માઈલ બિન હમ્માદ બિન અબૂ હનીફા, ખલફ બિન ઐયૂબ બલ્ખી, રશીદ, મામૂન, નમર બિન જદાર, ઈમામ મુહમ્મદ બિન શુજાઅ તલ્ખી, અલી બિન બિન હિશામ મરઝૂક, મુહમ્મદ બિન મકાતિલ રાઝી, અમ્ર બિન મુહીર, અહમદ બિન સુલૈમાન રહાવી, અહમદ બિન અબ્દુલ હમીદ હારિષી, ઈબ્રાહીમ બિન અબ્દ નીશાપૂરી, વગેર. *(અલ ઈમ્તાઅ, પેજ : ૧૯)*

**આપની કિતાબો :** હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہની કિતાબ રિવાયતોનો સંગ્રહ 'અલ મુજર્રદ'ના નામથી સંપાદિત કરી. એના ઉપરાંત કેટલીય કિતાબો લખવામાં આવી અને તે આ છે : (૧) કિતાબ અદબુલ કાઝી (૨) કિતાબુલ ખસાલ (૩) કિતાબુલ મઆની અલ ઈમાન (૪) કિતાબુલ નફકાત (૫) કિતાબુલ ખિરાજ (૬) કિતાબુલ ફરાઈઝ (૭) કિતાબુલ વસાયા (૮) કિતાબુલ અમાલી. અલ્લામા મદરુલ બયનીએ પોતાની કિતાબ ' મગાની'માં તેમની અમુક વધુ કિતાબોનો ઉલ્લેખ કર્યો છે : કિતાબુત્તહમા, કિતાબુલ ઈજારા અને કિતાબુસ્સરફ.

**આપનાથી મરવી હદીષો :** હઝરત ઈમામ હસન બિન ઝિયાદ رضی اللہ عنہથી ખૂબ અધિક પ્રમાણમાં હદીષો પણ રિવાયત પામેલી છે જેમ કે ખુદ ફર્માવે છે કે મુહમ્મદ બિન સમાઅથી રિવાયત છે : ''મેં ઈબ્ને જરીહથી બાર હજાર એવી હદીષો લખી જેની ફકીહોને સખત હાજત છે. આપે ઈમામે આ'ઝમથી પણ પુષ્કળ રિવાયતો હિફ્ઝ કરી.'' *(અલ જવાહિરુલ મઝીઅહ ફી તબકાતિલ હનફિયા, પેજ–૧૨૭)*

**વફાત :** આપની વફાત હિ.સ. ૨૦૪માં થઈ.

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

ભાગ–૨

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : મર્હૂમ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

### ★ ખિલાલ કરવા વિશે બયાન ★

**મસ્અલા** : ખાધા પછી દાંત સાફ કરવામાં દાંતોમાંથી જે રેસા વગેરે નીકળે તે ફેંકી દેવા બેહતર છે અને જો ગળી ગયા તો એમાં પણ વાંધો નથી. દાંત સાફ કરતાં જે સળી વગેરે નીકળ્યાં તેને લોકોની સામે ન ફેંકે બલ્કે એને પાસે રહેવા દે અને જ્યારે એની સામે ચલમચી આવે ત્યારે એમાં નાખી દે. ફૂલ અને મેવાની સળીથી ખિલાલ ન કરે.

*(આલમગીરી)*

દાંત ખોતરવા માટે લીમડાની સળી બેહતર છે. કેમ કે એની કડવાશથી મોંની સફાઈ થાય છે અને મસોડાં માટે પણ ફાયદાકારક છે. ઝાડુની સળીઓને પણ એ કામમાં (દાંત ખોતરવામાં) લઈ શકાય છે, પણ તે કોરી હોવી જોઈએ, વપરાયેલી ન હોવી જોઈએ.

### ★ પાણી પીવાનું બયાન ★

એના બારામાં કેટલીક હદીષો :–

**(૧)** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પાણી પીવામાં ત્રણ વાર શ્વાસ લેતા હતા. ફર્માવતા હતા કે આ રીતે પીવામાં વધારે તૃપ્તિ થાય છે અને તંદુરસ્તી માટે ફાયદાકારક અને ખુશગવાર છે. *(બુખારી, મુસ્લિમ)*

**(૨)** ફર્માવ્યું કે એક શ્વાસથી પાણી ન પીઓ જે રીતે ઊંટ પીએ છે. બલ્કે બે અને ત્રણ વારમાં પીઓ અને જ્યારે પીઓ ત્યારે **બિસ્મિલ્લાહ** પઢો અને વાસણને (ગ્લાસ)ને મોંથી અલગ કરો તો અલ્લાહની હમ્દ કરો. (પી રહો તો **અલ્હમ્દુલિલ્લાહ** કહો.) *(તિર્મિઝી)*

**(૩)** પીવાની ચીજમાં ફૂંક મારવાની મના ફર્માવી. એક માણસે અર્ઝ કરી કે વાસણમાં (ગ્લાસમાં) જો કચરુ જોવામાં આવે તો ? ફર્માવ્યું કે એને કાઢી નાખો. એણે કહ્યું કે એક શ્વાસમાં સૈરાબ થવાતું નથી. તો ફર્માવ્યું કે ગ્લાસને મોઢાથી હટાવી અલગ કરી શ્વાસ લો. *(તિર્મિઝી)*

અને મશકના મુખથી પીવાની મના ફર્માવી છે. *(બુખારી, મુસ્લિમ)*

અને ફર્માવ્યું કે કોઈ પણ માણસે કદી પણ ઊભા ઊભા પાણી ન પીવું અને જે ભૂલથી આવું કરી બેસે (ઊભા ઊભા પાણી પી લે) તે ઊલટી કરી નાખે. *(મુસ્લિમ)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما કહે છે કે હું **આબે ઝમઝમ**ની એક ડોલ નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلمની ખિદમતમાં લાવ્યો. હુઝૂરે એને (આબે ઝમઝમ) ઊભા ઊભા પીધું. *(બુખારી, મુસ્લિમ)* આબે ઝમઝમ ઉભા રહીને પીવું સુન્નત છે.

હઝરત કુબશા رضی اللہ عنہ કહે છે કે મારે ત્યાં રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم તશરીફ લાવ્યા. મશક લટકતી હતી. તેના મોઢાથી ઊભા રહીને પાણી પીધું. મેં મશકના મોઢાને કાપીને રાખી લીધું. તેનું કાપીને રાખવું તબર્રુક માટે હતું કેમ કે એની સાથે હુઝૂરે અકદસના હોઠ મુબારક લાગ્યા છે. એ બરકતની ચીજ છે અને એનાથી બીમારોને શિફા મળશે.

*(તિર્મિઝી)*

### ★ બચેલી ચીજ કોને આપવી ? ★

હઝરત અનસ رضی اللہ عنہ કહે છે કે રસૂલુલ્લાહ

ﷺના માટે બકરીનુ દૂધ દોહવામાં આવ્યું અને અનસ رضی اللہ عنہના ઘરમાં કૂવો હતો તેનું પાણી એમાં ઉમેરવામાં આવ્યું. અર્થાત લસ્સી બનાવવામાં આવી. પછીથી હુઝૂરની ખિદમતમાં પેશ કરી. હુઝૂરે પી લીધું. ફર્માવ્યું કે હુઝૂરની ડાબી બાજુ અબૂ બકર رضی اللہ عنہ હતા અને જમણી તરફ એક અઅરાબી (ગામડાવાસી) હતા. હઝરત ઉમર رضی اللہ عنہ એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અબૂ બકર رضی اللہ عنہ ને આપજો. હુઝૂર ﷺ એ અઅરાબીને આપ્યું, કેમ કે એ જમણી તરફ હતા અને ફર્માવ્યું કે જમણી બાજુવાળા હકદાર છે ત્યાર પછી એમની જમણી બાજુ જે હોય તે. જમણાને અગ્રતા આપ્યા કરો.

*(બુખારી, મુસ્લિમ)*

હુઝૂર ﷺની ખિદમતમાં પ્યાલો પેશ કરવામાં આવ્યો. હુઝૂર ﷺ એ પીધું. હુઝૂર ﷺ ની જમણી બાજુ પર સૌથી નાના (નાની ઉંમરના) એક શખ્સ અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما હતા અને મોટા મોટા સહાબાઓ ડાબી તરફ હતા. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે છોકરા ! જો તમે ઈજાઝત આપો તો હું મોટાઓને આપી દઉં ! તેમણે અર્ઝ કરી કે હું હુઝૂર ﷺના એઠા (ખાવા પીવામાં બચેલું)માં બીજાને આગળ નહીં કરું ! હુઝૂર ﷺએ તેમને આપી દીધું. *(બુખારી, મુસ્લિમ)*

## ★ સોનું ચાંદી દુનિયામાં કાફિરો માટે છે ! ★

ફર્માવ્યું કે રેશમી કપડું ન પહેરો અને સોના ચાંદીના વાસણમાં પાણી ન પીઓ અને સોના ચાંદીના વાસણોમાં ખાણુ ન ખાઓ. એ ચીજો દુનિયામાં કાફિરો માટે છે અને તમારે માટે આખેરતમાં છે. *(બુખારી, મુસ્લિમ)*

ઈમામ જોહરીથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺને પીવાની તે ચીજ વધારે પસંદ હતી જે મીઠી અને ઠંડી હોય. *(તિર્મિઝી)*

## ★ હાથથી પાણી પીવાના નિયમો ★

અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ વાંકા વળી (નીચા નમી) પાણીમાં મોં નાખી પીવાની મના ફર્માવી અને ફર્માવ્યું કે કૂતરાની જેમ પાણીમાં મોઢું ન નાખો. અને એક હાથથી ખોબામાં લઈને પાણી ન પીવું જે રીતે તે લોકો પીએ છે જેના પર ખુદા નારાજ છે. (બે હાથના ખોબામાં પીવું) અને રાત્રીના સમયે જ્યારે કોઈ વાસણમાં પાણી પીએ તો (પ્રથમ) એને હલાવવું, પરંતુ જો વાસણ ઢાંકેલું હોય તો એને હલાવવાની જરૂર નથી. જે માણસ વાસણથી પી શકતો હોય અને તે આજિઝીના તોર પર હાથથી પીએ છે તો અલ્લાહ તઆલા તેના માટે એટલી નેકીઓ લખે છે જેટલી એના હાથની આંગળીઓ છે.

હઝરત ઈસા علیہ السلام નું વાસણ હાથ હતો કેમ કે એમણે પ્યાલો પણ ફેંકી દીધો અને કહ્યું કે આ દુનિયાની ચીજ છે. એક રિવાયતમાં છે કે એમણે ફર્માવ્યું કે હાથોને ધુઓ અને એમાં પાણી પીઓ કેમ કે હાથથી વધારે પાક બીજું કોઈ વાસણ નથી.

*(ઈબ્ને માજા)*

અને ફર્માવ્યું કે સાકી (જે લોકોને પાણી પીવડાવે છે) બધાંથી છેલ્લે પીશે. *(મુસ્લિમ, અહમદ, તિર્મિઝી)*

ફર્માવ્યું કે પાણીને ચૂસીને પીઓ, કેમ કે એ ખુશગવાર તથા જલ્દી હજમ કરનાર છે અને બીમારીનો બચાવ છે. *(દયલમી)*

## ★ કઈ ચીજની ના પાડવી હલાલ નથી ? ★

હઝરત આઈશા رضی اللہ عنہا એ કહયું : યા રસૂલલ્લાહ ! ﷺ કઈ ચીજનું મના કરવું

હલાલ નથી ? ફર્માવ્યું : પાણી, નમક (મીઠું) અને આગ. કહે છે કે મેં અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم પાણીની વાત તો અમારી સમજમાં આવી ગઈ પરંતુ નમક અને આગને મના કરવી કેમ હલાલ નથી ? ફર્માવ્યું : અય હુમૈરા ! જેણે આગ આપી તેણે જે આગ આપી તેનાથી પકાવેલા ખાણાનો સદકો આપ્યો કહેવાશે, અને જેણે નમક આપ્યું તેણે જાણે તે તમામ ખાણાનો સદકો આપ્યો જે નમકથી દુરસ્ત કરવામાં આવ્યું, અને જેણે મુસલમાનને એવી જગ્યાએ પાણીનો ઘૂંટ પીવડાવ્યો (પાણી પાધું) કે જ્યાં પાણી મળે છે તો એણે ગરદનને આઝાદ કરી કહેવાશે અને જેણે મુસલમાનને એવી જગ્યાએ પાણીનો ઘૂંટ પીવડાવ્યો (પાણી પાધું) કે જ્યાં પાણી મળતું નથી તો જાણે તેને જીવતો કર્યો કહેવાશે. *(ઈબ્ને માજા)*

**મસ્અલા : બિસ્મિલ્લાહ** બોલીને જમણા હાથે ત્રણ શ્વાસથી પાણી પીવું. દરેક વખતે વાસણને મોઢાથી હટાવી અલગ કરી શ્વાસ લેવો. પહેલી અને બીજી વાર એક એક ઘૂંટ પીવું અને ત્રીજા શ્વાસમાં જેટલું ઈચ્છે તેટલું પીએ. આ રીતે પાણી પીવાથી પ્યાસ બુઝાઈ જાય છે. પાણીને ચૂસીને પીએ. ગટ ગટ કરીને મોટા મોટા ઘૂટડા ભરીને ન પીએ. જ્યારે પાણી પી રહે તો **અલ્હમ્દુલિલ્લાહ** બોલવું. આજના યુગમાં કેટલાક લોકો ડાબા હાથમાં પ્યાલો લઈને પાણી પીએ છે. ખાસ કરીને ખાતી વેળા જમણા હાથથી પીવામાં અદબની ખિલાફ સમજે છે. એમની આ સ્ટાઈલ નસારાઓની સ્ટાઈલ છે. ઈસ્લામી અખ્લાક જમણા હાથથી પીવામાં છે. આજકાલ બીજી એક આદત એ પણ જોવામાં આવે છે કે પાણી પીધા પછી ગ્લાસમાં જે પાણી બચે છે (વધે છે) તેને એઠુ ગણીને ફેંકી દેવામાં આવે છે અને તે બીજાને પીવડાવી નહીં શકાય એમ સમજે છે. એ હિંદુઓ પાસેથી શીખ્યા છે. ઈસ્લામમાં છૂત અછૂત નથી. મુસલમાનના એઠા થયેલાનો કોઈ મતલબ નથી અને એ કારણે પાણીને ફેંકી દેવું ફુઝૂલ ખર્ચી છે.

**મસ્અલા** : મશકના કાણા (મોઢિયા)માં મોં લગાવીને પાણી પીવું મકરૂહ છે. શું ખબર કોઈ નુકસાન પહોંચાડનાર ચીજ એના ગળામાં (પેટમાં) ન ચાલી જાય ? (આલમગીરી) એ રીતે જો જોઈ લેવામાં આવ્યું હોય કે લોટાની અંદર પાણીમાં કોઈ ચીજ નથી તો એના મોઢિયાથી પાણી પીવું. સુરાહીમાં મોં લગાડી પાણી પીવા માટે પણ આ જ હુકમ છે.

**મસ્અલા** : સબીલ (પરબ)નું પાણી માલદાર માણસ પણ પી શકે છે પરંતુ ત્યાંથી કોઈ પણ માણસ પાણી ભરી ઘેર લઈ જઈ શકતો નથી. કેમ કે ત્યાં પાણી પીવા માટે રાખેલું છે, ઘેર લઈ જવા માટે નહીં. હા ! જો પરબ લગાડનાર માણસ તરફથી ઈજાઝત હોય તો ઘેર લઈ જઈ શકે છે. *(આલમગીરી)*

શરદીની ઋતુમાં કેટલીક જગ્યાએ મસ્જિદમાં પાણીની ટાંકીઓમાં પાણી ગરમ કરવામાં આવે છે કે જેથી મસ્જિદમાં આવનાર નમાઝીઓ એનાથી વુઝૂ, ગુસ્લ કરી શકે. એ પાણીનો પણ ત્યાં જ ઉપયોગ કરી શકાશે, ઘેર લઈ જવાની ઈજાઝત નથી. એ રીતે મસ્જિદના ચંબુઓનો પણ ત્યાં જ ઉપયોગ કરે, ઘરે લઈ જઈ શકતા નથી. કેટલાક લોકો મસ્જિદના ચંબુઓમાં તાજુ પાણી ભરીને ઘેર લઈ જાય છે, એ પણ નાજાઈઝ છે.

**મસ્અલા** : વુઝૂ કરતાં બચેલું જે પાણી હોય તેને કેટલાક લોકો ફેંકી દે છે એ નાજાઈઝ અને ફુઝૂલખર્ચી છે.

**મસ્અલા** : વુઝૂનું પાણી અને ઝમઝમનું પાણી ઉભા રહીને પીવું જોઈએ, બાકી બીજા પાણીને બેસીને પીવું. –*(ક્રમશઃ)*

તઝકેરતુલ અવલિયા

# હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہ

ના

# હાલાત તથા ખૂબીઓ

**ઓળખ** : આપ હઝરત સર્રી સક્તી رحمۃ اللہ علیہના ભાણીયા અને મુરીદ છે અને હઝરત મુહાસબીની સોહબતથી ફૈઝયાબ થયા. આપ શરીઅત તથા તરીકતના તરવૈયા, અન્વારે ઈલાહીના ખજાના તથા શ્રોત હતા અને સંપૂર્ણ ઈલ્મો પર પહોંચ ધરાવતા હતા, એના કારણે સમયના લોકોએ આપને શયખુશ્શોયૂખ, ઝાહિદે કામિલ, અને ઈલ્મ તથા અમલના શ્રોત સ્વીકારી લીધા હતા. અને આપને સૈયદુત્તાઈફા, લિસાનુલ કૌમ, તાઉસુલ ઉલમા તથા સુલ્તાનુલ મુહક્કિકીનના ખિતાબોથી નવાઝયા હતા અને મોટાભાગે સૂફિયાએ કિરામે આપનો માર્ગ અપનાવ્યો, પરંતું એ સર્વ ખૂબીઓ હોવા છતાં અદાવત તથા કીનો રાખનારાઓએ આપને ઝિંદીક (અધર્મી) તથા કાફિર સુધી કહી આપ્યા.

**હાલાત** : કોઈ શખ્સે હઝરત સર્રી સક્તી رحمۃ اللہ علیہને સવાલ કર્યો કે, શું કદીક મુરીદનો દરજો મુર્શિદથી બુલંદ થઈ જાય છે ? ફર્માવ્યું, બેશક ! જેવી રીતે જુનેદ મારો મુરીદ છે, પરંતુ મર્તબાઓમાં મારાથી વધીને છે.

હઝરત સહલ તુસ્તરીથી રિવાયત છે કે, જો કે હઝરત જુનેદનો મર્તબો સૌથી ઉચ્ચ તથા આ'લા છે, પરંતુ આપ કેવળ હઝરત આદમ علیہ السلامની જેમ ઈબાદત તો કરતા હતા પણ રાહે તરીકતની તકલીફો સહન કરી શક્તા ન હતા, હઝરત લેખક ફર્માવે છે કે હઝરત સહલનું આ કથન એક એવું રાઝ છે જે આપણી સમજથી બહારનું છે, અને અદબનો એ તકાઝો છે કે આપણે બંને બુઝુર્ગોમાંથી કોઈની શાનમાં ગુસ્તાખીમાં ન સપડાઈએ.

બચપનથી આપને ઉચ્ચ મર્તબા હાંસલ થતા રહ્યા. એકવાર મકતબથી પરત થતાં જોયું કે આપના પિતા રસ્તા વચ્ચે રડી રહ્યા છે. આપે કારણ પૂછયું તો ફર્માવ્યું કે મારો રડવાનો સબબ છે કે આજે મેં તમારા મામાને ઝકાતના માલમાંથી અમુક દિરહમ મોકલ્યા હતા પરંતુ તેમણે લેવાથી ઈન્કાર કરી આપ્યો, અને આજે મને એ એહસાસ થઈ રહ્યો છે કે મેં મારી જિંદગી એવા માલની પ્રાપ્તિમાં ખર્ચી કાઢી જેને ખુદાના દોસ્ત પણ પસંદ નથી કરતા. જેથી હઝરત જુનેદ رحمۃ اللہ علیہએ પોતાના પિતાથી તે દિરહમ લઈને પોતાના મામાને ત્યાં પહોંચીને અવાજ આપ્યો, અને જ્યારે અંદરથી પૂછવામાં આવ્યું કે કોણ છે ? તો આપે અર્ઝ કર્યું કે જુનેદ ! આપના માટે ઝકાતની રકમ લઈને આવ્યો છું. પરંતું તેમણે ફરી ઈન્કાર કરી આપ્યો. જેના પર હઝરત જુનેદે કહ્યું કે, કસમ છે એ જાતની જેણે આપના ઉપર ફઝલ અને મારા પિતા સાથે અદ્લ કર્યો, હવે આપને અખત્યાર છે કે આ રકમ લો કે ન લો. કેમ કે મારા પિતાના માટે જે હુકમ હતો કે હક્કદારને ઝકાત પેશ કરો તે તેમણે પૂરો કરી આપ્યો. એ વાત સાંભળીને હઝરત સર્રીએ દરવાજો ખોલીને ફર્માવ્યું કે રકમથી પહેલાં હું તને કબૂલ કરું છું. જેથી એ દિવસથી આપ તેમની ખિદમતમાં રહેવા લાગ્યા, અને સાત વરસની ઉમરમાં તેમની જ સાથે મક્કા મોઅઝઝમા પહોંચ્યા. ત્યાં ચાર સૂફિયાએ કિરામમાં શુક્રના મસ્અલા પર બહષ છેડાઈ ગઈ હતી. અને જ્યારે શુક્રની વ્યાખ્યા વર્ણવી ચૂક્યા તો આપના મામાએ આપને શુક્રની વ્યાખ્યા દર્શાવવાનો હુકમ આપ્યો, જેથી આપે થોડીકવાર માથુ ઝુકાવી રાખ્યા

❒ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❒ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

બાદ ફર્માવ્યું કે **શુક્રની વ્યાખ્યા** એ છે કે **જ્યારે અલ્લાહ તઆલા નેઅમત અતા કરે તો એ નેઅમતના કારણે મુન્ઈમ (ઈનામ આપનાર)ની નાફર્માની કદી ન કરે.** આ સાંભળીને સર્વ લોકોએ કહ્યું કે **ખરેખર શુક્ર આનુ નામ છે.** (કેવળ ઝબાનથી શુક્રના શબ્દો પૂરતા નથી !)

પછી આપે બગદાદ પરત આવીને આઈના બનાવવાની દુકાન શરૂ કરી લીધી અને એક પર્દો નાખીને **ચારસો રકાત નમાઝ દરરોજ એ દુકાનમાં અદા કરતા રહ્યા** અને કેટલાક અરસા બાદ દુકાનને અલવિદા કહીને હઝરત સર્રી સકતીના મકાનના એક હુજરા (ઓરડા)માં ગોશાનશીન થઈ ગયા અને **૩૦ વરસો સુધી ઈશાના વુઝૂથી ફજરની નમાઝ અદા કરતા અને રાતભર ઈબાદતમાં મશગૂલ રહેતા હતા.** ચાલીસ વરસ બાદ એ ખયાલ થઈ ગયો કે હવે હું કમાલની મેઅરાજ સુધી પહોંચી ગયો છું. જેથી ગયબથી નિદા આવી કે, હે જુનેદ ! હવે એ સમય આવી પહોંચ્યો છે કે તારા ગળામાં જનોઈ નાખી દેવામાં આવે. આપે અર્ઝ કરી કે, હે બારી તઆલા ! મારાથી શો કસૂર થઈ ગયો છે ? જવાબ મળ્યો કે તારુ વજૂદ તો હજી સુધી બાકી છે. એ સાંભળીને આપે ઠંડી આહ ભરતાં કહ્યું કે જે બંદો વિસાલને પાત્ર સાબિત ન થઈ શક્યો જેની સર્વ નેકીઓ ગુનાહોમાં દાખલ થઈ ગઈ. ત્યારબાદ આપને ફિત્નાખોરોએ ભલુ બુરુ પણ કહ્યું અને ખલીફાને પણ આપની શિકાયતો કરી. પરંતું ખલીફાએ કહ્યું કે જ્યાં સુધી એમની વિરુદ્ધએ જુર્મ સાબિત ન થઈ જાય કે એમના કારણે લોકો ફિત્ના ફસાદમાં સપડાય જાય છે ત્યાં સુધી સજા આપવી યોગ્ય નથી.

પછી એકવાર ખલીફાએ કસોટીરૂપે એક હસીનો જમીલ કનીઝને લિબાસ તથા ઘરેણાથી સુસજ્જ કરીને એ હિદાયત કરી આપ કે તેમની સામે પહોંચીને નકાબ ઉલટાવીને એવું કહેજે કે હું અમીરઝાદી છું, જો આપ મારી સાથે હમ બિસ્તર થઈ જાવ તો હું આપને દોલતથી નવાઝી આપીશ. અને બનાવની સ્થિતિ માલૂમ કરવા માટે તેણી સાથે એક ગુલામને પણ મોકલી આપ્યો. અને જ્યારે એ લોંડીએ ખલીફાની હિદાયત પ્રમાણે આપની સમક્ષ મુદ્દો પ્રદર્શિત કર્યો તો આપે માથુ ઝુકાવીને એક એવી ઠંડી આહ ખેંચી કે એ લોંડીએ ત્યાં જ દમ તોડી આપ્યો. અને જ્યારે ગુલામે પરત આવીને બનાવની હક઼ીક઼ત વર્ણવી તો ખલીફાને ખૂબ જ સદમો થયો, કેમ કે ખુદ તેણી સાથે ખૂબ જ મહોબ્બત કરતો હતો. અને તેણે કહ્યું કે જે કાર્ય મેં એમની સાથે કર્યું તે ન કરવું જોઈતુ હતું જેના કારણે મારે આ બુરો દિવસ જોવો પડયો. પછી આપની ખિદમતમાં પહોંચીને અર્ઝ કર્યું કે એ વાત આપે કેવી રીતે ગવારા (માન્ય) કરી કે આવી મહબૂબ હસ્તીને દુનિયાથી રુખસદ કરી દીધી. આપે જવાબ આપ્યો કે, અમીરુલ મો'મિનીનની હૈસિયતથી તમારી ફરજ તો મો'મિનો સાથે મહેરબાની કરવાનો છે પરંતુ મહેરબાનીના બદલે તમે મારી ચાલીસ વરસની ઈબાદતને નેસ્તોનાબૂદ કરવાનું કેવી રીતે માન્ય રાખ્યું ?!

નકલ થયેલ છે કે જ્યારે આપના મર્તબાઓમાં વધારો થતો ગયો તો આપે વઅઝ તથા તબ્લીગને પોતાનો તરીક઼ો બનાવી લીધો, અને એ જ મજમામાં ફર્માવ્યું કે વઅઝ કહેવું મેં મારા અખ્તયારથી શરૂ નથી કર્યું બલ્કે ત્રીસ અબ્દાલોના અતિ આગ્રહ પર આ ક્રમ શરૂ કર્યો અને મેં લગભગ બસો બુઝુર્ગોના જોડા સુધી કર્યા છે.

**આપના ઈર્શાદો** : આપ ફર્માવ્યા કરતા હતા કે મને સર્વ દરજા મર્તબા કેવળ ફાક઼ા કશી, દુનિયા ત્યાગ અને શબ બેદારીથી મળ્યા. ફર્માવ્યું કે, સૂફી તે છે જે ખુદા વ રસૂલની એ રીતે ફર્માંબરદારી કરે કે

એક હાથમાં કુર્આન હોય અને બીજામાં હદીષ. ફર્માવ્યું કે મારા મુર્શિદ હઝરત અલીના અનુયાયીઓમાંથી હતા, અને જ્યારે તેમની ખૂબીઓનો ઉલ્લેખ કરતા તો લોકોમાં સાંભળવાની શક્તિ બાકી ન રહેતી. ફર્માવ્યું કે હઝરત અલી رضی اللہ عنہનો આ કૌલ છે કે, અલ્લાહ તઆલાએ મને પોતાની મઅરેફત અતા કરી અને તે ખુદા એવો યક્તા (એકલો) છે ન કોઈ એના જેવો થઈ શકે છે, ન એનો સંબંધ કોઈ જાતીથી છે અને ન તેને મખ્લૂકાત પર કયાસ કરી શકાય છે, તે દૂર રહેવા છતાં પણ નજીક છે અને નજીક હોવા છતાં પણ દૂર છે. અને તે એવો બરતર છે કે એનાથી બુલંદ કોઈ ચીજ નથી. અને તે કોઈ ચીજ પર કાયમ નથી. તેની જાત એવી છે કે કોઈનામાં એના જેવી સિફતો (ગુણો) નથી અને તેના કલામની તશરીહ તથા તાવીલ કરે છે તે મુલ્હિદ છે. અને સૌથી વધુ સમજદાર તે છે જે તેની જાતને સમજી લે. પછી હઝરત અલી رضی اللہ عنہએ ફર્માવ્યું કે દસ હજાર સાચા મુરીદોની સાથે મને મઅરેફતના દરિયામાં ડૂબાડયો અને બે વાર ઉભારીને ઈરાદતના આકાશનો ચમકતો સૂરજ બનાવ્યો. અને જો મને એક વરસની ઉમર પણ અતા કરી દેવામાં આવે તો પણ તેની ઈબાદતમાં ક્ષણવાર માટે રજ માત્ર પણ કમી કરીશ નહીં.

આદેશ કર્યો કે મખ્લૂકની ગુનાહિત પ્રવૃત્તિ મારા માટે એ રીતે તકલીફનો સબબ છે કે હું મખ્લૂકને મારું અંગ ધારુ છું, કેમ કે મુસલમાનો એક જાતની જેમ છે. એટલા માટે હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે જેટલી તકલીફ મને થઈ એટલી કોઈ નબીને નથી થઈ. ફર્માવ્યું કે હું લાંબા અરસા સુધી એ ગુનાહ કરનારાઓની હાલત પર નોહા (રડવું પીટવું) કરતો રહ્યો પરંતું હવે ન મને મારી ખબર છે ન જમીન તથા આસ્માનની. ફર્માવ્યું કે દસ વરસો સુધી દિલે મારી રક્ષા કરી અને દસ વરસો સુધી મેં એની રક્ષા કરી પરંતુ હવે એ કૈફિયત છે કે ન મને દિલનો હાલ માલૂમ છે ન દિલને મારો. ફમાવ્યું કે મખ્લૂક એ વાતથી બેખબર છે કે વીસ વરસથી અલ્લાહ તઆલા મારી ઝબાનથી કલામ કરે છે અને મારું વજૂદ દરમિયાનથી ખત્મ થઈ ચૂક્યું છે. ફર્માવ્યું કે વીસ વરસોથી કેવળ જાહેરી તસવ્વુફ વર્ણન કરું છું, કેમ કે એના નુકતાઓ વર્ણન કરવાની મને ઈજાઝત નથી. ફર્માવ્યું કે જો મેહશરમાં ખુદા તઆલા મને દીદારનો હુકમ આપશે તો હું અર્ઝ કરીશ કે કેમ કે આંખ ગૈર છે અને હું ગૈરના થકી દોસ્તનો મુશાહિદો કરવા નથી ચાહતો. ફર્માવ્યું કે જ્યારે હું એ હકીકતથી માહિતગાર થયો કે, " કલામ તે છે જે કલ્બથી હોય" તો મેં ૩૦ વરસની નમાઝોને દોહરાવી, ત્યાર બાદ ૩૦ વરસો સુધી એ કાળજી લીધી કે જે વખતે પણ નમાઝની અંદર દુનિયાનો ખયાલ આવી જતો તો ફરીથી નમાઝ અદા કરતો, અને જો આખેરતનો ખયાલ આવી જતો તો સજદએ સહ્વ કરી લેતો. ફર્માવ્યું કે અકવાર મેં મુરીદોને કહ્યું, ફર્ઝ નમાઝ સિવાય નફલો પણ તમને નસીહત કરવા કરતાં બેહતર છે તો કદાપિ તમને નસીહત ન કરતો.

આપ સાલિમદ્ દહર (સતત રોઝા રાખનાર) હતા પરંતું મહેમાનના આવવા પર રોઝો ન રાખતા અને ફર્માવતા કે મુસલાન ભાઈઓની મુવાફિકત પણ રોઝાના ફઝ્લથી કમ નથી. આપના તથા હઝરત અબૂબક્ર કેસાઈ વચ્ચે તસવ્વુફના એક હજાર મસાઈલ પર ચર્ચા થઈ અને અબૂબક્ર કેસાઈએ ઈન્તેકાલ વખતે એ વસિયત કરી કે આ મસાઈલને મારી સાથે જ દફન કરી દેવામાં આવે. પરંતુ આપે ફર્માવ્યું કે બીજાઓના હાથોમાં પહોંચવા કરતાં બેહતર એ જ છે કે આ મસાઈલ આપણા બંનેના દિલોમાં જ રહી જાય.

મર્તબાઓની બુલંદી બાદ સર્રી સકતીએ આપને વઅઝ કહેવાનો મશ્વરો આપ્યો તો આપે અર્ઝ કરી કે

આપની હયાતમાં વઅઝગોઈ મને સારી નથી જણાતી. પરંતુ એ જ રાતે હુઝૂરે અકરમ ﷺને ખ્વાબમાં જોયા કે આપ પણ વઅઝગોઈનો હુકમ આપી રહ્યા છે. અને જે વખતે હઝરત સર્રી સકતીને ખ્વાબ વર્ણવવાનો ઈરાદો કર્યો તો આપે ખ્વાબ સાંભળતા પહેલાં જ ફર્માવ્યું કે, શું હજી પણ તમારો ખયાલ એ છે કે અન્ય લોકો તમારાથી વઅઝગોઈ માટે કહે ?! છેવટે હુઝૂરે અકરમ ﷺના ફર્માન બાદ તને શું બહાનુ બાકી રહી જાય છે ? પછી આપે હઝરત સર્રી સકતીથી સવાલ કર્યો કે એ આપને કેવી રીતે જાણ થઈ ગઈ કે રાતમાં મને હુઝૂરે અકરમ ﷺએ વઅઝગોઈનો હુકમ આપ્યો છે ?! જવાબ આપ્યો કે આજે રાતમાં મેં બારી તઆલાને ખ્વાબમાં એવું ફર્માવતાં જોયો કે મેં મુહમ્મદ ﷺને મોકલ્યા છે કે આપ જુનેદને વઅઝગોઈની તાકીદ કરી આપે. પછી હઝરત જુનેદે કહ્યું કે હું એ શર્ત પર વઅઝ કરી શકુ છું કે ચાલીસ લોકોથી વધુનો મજમો ન હોય.

એકવાર વઅઝ દરમિયાન ચાલીસ લોકોમાંથી બાવીસ પર બેહોશી છવાઈ ગઈ અને અઢાર ઈન્તેકાલ કરી ગયા. એકવાર વઅઝ ગોઈ દરમિયાન એક અગ્નિપૂજક મુસલમાનના વેશમાં હાજર થયો અને આપને અર્ઝ કરી કે હુઝૂરે અકરમ ﷺનું એ ફર્માન કે, ''મુસલમાનની ફરાશત (દીર્ઘ દષ્ટિ)થી બચતા રહો કેમ કે તે ખુદાના નૂરથી જુએ છે.'' આ કૌલ સાંભળીને આપે ફર્માવ્યું કે એનો મક્સદ તો એ છે કે તારે મુસલમાન થઈ જવું જોઈએ ! આ કરામતથી પ્રભાવિત થઈને તે મુસલમાન થઈ ગયો. પછી અમુક અરસા માટે આપે એવું કહીને વઅઝગોઈ ત્યજી દીધી કે હું પોતાને હલાકતમાં નાખવાનું પસંદ નથી કરતો. પરંતું થોડા દિવસો બાદ ફરી વઅઝનો સિલસિલો ચાલુ કરી આપ્યો. અને જ્યારે લોકોએ કારણ પૂછયું તો ફર્માવ્યું કે મેં એક હદીષમાં એ જોયું કે મખ્લૂક઼માંથી બદતરીન વ્યક્તિ મખ્લૂક઼નો કફીલ બનીને વઅઝના થકી હિદાયતનો રસ્તો બતાવશે. જેથી મેં પોતાને બદ્તરીન મખ્લૂક઼ ખયાલ કર્યો એટલા માટે ફરી વઅઝ ગોઈ શરૂ કરી આપી. પછી કોઈએ સવાલ કર્યો કે આપને આ બુલંદ મર્તબા કેવી રીતે હાંસલ થયા ? ફર્માવ્યું કે હું એક ટાંગ વડે ચાલીસ વરસો સુધી મારા મુર્શિદના દર પર ઉભો રહ્યો.

આપ ફર્માવ્યા કરતા હતા કે એકવાર મારું ક઼લ્બ (દિલ) ક્યાંક ખોવાય ગયું અને જ્યારે મેં મલી જવાની દુઆ કરી તો હુકમ થયો કે અમે તમારું દિલ એટલા માટે લીધુ છે કે તમે અમારી સાથામાં રહો અને તમે દિલની વાપસી બીજાના પ્રતિ આકર્ષાવા માટે ચાહો છો !

એકવાર હુસૈન મન્સૂર હલ્લાજ હાલના પ્રભાવની કૈફિયતમાં હઝરત અમ્ર બિન ઉષ્માનથી નારાજ દિલે હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہની ખિદમતમાં પહોંચ્યા અને તેમને અર્ઝ કરી, મારી નારાઝગીનો સબબ એ છે કે બંદો પોતાની હોશિયારી તથા મસ્તીના કારણે દરેક સમયે સિફાતે ઈલાહીમાં ફના નથી રહી શક્તો. આપે ફર્માવ્યું કે તમે હોશિયારી તથા મસ્તીનો ભાવાર્થ સમજવામાં ગલતી કરી છે.

કોઈએ આપની સામે હઝરત શિબ્લીનો આ કૌલ નક઼લ કર્યો કે જો ખુદા તઆલા મને ફિરદોસ કે જહન્નમનો અખત્યાર આપી દો તો હું જહન્નમને એટલા માટે અપનાવું કે જન્નત તો મારી પસંદીદા ચીજ છે અને જહન્નમ ખુદાની. જેથી દોસ્તની પસંદીદા ચીજને નાપસંદ કરનાર દોસ્ત નથી, પરંતુ આપે ફર્માવ્યું કે હું તો બંદો હોવાની હૈસિયતથી અખત્યારવાળો હોવાનો દાવો નથી કરી શક્તો, એટલા માટે તે મને જ્યાં પણ મોકલી આપશે શુક્ર બજાવી લાવીશ.

હઝરત રુવૈમને જંગલમાં એક વૃદ્ધાએ એ પયગામ આપ્યો કે બગદાદ પહોંચીને જુનેદને કહેશો કે તમને પબ્લિક સામે ઝિક્ર કરવામાં શરમ નથી આવતી ?! આ પૈગામ સાંભળીને આપે ફર્માવ્યું કે લોકો સમક્ષ એટલા માટે એનો ઝિક્ર કરું છું કે કોઈનાથી પણ તેના ઝિક્રનો હક્ક઼ અદા નથી થઈ શકતો.

કોઈએ હુઝૂરે અકરમ ﷺની સાથે જુનેદને પણ ખ્વાબમાં જોયા અને એક શખ્સે કોઈ ફત્વો હુઝૂર ﷺની સામે પેશ કર્યો તો આપે હઝરત જુનેદની તરફ ઈશારો કરી આપ્યો. તેણે કહ્યું કે જ્યારે હુઝૂર ﷺ ખુદ મૌજૂદ છે તો બીજાની શું જરૂરત છે ? હુઝૂર ﷺએ ફર્માવ્યું કે દરેક નબીને પોતાની ઉમ્મત પર ફખ્ર છે પરંતુ મને મારી ઉમ્મતમાં જુનેદ પર એનાથી વિશેષ ફખ્ર છે.

હઝરત જઅફર બિન નસ્ર વર્ણવે છે કે આપે એક દિરહમ આપીને અંજીર તથા ઝયતૂનનું તેલ ખરીદી લાવવાનો હુકમ આપ્યો અને ઈફતારના સમયે અંજીર મોમાં રાખીને તરત જ કાઢીને ફેંકી દીધું. અને જ્યારે મેં કારણ પૂછયું તો ફર્માવ્યું કે મને એ નિદા આવી કે, ''હે બે હયા ! જે ચીજને તેં અમારી યાદમાં છોડી આપી હતી પછી તેની જ તરફ ધ્યાનિત થઈ ગયો !''

કોઈ દુરવેશની અયાદત (બીમારપુર્સી)ના માટે તશરીફ લઈ ગયા તો તે ગિર્યા (રૂદન આજીજી)માં વ્યસ્ત હતો. આપે સવાલ કર્યો કે કોની અર્પણ કરેલી તકલીફ પર ગિર્યા કરી રહ્યા છો અને કોને એની શિકાયત કરવા ચાહો છો ? દુરવેશ એ સાંભળીને ચૂપ થઈ ગયો. તો આપે ફરી પૂછયું કે મુહય્યિરનો સંબંધ કોની સાથે છે ? તેણે અર્ઝ કરી કે ન રડવાની ઈજાઝત છે ન સબ્રની શક્તિ.

દર્દની હાલતમાં એકવાર આંખો આવી, તો એક અગ્નિપૂજક તબીબે આંખો પર પાણી ન લાવવાની સૂચના આપી. પરંતુ આપે ફર્માવ્યું કે વુઝૂ કરવું તો મારા માટે જરૂરી છે. અને તબીબના ગયા બાદ વુઝૂ કરીને ઈશાની નમાઝ અદા કરીને સૂઈ ગયા અને સવારે જાગૃત થયા તો આંખોનું દર્દ ખત્મ થઈ ગયું હતું. અને એ નિદા આવી કે તમે અમારી ઈબાદતના કારણે આંખોની પરવા ન કરી એટલા માટે અમે તમારી તકલીફ ખત્મ કરી આપી. અને તબીબે જ્યારે સવાલ કર્યો કે એક જ રાતમાં આપની આંખો કેવી રીતે સારી થઈ ગઈ ? તો ફર્માવ્યું કે વુઝૂ કરવાથી. આ સાંભળીને તેણે કહ્યું કે હક઼ીક઼તમાં બીમાર હું હતો અને આપ તબીબ છો ! આવું કહીને તે મુસલમાન થઈ ગયો.

કોઈ બુઝુર્ગે ઈબ્લીસને નાસતો જોયો અને તે બુઝુર્ગ જ્યારે આપની પાસે પહોંચ્યા તો આપને ખૂબ જ ગુસ્સાની હાલતમાં પામ્યા. તો એ બુઝુર્ગે કહ્યું કે ગુસ્સો ત્યજી દો, કેમ કે ગુસ્સાની હાલતમાં શૈતાન સવાર થઈ જાય છે. ત્યાર બાદ જ્યારે રસ્તાનો બનાવ વર્ણવ્યો તો આપે ફર્માવ્યું કે, ઈબ્લીસ મારા ગુસ્સાથી નાસે છે, કેમ કે અન્ય લોકો તો પોતાના નફ્સની ખાતર ગુસ્સો કરે છે. પછી ફર્માવ્યું કે, જો ખુદાએ ઈબ્લીસથી પનાહ માગવાનો હુકમ ન આપ્યો હોત તો હું કદાપિ એનાથી પનાહ ન માગતો.

આપની મુલાકાત મસ્જિદમાં એક ઉમરવાળા શખ્સની સૂરતમાં ઈબ્લીસ સાથે થઈ ગઈ. તો આપે સવાલ કર્યો કે, આદમ علیہ السلامને સજદો ન કરવાનું શું કારણ હતું ? તેણે જવાબ આપ્યો કે, ગૈરુલ્લાહને સજદો કરવો ક્યારે જાઈઝ છે ? આ જવાબથી આપ આશ્ચર્યમાં પડી ગયા, તો ગયબી અવાજ આવ્યો કે એને કહી દો કે, તું જૂઠો છે ?! કેમ કે બંદાને માલિકના હુકમથી વિમુખ થવાની ઈજાઝત નથી. જેથી ઈબ્લીસ આપના ગયબી ઈલ્હામને ભાંપીને તરત જ રફુચક્કર થઈ ગયો.

વધુ પેજ **૪૨** પર.

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી رحمۃ اللہ علیہ

કાર્યાલય ------ હપ્તો : ૨૪

''બહારે શરીઅત'' (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **''ઈસ્લામી અખ્લાક઼ો આદાબ''** એ ''બહારે શરીઅત''નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો ઘણો ખરો ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

**હદીષ–૫૩ :** જે કુર્આન પઢે તેણે અલ્લાહથી સવાલ કરવો જોઈએ. નજીકમાં એવા લોકો આવશે જેઓ કુર્આન પઢીને આદમીઓથી સવાલ કરશે.

*(અહમદ, તિર્મિઝી)*

**હદીષ–૫૪ :** જે કુર્આન પઢીને લોકોની પાસે ખાવાનું માગશે કયામતના દિવસે એ રીતે આવશે કે મોઢા પર ગોશ્ત નહીં હોય ફક્ત હાડકાંઓ હશે.

*(બયહકી)*

**હદીષ–૫૫ :** ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہની પાસે કુર્આન લખવાના હદિયાનો સવાબ આવ્યો. તેમણે ફર્માવ્યું, એમાં વાંધો નથી કે તેઓ નક્શ બનાવે છે અને પોતાના હાથની કારીગરીથી ખાય છે, એટલે આ એક જાતની હાથની કારીગરી છે તેનો હદિયો લેવો જાઈઝ છે. *(રઝીન)*

કુર્આન મજીદની તિલાવતના મસાઈલ (બહારે શરીઅત) ભાગ–૩માં વર્ણવેલાં છે ત્યાંથી માલૂમ કરી લે કુર્આન શરીફના સંબંધે અહીંયા થોડી ઘણી ચર્ચા કરવામાં આવશે.

## કુર્આન મજીદ અને કિતાબોના આદાબ

**મસ્અલા :** કુર્આન મજીદ પર સોના ચાંદીનું પાણી ચઢાવવું જાઈઝ છે એનાથી લોકોની નજરમાં કદર વધારે થાય છે. તેમાં 'એઅ્રાબ અને નુકતા' લગાવવું પણ સારુ છે કારણ કે એવું ન કરવામાં આવે તો ઘણા લોકો તેને સહી રીતે નહી પઢી શકે. આ જ રીતે સજદાની આયત પર સજદો લખવો અને વકફની નિશાની લખવી અને રૂકૂઅની નિશાની લખવી અને તઅમીર એટલે દસ દસ આયતો પર નિશાન લગાવવું જાઈઝ છે. આ જ રીતે સૂરતોનાં નામ લખવાં અને એવું લખવું કે આમાં આટલી આયતો છે આ પણ જાઈઝ છે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મોહતાર) આ જમાનામાં કુર્આન મજીદનાં તરજુમા પણ છપાવવાના રિવાજો છે, જો તર્જુમો સાચો હોય તો કુર્આન મજીદની સાથે છાપવામાં વાંધો નથી એટલા માટે કે એનાથી આયતનો તર્જુમો જાણવામાં સરળતા થાય છે પરંતુ એકલો તર્જુમો ન છાપે.

**મસ્અલા :** ઈતિહાસની કિતાબો, કુર્આન મજીદની જિલ્દ અથવા તફસીર અને ફિકહની કિતાબો પર ગિલાફ ચઢાવવો જાઈઝ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા :** કુર્આન મજીદનું લખાણ ઘણુ જ સારું

અને સાફ સુથરા હર્ફોમાં કરવામાં આવે, કાગળ પણ ઘણો જ સારો અને કલર પણ ખૂબ જ સારો હોય કે જોવામાં સારું દેખાય. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મોહતાર) અમુક છપાવનાર (ધંધાદારી) ઘણા મામૂલી કાગળ પર બહુ જ ખરાબ લખાણ અને કલરથી છપાવે છે, આ કદી પણ ન થવું જોઈએ.

**મસ્અલા :** કુર્આન મજીદની સાઈઝ નાની કરવી મકરૂહ છે. (દુર્રે મુખ્તાર) દા.ત. આજકાલ છપાવનારા તાવીઝી કુર્આન મજીદ છપાવે છે જેની કલમ એટલી પાતળી હોય છે કે પઢવામાં પણ નથી આવતુ બલ્કે હમાઈલ (નાની તકતીનું કુર્આન શરીફ જે ગળામાં લટકાવવામાં આવે છે) પણ છાપવામાં ન આવે કે તેની પણ સાઈઝ ઘણી નાની હોય હોય છે.

**મસ્અલા :** કુર્આન મજીદ ઘણુ જૂનુ થઈ ગયું કે એટલું પણ સાજુ ન રહ્યું કે તિલાવત કરવામાં આવે અને એવો અંદેશો કે તેના વરક (પાના) ફેલાઈ જઈને બરબાદ થઈ જશે તો કોઈ પાક કપડામાં લપેટીને સાવચેતીવાળી જગ્યાએ દફન કરવામાં આવે અને દફન કરવામાં માટે ખાડો કરવામાં આવે જેથી કરીને તેના પર માટી ન પડે અથવા તો તેના પર તખ્ત બનાવી છત જેવુ બનાવી માટી નાખી દે કે તેના. પર માટી ન પડે. કુર્આન મજીદ જૂનું થઈ જાય તો તેને સળગાવવામાં ન આવે. *(આલમગીરી)*

**મસ્અલા :** લુગત (શબ્દ કોશ) નહ્વ સરફનો એક મર્તબો છે, દરેકની કિતાબને એક બીજી પર મૂકી શકાય છે. અને તેનાથી ઉપર ઈલ્મે કલામની કિતાબો રાખવામાં આવે અને તેની ઉપર ફિકહ અને અહાદીષ અને વાઅઝો અને માષૂરહ દુવાઓ ફિકહથી ઉપર, અને તફસીરને તેનાથી ઉપર, અને કુર્આન મજીદને સૌથી ઉપર મૂકે. કુર્આન મજીદ જે પેટીમાં હોય તેના ઉપર કપડાં વગેરહ ન મૂકવામાં આવે. *(આલમગીરી)*

**મસ્અલા :** કોઈએ કેવળ ખૈરો બરકત માટે પોતાનાં ઘરમાં કુર્આન મજીદ મૂકી રાખ્યું છે અને પઢતો નથી તો ગુનોહ નથી બલ્કે તેની આ નિયત સવાબનો ઝરીયો છે. *(ખાનિયા)*

**મસ્અલા :** કુર્આન મજીદ પર જાણી જોઈને ગુસ્તાખીથી પગ મૂકી દીધો તો કાફિર થઈ જશે. *(આલમગીરી)*

**મસ્અલા :** જે ઘરમાં કુર્આન મજીદ મૂકેલુ હોય તેમાં પત્ની સાથે સંભોગ કરવું જાઈઝ છે જ્યારે કે કુર્આન પર પડદો નાખેલો હોય. *(આલમગીરી)*

**મસ્અલા :** કુર્આન મજીદ બહુ સારા અવાજથી પઢવું જોઈએ, એવી જ રીતે અઝાનમાં પણ સારો અવાજ કાઢે એટલે જો અવાજ સારો ન હોય તો સારો બનાવવાનો પ્રયત્ન કરે લહનની સાથે પઢવું કે શબ્દોમાં વધારે ઓછું થઈ જાય જેવું કે ગાવાવાળા કર્યા કરે છે આ નાજાઈઝ છે, બલ્કે પઢવામાં તજવીદની પાબંદી કરે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મોહતાર)*

**મસ્અલા :** કુર્આન મજીદને મારૂફ અને શાઝ બંનેવ કિરાઅતોનો એક સાથે પઢવું મકરૂહ છે તો કેવળ કિર્અતે શાઝાની સાથે પઢવું વધારે પડતું મકરૂહ છે. (દુર્રે મુખ્તાર, રદ્દુર મોહતાર) બલ્કે લોકોની સામે એ જ કિર્અત પઢવામાં આવે જે ત્યાં ચાલતી હોય, એવુ ન થાય કે તે જાણકાર ન હોવાના કારણે ઈન્કાર કરી બેસે.

**મસ્અલા :** મુસલમાનોમાં દસ્તૂર છે કે કુર્આન મજીદ પઢતાં ઉભા થઈને ક્યાંક જાય છે તો તેને બંધ કરી દે છે ખુલ્લુ નથી રાખતા. આ અદબની વાત છે. પરંતુ કેટલીક જગ્યાએ એવું પ્રખ્યાત છે કે ખુલ્લુ મૂકવાથી શૈતાન પઢશે, તેની કોઈ અસ્લ નથી. હોઈ શકે છે કે બાળકોને અદબ શીખવાડવા માટે એવું કાઢવામાં આવ્યું હોય.

**મસ્અલા :** કુર્આન મજીદના આદાબમાંથી એ પણ છે કે તેની તરફ પીઠ ન કરવામાં આવે ન તેની

તરફ પગ ફેલાવવામાં આવે કે ન પગને ઊંચા કરવામાં આવે અને ન એવું કે પોતે ઊંચી જગ્યા પર હોય અને કુર્આન મજીદ નીચે હોય.

**મસ્અલા** : કુર્આન મજીદને જુઝદાન અને ગિલાફમાં મૂકવું અદબ છે, સહાબા અને તાબેઈનના જમાનાથી જ આના પર મુસલમાનોનો અમલ છે.

**મસ્અલા** : નવા કલમનું કાતરણ આમ તેમ ફેંકી શકો છો પરંતું કલમના વપરાશ પછી કાપેલું સાવચેતીવાળી જગ્યાએ મૂકવામાં આવે, ફેંકવામાં ન આવે. એ જ રીતે મસ્જિદનું ઘાસ કચરો કાળજીવાળી જગ્યાએ નાખવામાં આવે, એવી જગ્યાએ ન ફેકવામાં આવે જ્યાં એહતેરામ ન થતો હોય. (આલમગીરી) જે કાગળ પર અલ્લાહ તઆલાનું નામ લખેલું હોય તેમાં કોઈ પણ વસ્તુ મૂકવી મકરૂહ છે અને થેલી પર અલ્લાહનુ નામ લખેલું હોય તેમાં રૂપિયા પૈસા મૂકવા મકરૂહ નથી. ખાધા પછી આંગળીઓને કાગળથી લૂછવી મકરૂહ છે. *(આલમગીરી)*

## મસ્જિદના આદાબ અને કિબ્લો

મસ્જિદને ચૂનો અથવા સિમેન્ટ પી.ઓ.પી.થી નકશો નિગાર કરવી જાઈઝ છે. સોના ચાંદીના પાણીથી પણ નકશો નિગાર કરવું જાઈઝ છે જ્યારે કે કોઈ શખ્સ પોતાનો માલ આપીને કરે. વકફથી એવુ નથી કરી શકતા. બલ્કે મસ્જિદના મુતવલ્લીએ જો વકફના માલથી સોના ચાંદીનો નકશ કરાવ્યો હશે તો દંડ (તાવાન) આપવો પડશે. હા ! જો મસ્જિદના સ્થાપકે નકશ કરાવ્યો હતો જે ખરાબ થઈ ગયો તો મસ્જિદના મુતવલ્લી મસ્જિદના માલથી પણ નકશો નિગાર કરાવી શકે છે. કેટલાક મશાઈખો કિબ્લા તરફની દિવાલ પર નકશો નિગાર કરવાને મકરૂહ બતાવે છે કે નમાઝીનું દિલ તેની તરફ જતુ રહેશે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મોહતાર)*

**મસ્અલા** : મસ્જિદની દિવાલોમાં સિમેન્ટ પી.ઓ.પી. પ્લાસ્ટર કરાવવું જાઈઝ છે કે તેના કારણે ઈમારત હિફાઝતવાળી રહેશે. મસ્જિદમાં પ્લાસ્ટર અથવા ચૂનો કરાવવામાં નાપાક પાણીનો વપરાશ ન કરે. *(આલમગીરી)*

**મસ્અલા** : મસ્જિદમાં દર્સ (દીની વાતનું શિક્ષણ) આપવું જાઈઝ છે ભલે દર્સના સમયે મસ્જિદની જા નમાઝ અને ચટાઈઓનો ઉપયોગ કરતો હોય. મસ્જિદમાં ખાવુ પીવું અને સૂવું એતેકાફવાળા માટે જાઈઝ છે, એતેકાફ વગરના માટે મકરૂહ છે. જો કોઈ શખ્સ મસ્જિદમાં ખાવા અથવા સૂવા માગતુ હોય તો એતેકાફની નિય્યત કરી મસ્જિદમાં પ્રવેશે અને ઝિક્ર કરે અથવા નમાઝ પઢે ત્યાર પછી તે કામ કરી શકે. (આલમગીરી) હિંદુસ્તાનમાં લગભગ આ દરેક જગ્યાએ રિવાજ છે કે રમઝાન માસમાં મસ્જિદમાં ઈફતાર કરે છે, જો મસ્જિદની બહાર કોઈ એવી જગ્યા હોય કે ત્યાં ઈફતાર કરે તો પછી મસ્જિદમાં ઈફતાર કરે, નહીં તો પ્રવેશ કરવાના સમયે એતેકાફની નિય્યત કરી લે, હવે ઈફતાર કરવામાં વાંધો નથી પરંતું એ વાતનો અદબ કરવો પણ જરૂરી રહેશે કે મસ્જિદનું ફર્શ અને ચટાઈઓ ગંદી ન કરે.

**મસ્અલા** : મસ્જિદને માર્ગ બનાવવામાં ન આવે, દા.ત. મસ્જિદના બે દરવાજા છે અને તેને ક્યાંક જવુ હોય તો સરળતા એમાં છે કે એક દરવાજામાં પ્રવેશ કરીને બીજાથી નીકળી જાય, આવુ ન કરે. જો કોઈ શખ્સ એ નિય્યતથી ગયું કે આ દરવાજામાં પ્રવેશીને બીજાથી નીકળી જશે. અંદર ગયા પછી પોતાના આ કામ પર અફસોસ થયો તો જે દરવાજાથી નીકળવાનો ઈરાદો કર્યો હતો તે સિવાયના બીજા દરવાજાથી નીકળી જાય. અને કેટલાક ઓલમાએ ફર્માવ્યું છે કે એ શખ્સ પહેલા નમાઝ પઢે પછી નીકળે. અને અમુકે ફર્માવ્યું કે જો વુઝૂ વગરનો છે તો જે દરવાજાથી ગયો છે ત્યાંથી નીકળે. મસ્જિદમાં પગરખાં પહેરીને જવું મકરૂહ છે. *(આલમગીરી) (ક્રમશઃ)*

**મસ્અલા-૭**

# રસૂલે ખુદા ﷺ નો ગયબનો ઈલ્મ કિતાબ તથા સુન્નતની-રોશનીમાં

**અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી**
*(સદર : દારુલ ઈફતા જામિઆ અશરફિયા-મુબારકપુર)*
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

**(૫)** ઈમામુલ વહાબિયા મિશ્કાતના પ્રકરણ બાબુલ એલાનુન્નિકાહથી બુખારી શરીફની એક હદીષ નકલ કરીને લખે છે :–

"રબીઅ એક બીબી હતાં અન્સારમાંથી. તેમની શાદીમાં પૈગંબરે ખુદા તશરીફ લાવ્યા અને તેમની પાસે આવીને બેઠા તો એ લોકોની કેટલીક છોકરીઓ કાંઈક ગાવા લાગી. એમાં પૈગંબરે ખુદાની તારીફમાં આ વાત કહી (وفينا نبيٌّ يعلم ما في غدٍ) કે એમને અલ્લાહે એવો મર્તબો આપ્યો છે કે ભવિષ્યની વાતો જાણે છે."

તો પૈગંબરે ખુદાએ મના કર્યું અને ફર્માવ્યું કે, "આ વાત ન કહો, જે કાંઈ પહેલાં ગાતી હતી એ જ ગાતી રહો."

આ હદીષથી જાણવા મળ્યું કે કોઈ અંબિયા તથા ઔલિયા અથવા ઈમામ અથવા શહીદની જનાબમાં કદાપિ એ અક઼ીદો ન રાખે અને ન તેમની તારીફમાં એવી વાત કહે. (તકવિયતુલ ઈમાન, ઈસ્માઈલ દહેલ્વી, પેજ : ૨૨, ૨૩, અલ ફસ્લુષ્ષાની ફી રદ્દિલ ઈશ્રાક ફિલ ઈલ્મ, રાશિદ કંપની, દેવબંદ) વર્ણવેલ હદીષથી જાહેર એ છે કે સરકાર ﷺએ ગાવા વગાડવાની મેહફિલમાં નઅત શરીફનો કોઈ શેઅર અથવા કડી પઢવું નાપસંદ કર્યું, એનાથી એવું કદાપિ સાબિત નથી થતુ કે **હુઝૂરના માટે ઈલ્મે ગયબનો અક઼ીદો રાખવો શિર્ક ફિલ ઈલ્મ અથવા ગલત છે.**

એના બારામાં ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ એક જગાએ લખ્યું : હુઝૂરે અક઼દસ ﷺએ لَهْوِ مُبَاح માં તો પોતાનો ઝિક્રે કરીમ નાપસંદ કર્યો અને અન્સારની નાની વયની છોકરીઓએ શાદીના પ્રસંગ બાદ ગાવામાં આ કડી પઢી : وَ فِيْنَا نَبِيٌّ يَعْلَمُ مَا فِيْ غَدٍ "આપણામાં તે નબી છે ભવિષ્યની વાતો જાણે છે." તો એમને મના કરી આપ્યું : دَعِيْ هٰذِهٖ وَ قُوْلِيْ بِالَّذِيْ كُنْتِ تَقُوْلِيْنَ "એને રહેવા દો અને એ જ કહેતી રહો જે કહી રહી હતી.

ઈમામ હુજ્જતુલ ઈસ્લામ મુહમ્મદ ગિઝાલી قدس سرہઈહયાઉલ ઉલૂમ શરીફમાં કિતાબુલ મસ્અલતિસ્સમાઅમાં ફર્માવે છે : "આ શેઅર હુઝૂરની નબુવ્વતની ગવાહી હતો કે ખુદાના બતાવવાથી ................ ગયબનું જાણવું નબુવ્વતની જ શાન છે, તો હુઝૂર પુરનૂર ﷺએ ન ચાહ્યું કે તેને ખેલકૂદના સ્વરૂપમાં સામેલ કરવામાં આવે. જેથી એનાથી રોકી દીધું." *(ઈહયાઉલ ઉલૂમ, ૬/૧૧૭૫, કિતાબુ આદાબિસ્સમાઅ વલ્વજ્દ ........દારુશ્શોઅબ, કાહિરા)*

વહાબીઓ આ હદીષને ક્યાંથી ક્યાં લઈ જાય છે ! જ્યારે કે વાત કેવળ આટલી જ હતી કે જો હુઝૂર ઈલ્મે ગયબની નિસ્બત નાપસંદ કરતા હતા તો કોનાથી ? ઓછી સમજવાવાળી સ્ત્રીઓથી તે પણ છોકરીઓથી. અને જ્યારે આક઼િલ પુરૂષ "માલિક ઈબ્ને ઔફ હવાઝની' رضی اللہ عنہએ પોતાના હુઝૂર માટેના નઅતિયા ક઼સીદામાં અર્ઝ કરી છે જેમાં ફર્માવ્યું : وَمَتٰى تَشَا يُخْبِرْكَ عَمَّا فِيْ غَدٍ "તો તું જ્યારે ચાહે ત્યારે આ નબી તને ભવિષ્યની વાતો બતાવી આપે." તો એના પર કેમ ઈન્કાર ન કર્યો ?! જ્યારે કે તેમણે તો એ સ્ત્રીઓ કરતાં ઘણુ વધારે કહ્યું છે જેનાથી ક઼યામત

સુધીના કુલ ગયબો બિલ ફેઅલ હુઝૂર ﷺને માલૂમ હોવું અથવા કમસે કમ તેમને જાણી લેવું હુઝૂરના અખત્યારમાં આપી દેવામાં આવવું જાહેર છે.........એનો ઈન્કાર કરવાનું તો દૂર રહ્યું પણ હુઝૂર પૂરનૂર ﷺએ એ કસીદાના બદલામાં તેમના માટે ભલી દુઆઓ આપી અને તેમને ખિલ્અત પહેરાવી અને તેમને તેમની કૌમ હવાઝિન તથા ષમાલા તથા સલમા તથા ફહમ પર સરદાર નિયુક્ત કર્યા. *(ફતાવા રઝવિય્યહ, ભાગ-૧૦, નિસ્ફ આખિર, પેજ-૨૬, ૨૭, રિસાલા અલકશ્ફુશ્શફિયા, કિતાબુલ ખતર વલ અબાહા, ફતાવા રઝવિય્યહ, ૧૫/૭૫૪, કિતાબુલ ખતર વલ અબાહા, ઈમામ અહમદ રઝા, એકેડમી, બરેલી, અલજલીસુસ્સાલિહ વલ અનીસુન્નાસિહ લિલ ઈમામુલ મઆની અન અબી ઓબૈદા બિન જર્રાહ رضی اللہ عنہ, ૧/૩૭૩, ૩૭૪, અહસન માક઼્બલફી વસ્ફુલ માઅ્, અલ મકતબતુશ્શામિલા)*

આ લખાણથી આ ફાયદા હાંસલ થયા :–

**(અ)** બાળકોએ એ પઢીને કે, **"અમારામાં તે નબી છે જેઓ ભાવિની વાતો જાણે છે."** નબુવ્વતની શહાદત આપી છે કે, "નબુવ્વત"નો અર્થ જ છે "ગયબની ખબરો આપવી[1] અને નબી "નબુવ્વતની શહાદત"થી નથી રોકી શક્તા.

**(બ)** આ કલમા (વાક્ય)થી રોકવાનો સબબ એ નથી કે આપ ભવિષ્યની વાતો નથી જાણતા, અને એ કારણ કેવી રીતે હોય શકે છે જ્યારે કે ખુદ આપે સહીહ હદીષોમાં વારંવાર એનું એલાન કર્યું છે, બલ્કે એનું કારણ એ છે કે "નબીની નઅત" અને "નબુવ્વતની શહાદત." જેથી મહાન ચીજનો ઉલ્લેખ સરકાર ﷺએ ગાવા વગાડવાની મેહફિલમાં પસંદ ન કર્યો, ભલે એ ગાવુ વગાડવું મુબાહ હતું, કે મહાનતાવાળી (મોઅઝ્ઝમાત) ચીજોનો ઉલ્લેખ મોઅઝ્ઝમ મજલિસમાં થવો જોઈએ.

**(ક)** એ જ કારણે હઝરત માલિક બિન ઔફ હવાઝની رضی اللہ عنہએ જ્યારે બારગાહે રિસાલતમાં હાજર થઈને આ કડી પઢી : وَمَتٰى تَشَأْ يُخْبِرْكَ عَمَّا فِيْ غَدٍ "તું જ્યારે ચાહે આ નબી તને ભવિષ્યની વાતો બતાવી આપે." તો હુઝૂર ﷺએ તેમને નથી રોક્યા. જ્યારે કે આ વાક્ય وَفِيْنَا نَبِيٌّ يَعْلَمُ مَا فِيْ غَدٍ થી વધીને છે. કારણ એ છે કે હઝરત માલિક "બારગાહે અર્શજાહ"માં પઢી રહ્યા હતા. તેમજ એમાં સામાન્યપણુ ઘણુ છે.

શક્ય છે કોઈને એ શંકા થાય કે હઝરત માલિક ઈબ્ને ઔફ رضی اللہ عنہની હદીષ સિહાહમાં નથી એટલા માટે તેનાથી દલીલ પુરવાર કરવું ઝઈફ છે. પણ એ શંકા એટલા માટે રદ બાતલ છે કે હઝરત માલિક બિન ઔફ رضی اللہ عنہની **આ કડી ખૂબ જ અધિક પ્રમાણમાં સિહાહની હદીષો બલ્કે સહીહ હદીષોનો ખુલાસો છે** જેની એક પસંદગી અમે પાછલા પેજોમાં રજૂ કરી.

આ સંપૂર્ણ ચર્ચાનો સાર એ થયો કે :–

**૦૧.** ગયબનો ઈલ્મ અલ્લાહની પાસે જ છે, અને એ "ઝાતી ઈલ્મ" છે જે કોઈના આપ્યા વિના તેને પોતાની જાતથી હાંસલ છે. અને એ વિના શંકાએ ઝાતી ઈલ્મ ખુદાએ વહદહૂ લાશરીકની સાથે ખાસ છે. એ મખ્લૂક઼માં કોઈને ઉપલબ્ધ નથી.

**૦૨.** અલ્લાહ તઆલાએ પોતાના ખાસ કરમથી પોતાના નબીઓ તથા રસૂલોને અગણિત ગયબી

*૧. ઈમામ કુસ્તલાની મવાહિબે લદુન્નિયહમાં ફર્માવે છે : નબુવ્વતનો અર્થ છે ગયબની ખબર આપવું, માહિતગાર કરવું. અરબી ડિક્ષનરી અલ્મુન્જિદમાં છે : અલ્લાહના ઈલ્હામ થકી ગયબ કે ભવિષ્યની ખબર આપવી. અલ્લાહ તઆલા અને તેની જાત તથા સિફતોના બારામાં ખબર આપવી. (પેજ-૭૮૪)*

ઈલ્મો અતા કર્યા અને તેમને મા કાન વમા યકૂન (ભૂત, વર્તમાન, ભાવિ)ના ગયબો પર ખબર આપી, આ "અતાઈ ઈલ્મ" છે જે બંદાઓ સાથે ખાસ છે. આ ઈલ્મ અલ્લાહ તઆલા માટે હોય જ શકતો નથી, કેમ કે કોઈ એને અતા કરનારુ નથી.

૦૩. કોઈ બંદાના માટે "અલ્લાહના જેવો ઈલ્મ" માનવો શિર્ક છે. ઈમામે અહલે સુન્નત મુજદ્દિદે ઈસ્લામ લખે છે : "ઈલ્મે ઝાતી અલ્લાહ عزوجلથી ખાસ છે જે એમાંથી કોઈ ચીજ ભલે એક રજકણથી ઓછી ગૈરે ખુદા માટે માને તે યક઼ીનન ! કાફિર તથા મુશ્રિક છે." *(ખાલિસુલ એ'તેકાદ, પેજ : ૯, ૧૦, રઝા એકેડમી મુંબઈ, ❖ અદ્દલવતુલ મક્કિયા, પેજ–૧૩, ઈસ્તંબુલ ❖ ફતાવા રઝવિય્યહ, ૧૮/૫૭૧, કિતાબુલ અક઼ાઈદ વલ્કલામ)*

૦૪. આપણે અહલે હક્ક઼ અહલે સુન્નત વ જમાઅત અંબિયા તથા મુરસલીન علیھم السلامના માટે અથવા કોઈ પણ બંદાના માટે "ઈલ્મે ઝાતી" અને ઈલ્મે મુહીત, તફસીલી નથી માનતા, બલ્કે કેવળ અને કેવળ અતાઈ ઈજમાલી (સંક્ષિપ્ત) માનીએ છીએ.

૦૫. અહલે હદીષ ફિર્ક઼ાના ઈમામ, અંબિયા તથા મુરસલીન માટે "અતાઈ ઈલ્મ" માનવા પણ તૈયાર નથી ! અને "અલ્લાહના જેવો ઈલ્મ" બતાવે છે અને તેને "શિર્ક" ઠરાવે છે, પણ આ સો ટકા ગલત છે. એને "અલ્લાહના જેવો ઈલ્મ" અને "શિર્ક" સાબિત કરવા માટે જરૂરી છે કે :–

★ તેને માનનારા કિતાબુલ્લાહની આયતો અને રસૂલુલ્લાહ ﷺની હદીષોથી સાબિત કરે કે આ ખુદાએ ગની તથા બેનિયાઝનો (ઈલ્મ એ) અતા કરેલો ઈલ્મ છે.

★ સાથોસાથ એ પણ સ્પષ્ટ કરે કે તેને ઈલ્મે ગયબ કોણે અતા કર્યો અને ક્યારે અતા કર્યો ?

નામો તો આ ફિર્ક઼ાએ પોતાના માટે ઘણા સારાં સારાં તજવીઝ કર્યા : "અહલે હદીષ, અષરી, સલફી" એટલા માટે અમે ગુઝારિશ કરીએ છીએ કે પોતાના નામની તો કાંઈક લાજ રાખો ! "અહલે હદીષ" છો તો હદીષ પેશ કરો ! "અષરી" છો તો "અષર" લાવો ! "સલફી" છો તો સલફે સાલેહનથી (પૂર્વજ બુઝુર્ગોથી) નક઼લ પેશ કરો કે અલ્લાહનો ઈલ્મ અતાઈ છે, અને ફલાણાએ ફલાણા સમયે અતા કર્યો. જો નથી પેશ કરી શકતા અને કદાપિ પેશ નથી કરી શક્તા ! તો તૌબા કરીને અહલે હક્ક઼ના વર્ગમાં (અહલે સુન્નત)માં સામેલ થઈ જાવ.

## ★ અલ્લાહના ઈલ્મ તથા નબીના ઈલ્મમાં વિવિધ પાયાના તફાવતની સ્પષ્ટતા ★

અમે આ પ્રકરણમાં ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત رحمۃ اللہ علیہથી "અલ્લાહના ઈલ્મ" અને "નબીના ઈલ્મ" દરમિયાન તફાવત સ્પષ્ટ કરવા ચાહીએ છીએ જેથી ન્યાયપ્રિય લોકો પર એ જાહેર થઈ જાય કે અમે અહલે સુન્નત નબી કરીમ ﷺના માટે કદાપિ કદાપિ "અલ્લાહના જેવો ઈલ્મ" નથી માનતા. આપ લખે છે :–

❑ અલ્લાહ તઆલાનો ઈલ્મ ઝાતી છે અને મખ્લૂક઼નો ઈલ્મ અતાઈ (અલ્લાહનો આપેલો).

❑ અલ્લાહ તઆલાનો ઈલ્મ તેની ઝાતના માટે વાજિબ છે અને મખ્લૂક઼નો ઈલ્મ તેની ઝાતના માટે શક્ય નથી.

❑ અલ્લાહ તઆલાનો ઈલ્મ અઝલી (હમેશાંથી), સરમદી (હમેશાં માટે), ક઼દીમ (હમેશાં માટેનો), હક઼ીક઼ી છે. એવું નહીં કે પહેલાં ન હતો પછી

જોયો. અને મખ્લૂક઼નો ઈલ્મ હાદિષ (પાછળથી મળેલો) કે પહેલાં ન હતો પછી થયો.

- ❑ અલ્લાહ તઆલાનો ઈલ્મ ગૈર મખ્લૂક઼ છે અને મખ્લૂક઼નો ઈલ્મ મખ્લૂક઼ છે.
- ❑ અલ્લાહ તઆલાનો ઈલ્મ કોઈની કુદરત (તાબા) હેઠળ નથી, અને મખ્લૂક઼નો ઈલ્મ અલ્લાહ તઆલાની કુદરતના હેઠળ અને તેના અખત્યાર હેઠળ છે.
- ❑ અલ્લાહ તઆલાનો ઈલ્મ બાકી રહેવો વાજિબ છે, અને મખ્લૂક઼નો ઈલ્મ એવો નથી, તેનું ફના થવા શક્ય છે.
- ❑ અલ્લાહ તઆલાના ઈલ્મમાં ફેરફાર થવું મુહાલ (અશક્ય) છે અને મખ્લૂક઼ના ઈલ્મમાં ફેરફાર શક્ય છે.

ومع هذه التفريقات لا يتوهم المساواة إلّا الذين أعمى الله أبصارهم

*(અદ્વલતુલ મક્કિયા, પેજ–૩૦, ઈસ્તંબુલ)*

તેમજ ફર્માવે છે :

- ❑ કોઈ મખ્લૂક઼નું અલ્લાહની માલૂમાતને સંપૂર્ણ તફસીલ સાથે મુહીત થઈ જવું (ઘેરી લેવું) શરીઅતથી પણ મુહાલ (અશક્ય) છે, અને બુદ્ધિથી પણ. બલ્કે જો સર્વ દુનિયાવાળાઓ, આગલા પાછલા સૌના ઈલ્મોનો સમૂહ કરવામાં આવે તો તેમને અલ્લાહના ઈલ્મો સાથે એ નિસ્બત ન થશે જે એક ટીપાને દસ લાખ હિસ્સાઓમાંથી એક હિસ્સાને દસ લાખ સમુદ્રોથી છે. *(ખાલિસુલ એ'તેકાદ, પેજ–૧૦, ફતાવા રઝવિય્યહ્, પેજ–૨૧, ૨૨, ઈસ્તંબુલ)*

તેમજ લખે છે : ઈલ્મે ઝાતી અને ઈલ્મે મુહીત તફસીલી અલ્લાહ ﷻ સાથે ખાસ છે, બંદાઓના માટે કેવળ એક ગણો ઈલ્મ અલ્લાહની અતાના રૂપે છે. *(ખાલિસુલ એતેકાદ, પેજ–૧૧, અદ્વલતુલ મક્કિયા, પેજ–૩૬, ફતાવા રઝવિય્યહ્, ૧૮/૫૭૪, કિતાબુલ અક઼ાઈદ વલ્કલામ, ઈમામ અહમદ રઝા એકેડમી, બરેલી)*

તેમજ ફર્માવે છે : "અમે ન ઈલ્મે ઈલાહીથી બરાબરી માનીએ છીએ અને ગૈરના માટે ઈલ્મ બિઝ્ઝાત (ઝાતી ઈલ્મ) માનીએ છીએ અને અલ્લાહની અતાથી પણ અમુક જ ઈલ્મ મળવું માનીએ છીએ." *(ખાલિસુલ એતેકાદ–૧૧, ફતાવા રઝવિય્યહ્, ૧૮/૫૭૪, કિતાબુલ અક઼ાઈદ વલ કલામ, બરેલી, અદ્વલતુલ મક્કિયા)*

**'અલ્લાહના ઈલ્મ' અને 'નબીના ઈલ્મ'માં આટલા સ્પષ્ટ તફાવતો અને રોશન ઉઘાડી સ્પષ્ટતાઓ હોવા છતાં પણ જો કોઈ તેને "અલ્લાહકા સા" (અલ્લાહના જેવો ઈલ્મ) અને "શિર્ક" કહે તો વિના શંકાએ મહાન ઝિયાદતી (જુલ્મ) છે.** *(સંપૂર્ણ)*


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** (ગુજરાતી તર્જુમા સાથે)

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : **રૂા. ૫૫૦/–** (ટપાલ ખર્ચ રૂા.૧૫૦ અલગ)

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
**C/o.** ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

ઈસ્લામના
મુજદ્દિદો વિશે વર્ણન

બીજી સદીના મુજદ્દિદ ૭

# ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہ

*(હિ.સ. ૧૧૬ થી ૨૦૪)*

*(કાર્યાલય)*

**નામ :** હસન.

**કુન્નિયત :** અબૂ અલી અને નિસ્બત લૂઅલૂઈ હતી. પિતાનુ નામ ઝિયાદ હતું જે અન્સારના ગુલામોમાંથી હતા. આપ મૂળ કૂફાના રહેવાસી હતા, બાદમાં સ્થળાંતર કરીને બગદાદમાં વસવાટ અપનાવ્યો હતો.

**લૂઅલૂઈ કહેવાની નિસ્બત :** લૂઅલઈથી આપ પ્રખ્યાત હતા, કેમ કે આપના બુઝુર્ગોમાંથી કોઈ 'લુઅલૂઅ' એટલે મોતીનું ખરીદ વેચાણ કર્યા કરતા હતા.

**જન્મ મુબારક :** જન્મ મુબારકની કોઈ તારીખ નથી મળતી, અલ્બત્ત શૈખ મુહમ્મદ ઝાહિદ કૌષરી પોતાની કિતાબ 'અલ્ઈમ્તાઅ'માં વર્ણવે છે કે હઝરત બુરહાનુલ ઈસ્લામ ઝરલૂજીએ લગભગ હિ.સ. ૧૧૬ બતાવી. જેવું કે આપ પોતાની કિતાબ 'તાલીમુલ મુતઅલ્લિમ'માં આપની તા'લીમના હવાલાથી દર્શાવે છે : **આપે ચાલીસ વરસો સુધી ઈલ્મ હાંસલ કર્યો પછી ફિક્હ તથા ફત્વામાં મશગૂલ રહ્યા અને આપની તા'લીમની શરૂઆત એક અંદાઝ મુજબ આઠ વરસની ઉંમરથી થઈ.** તો આ લેહાઝથી આપના જન્મની હિ.સ. ૧૧૬ છે. *(અલ્ઈમ્તાઅ્ બસીરતુલ ઈમામૈન અલહસન બિન ઝિયાદ વ સાહિબહુ મુહમ્મદ બિન શુજાઅ રહમુહુમુલ્લાહ, પેજ : ૮૧, પ્રકાશક : મકતબા અલ્અઝહરિયહ લિલ તરાષ)*

**ઈમામે આ'ઝમ رضی اللہ عنہની બારગાહમાં :** હઝરત હસન બિન ઝિયાદ હમેશાં ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہની ખિદમતમાં રહ્યા કરતા હતા. એક દિવસ તેમના પિતાએ તેમને કહ્યું કે મારી કેટલીક પુત્રીઓ છે અને હસન સિવાય મારો કોઈ સહારો તથા મદદગાર નથી તો આપ એમને એવું કામ કરવાની સલાહ આપો જે એમના માટે લાભદાયી હોય. જ્યારે હસન બિન ઝિયાદ આવ્યા તો તેમને ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہએ ફર્માવ્યું કે, તમારા પિતા આવ્યા હતા અને આવું કહેતા હતા. તમે ફિક્હની મજલિસમાં પાબંદીથી હાજરી આપ્યા કરો કેમ કે **મેં કોઈ ફક઼ીહને ફક઼ીર મોહતાજ નથી જોયો.** *(અન્વારે ઈમામે આ'ઝમ, પેજ–૧૭૧, પ્રકાકશ : મકતબા ઐયૂબિયા, રઝાનગર શરીફ, પ્રકાશન વર્ષ : હિ.સ. ૧૪૩૪)*

આપ ઈમામે આ'ઝમ رضی اللہ عنہના શાગિર્દોમાં ઉચ્ચ કક્ષાના ફક઼ીહ છે, અને હનફી ફિક્હના સંપાદનની મજલિસના મહત્વના રુકન હતા. મજલિસમાં સવાલો સૌ પ્રથમ આપ જ પેશ કરતા હતા. શમ્સુલ અઈમ્મા સરખસીએ ફર્માવ્યું : 'હસન બિન ઝિયાદ સવાલ ઉઠાવવા અને પૂછવામાં સૌથી અગ્રેસર હતા.' *(અલ જવાહિરુલ મુઝીઅહ ફી તબક઼ાતિલ હનફિયા અબ્દુલ ક઼ાદિર ઈબ્ને મુહમ્મદ ઈબ્ને નસ્ર અલકર્શી અલ હનફી, વફાત : હિ.સ. ૭૭૫, ૨/૧૨૮, મીર મુહમ્મદ કુતુબખાના–કરાચી)*

પોતાની તીવ્ર બુદ્ધિમત્તા (ત્વરિત સમજશક્તિ) અને દૃષ્ટિ તથા ચિંતન શક્તિના કારણે આપ ઘણા દુર્લભ સવાલો કર્યા કરતા હતા. લોકો આપના સવાલો સાંભળીને દંગ રહી જતા. અલી બિન સાલેહનું બયાન છે : 'એકવાર ક઼ાઝી અબૂ યૂસુફની દર્સગાહમાં પહોંચ્યા. ક઼ાઝી સાહબે પોતાના શાગિર્દોને કહ્યું, તમે લોકો તેમને તુરંત સવાલો શરૂ કરી આપજો. જો તેમણે સવાલો પૂછવાનું શરૂ કરી આપ્યું તો પછી તમારા

માટે ખામોશી સિવાય કોઈ ચારો હશે નહીં. ઈમામ હસન બિન ઝિયાદે મજલિસમાં આવતાં જ સવાલ પેશ કર્યો અને તેની સાથે એક સવાલ જોડી દીધો. મેં અબૂ યૂસુફને જોયા કે તેમણે હઝરત હસન બિન ઝિયાદની શંકાઓ અને સવાલો તથા જવાબની અતિ અધિક્તાના કારણે આમતેમ જોવાનું શરૂ કરી આપ્યું. *(હવાલો : ઉપર મુજબ)*

**આપની વ્યસ્તતા :** હસન બિન ઝિયાદ رحمۃ اللہ علیہ એ પોતાની જિંદગીના સમયોને વિવિધ હિસ્સાઓમાં વહેંચી રાખ્યા હતા :

- ❑ આપ ફજરની નમાઝથી ફારિગ થયા બાદ ફુરૂઈ મસાઈલમાં ચિંતન વિચારણા કર્યા કરતા હતા.
- ❑ પછી ઘરે તશરીફ લાવતા અને ઝહોરની નમાઝ સુધી ઘરેલુ કામકાજમાં કાર્યરત રહેતા.
- ❑ ઝહોરની નમાઝની અદાયગી પછી અસર સુધીનો સમય મળવા જુલવાવાળાઓ માટે ખાસ હતો.
- ❑ અસરથી મગરિબ સુધી આપ દીની મસાઈલમાં પોતાના સાથીઓ સાથે ચર્ચા વિચારણા અને મુનાઝરામાં રહેતા. મગરિબની નમાઝ પઢીને ઘરે આવી જતા.
- ❑ થોડાક સમય બાદ ફરી પરત આવતા અને ઈશાની નમાઝ સુધી પેચીદા તથા તેહક઼ીક઼ના મસાઈલ પર ઈલ્મી બહષો મુબાહિષા કરતા. આ સિલસિલો ખાસ્સો લાંબો રહેતો.
- ❑ ઈશા બાદ રાતના ૧/૩ ભાગ સુધી ક઼ૌમની ફલાહ તથા ભલાઈ માટે મુશ્કેલથી અતિ મુશ્કેલ મસાઈલ પર ચર્ચા વિચારણા કર્યા કરતા હતા.

**આપના ઉસ્તાદો :** આપે ઘણા જ પ્રખ્યાત ઉલમા, ફક઼ીહો તથા મુહદ્દિષોથી ફયઝ હાંસલ કર્યો જેમાંથી અમુકનાં નામો નીચે મુજબ છે :–

‘હઝરત ઈમામે આ’ઝમ અબૂ હનીફા, હઝરત દાઊદ નસીર, હઝરત હમ્માદ બિન અબૂ હનીફા, હઝરત ઝફર બિન હઝીલ, હઝરત ઈમામ અબૂ યૂસુફ, હઝરત સઈદ બિન અબૂ તાઈ, હઝરત અબ્દુલ મલિક બિન જરીહ, હઝરત માલિક બિન મગૂલ, હઝરત વકીઅ, હઝરત ઐયૂબ બિન ઉક઼બા, હઝરત હસન બિન અમ્મારા, હઝરાત ઈસા બિન ઉમર હમ્દાની (رضوان اللہ تعالیٰ علیہم اجمعین).’

આપની ઈલ્મી વ્યસ્તતાનો એ આલમ હોતો કે ખાવા પીવા તથા વુઝૂના સમયે પણ ફિક઼્હી મસાઈલ વર્ણવ્યા કરતા હતા. મુલ્લા અલી ક઼ારી લખે છે : “આપની એક બાંદી હતી જ્યારે આપ ખાવા વુઝૂ કે કોઈ અન્ય કામમાં વ્યસ્ત થતા તો તે આપને મસાઈલ પૂછતી ત્યાં સુધી કે આપ જરૂરતથી ફારિગ થતા. *(અખ્બારિલ જનીઅહ ફી અસ્માઈલ હનફિયા લિ મુલ્લા અલી ક઼ારી, પેજ : ૧૨૫)*

જેથી પૂરેપૂરી રાત મુશ્કેલ મસાઈલની તેહક઼ીક઼ તથા તફહીમમાં ગુજારી દેતા. આપ ખુદ ફર્માવતા : ‘ ‘ચાલીસ વરસથી આખી રાત ચિરાગ મારી સામે સળગતો રહેતો હતો.” *(માખૂઝ : અઈમ્મએ અરબા, પેજ : ૩૦૧, મૌલાના ડો. મુહમ્મદ આસિમ આ’ઝમી, પ્રેસ : કમાલ બુક ડેપો, પ્રકાશન વર્ષ : હિ.સ. ૧૪૩૬, ઈ.સ. ૨૦૧૫)*

**ક઼ઝા (ન્યાયાધીશ)ના હોદ્દા પર નિયુક્ત :** હિ.સ. ૧૯૪માં ક઼ાઝી બિન ગયાષના વિસાલ કર્યા બાદ આપ કૂફાની ક઼ઝાના મુતવલ્લી નિયુક્ત થયા, પણ વહેલી તકે પોતાના હોદ્દાનો ત્યાગ કરી દીધો.

તેનું કારણ એ બતાવવામાં આવે છે કે જ્યારે આપ ક઼ઝામાં હોતા તો પોતાના સાથીઓથી મસ્અલો પૂછીને હુકમ આપતા અને જ્યારે ક઼ઝાની મજલિસથી બરખાસ્ત થતા તો તમામ ઈલ્મી શક્તિ આપની પોતાની જગાએ પરત આવી જતી. તો એના કારણે હાકિમ બકાલીએ કહ્યું, “અલ્લાહ આપના પર રહમ ફર્માવે ! ક઼ઝાનો (ન્યાયાધીશનો) હોદ્દો આપના માટે મુનાસિબ નથી, અને મને ઉમ્મીદ છે કે આ એક

ભલાઈના કારણે છે જેનો ઈરાદો આપની સાથે ફર્માવે છે.'' *(માખૂઝ : અલ્ઈમ્તાઅ બસીરતુલ ઈમામૈન અલ હસન બિન ઝિયાદ વ સાહિબહ મુહમ્મદ બિન શજાઅ رحمۃ اللہ علیہ, પેજ : ૨૪, મકતબા અઝહરિય્યહ લિલ તરાષ)*

**ખૂબીઓ તથા ફઝાઈલ :** ફિક્હ તથા ઈજતેહાદ તથા ઝુહદ તથા વરઅમાં આપ સમયના અજોડ હતા. ઈમામ બુખારીના ઉસ્તાદ હઝરત યહ્યા બિન આદમ ફર્માવે છે : ''મેં હસન બિન ઝિયાદ કરતાં ફકીહ નથી જોયો.'' *(અલ જવાહિરુલ મુઝીઅહ ફી તબકાતિલ હનફિયા, પેજ : ૧૨૭)*

તમર બિન હઝારથી જ્યારે લોકોએ પૂછયું કે હસન બિન ઝિયાદ મોટા ફકીહ છે કે મુહમ્મદ બિન હસન ? તો તેમણે કહ્યું કે, ''બખુદા ! મૈં હસન બિન ઝિયાદને એવા જોયા છે કે જ્યારે તે મુહમ્મદ બિન હસનથી કોઈ સવાલ કરતા તો તેમને બેચૈન કરી દેતા હતા કે તે રડવાની નજીક થઈ જતા હતા.'' *(હદાઈકે હનફિયા, પેજ–૧૬૩, ફકીર મુહમ્મદ જહલમી رحمۃ اللہ علیہ, નાહિદ ઓફસેટ પ્રિન્ટર્સ, દિલ્હી–૬, પ્રકાશન વર્ષ : ૨૦૦૬)*

**ખુદાનો ખૌફ અને મસાઈલમાં સાવધાની :** આપના ઝોહદ, વરઅ અને ખુદાના ખૌફનો આલમ એ હતો કે આપને કોઈએ ફત્વો પૂછયો. આપે ફત્વો આપ્યો પરંતુ બાદમાં ખયાલ આવ્યો કે મેં ફત્વો ગલત આપી દીધો છે. પ્રશ્ન કરનારનું નામ તથા એડ્રેસ ખબર ન હતી, તો આપે એક પોકાર કરનાર (મુનાદી)ને મજૂરી આપી રાખ્યો અને પૂરા ઈલાકામાં પોકાર કરાવી આપ્યો કે ફલાણા દિવસે હસન બિન ઝિયાદથી મસ્અલો પૂછવા કોણ આવ્યું હતું ? હસન બિન ઝિયાદે મસ્અલો ગલત બતાવી દીધો છે, જેથી સહીહ જવાબ જઈને માલૂમ કરી લે. જ્યાં સુધી તે પ્રશ્ન કરનાર ન આવ્યો ત્યાં સુધી આપે ફત્વો આપવાનું મૌકૂફ રાખ્યું. જ્યારે પ્રશ્નકર્તા આવ્યો તો આપે ફર્માવ્યું, જે જવાબ આપવામાં આવ્યો હતો તે દુરુસ્ત ન હતો, સહીહ જવાબ આ છે.

**અખ્લાક તથા સુન્નિયતનો પયકર :** હઝરત અહમદ બિન અબ્દુલ હમીદ હારિષી ફર્માવે છે : 'મેં હસન કરતાં અધિક બાઅખ્લાક અને તેમનાથી વધુ માખઝના નજીક કોઈને નથી જોયો.' *(માખૂઝ : તારીખે બગદાદ, ૭/૩૨૬, અહમદ બિન અલી ષાબિલ અલ મઅરૂફ બિહ ખતીબ બગદાદી, દારુલ કુતુબિ ઈલ્મિયા, બૈરૂત, લેનાન)*

આપ સુન્નતે નબવીના ઘણા મુહિબ્બ તથા મુતીઅ હતા ત્યાં સુધી કે રસૂલુલ્લાહ ﷺના કૌલની ઈત્તેબાઅ : البسوھم مما تلبسون માં જે કપડાં આપ ખુદ પહેરતા હતા તે જ પોતાના ગુલામોને પણ પહેરાવતા હતા.' *(હદાઈકે હનફિયા, પેજ : ૧૬૩, ફકીર મુહમ્મદ જહલમી رحمۃ اللہ علیہ, નાહિદ ઓફસેટ પ્રિન્ટર્સ, દિલ્હી–૬, પ્રકાશન વર્ષ : ૨૦૦, હિ.સ.)*

હઝરત મુસ્લિમ બિન કાસિમનો કૌલ છે : ''તે ષિકહ છે.'' *(અલ મુસ્તદરક અલ સહીહૈન, ૨/૨૦૯, ઈમામ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન અબ્દુલ્લાહ હાકિમ નીશાપૂરી, મતબૂઆ દારુલ મઅરિફત, બૈરૂત–લેબનાન)*

**તજદીદે દીનનો સ્વીકાર :** ઈસ્લામ મઝહબના સંબંધથી આપનાં કારનામાં અને રસૂલુલ્લાહ ﷺની હદીષ પર આપની ખિદમતોને જોતાં ઉલમાએ કિરામે આપની ગણના ઈસ્લામના મુજદ્દિદોની યાદીમાં કરી છે. જેમ કે ''મજમઉલ બિહાર અલ્ અન્વાર''માં તાહિર મુહદ્દિષ બટનીએ 'તબકાતે કારી'ના હવાલાથી ''હદાઈકે હનફિયા''માં ફકીર મુહમ્મદ જહલમીએ ''જામિઉલ ઉસૂલ''માં મુજદ્દિદૈન ઈબ્ને અષીર જઝરીએ ''તઝકેરએ મુજદ્દિદીને ઈસ્લામ''માં ગુલામ મુસ્તફા મુજદ્દિદી એમ. એ. પાકિસ્તાને અને ''ઈમામ અહમદ રઝા ઔર જદીદ ઈફકારો નઝરિયાત''માં મૌલાના યાસીન અખ્તર મિસ્બાહીએ તેમને મુજદ્દિદોમાં ગણ્યા છે.

વધુ પેજ ૨૦ પર.

# પાંચ નબવી નસીહતો

**લેખક : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી-મુંબઈ)*
**અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ પટેલ-દયાદરા**

### ★ ખાવામાં મધ્યમાર્ગ અપનાવવાનું ધ્યાન રાખો ★

ઈસ્લામ ધર્મમાં સર્વ ગંદી, નાપાક ચીજોને હરામ ઠરાવવામાં આવી અને પાકીઝા ચીજોને ખાવાની ખુલ્લી છૂટ આપી, પરંતુ સાથોસાથ એ વાતની પણ તાકીદ કરી કે ખાવા પીવાના બારામાં મધ્યમ માર્ગ અપનાવવામાં આવે અને ફુઝૂલખર્ચીથી બચવામાં આવે. રબ તઆલાનો ઈર્શાદ છે : وَّكُلُوْا وَاشْرَبُوْا وَلَا تُسْرِفُوْا "ખાવ, પીવો અને હદથી આગળ ન વધો." *(સૂરએ અઅરાફ, આયત : ૩૧)*

ખાવામાં ફુઝૂલખર્ચી શું છે ? એના અનુસંધાનમાં ઈમામ કુર્તબી લખે છે : اَلْإِسْرَافُ: اَلْأَكْلُ بَعْدَ الشَّبْعِ "ફુઝૂલખર્ચી પેટ ભરાય ગયા પછી ખાતા રહેવાનું નામ છે." *(તફસીરે કુર્તબી, ૭/૧૯૫)*

ઉપરોક્ત આયતના અનુસંધાનમાં કોઈએ કહ્યું કે, આમાં અલ્લાહ તઆલા અડધી તિબ્બ (ડોકટરી) ભેગી કરી આપી છે. સાચી વાત એ છે કે તંદુરસ્તીની હિફાઝતનો એક અત્યંત ઉચ્ચ કાયદો આ આયતમાં વર્ણવી દેવામાં આવ્યો છે અને તે છે ખાવા પીવાના બારામાં મધ્યમ માર્ગને અપનાવી રાખવો.

### ★ ખાવામાં અતિરેક (અમાપ)નાં નુકસાનો ★

ખાવામાં ફુઝૂલખર્ચી અને અમાપ ખાવાની વૃત્તિ શરીઅતની રૂએ પણ નુકસાનકર્તા છે, શારીરિક રીતે પણ નુકસાનકર્તા છે અને બુદ્ધિ ચિંતનના એતબારથી પણ નુકસાન કર્તા છે.

શરઈ રીતે એનું નુકસાન એ છે કે એમાં કુર્આની હુકમ "ખાવ પીવો અને હદથી આગળ ન વધો"ની વિરુદ્ધતા જોવા મળે છે. એના ઉપરાંત એમાં નબી કરીમ عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء ની ઘણી બધી હદીષોની વિરુદ્ધ વર્તન પણ મૌજૂદ છે.

નબી કરીમ રઊફો રહીમ ﷺએ આદેશ આપ્યો :

كُلُوا وَاشْرَبُوا وَالبَسُوا وَتَصَدَّقُوا فِي غَيْرِ إِسْرَافٍ وَلَا مَخِيلَةٍ

"ખાવો, પીવો, લિબાસ પહેરો અને સદકો કરો પણ ફુઝૂલખર્ચી અને ઘમંડ વિના."

*(બુખારી કિતાબુલ લિબાસ, ૭/૧૪૦)*

આ હદીષમાં ખાવામાં ફુઝૂલખર્ચી તથા અમાપની વૃત્તિથી પરહેઝ કરવાના હુકમની સાથે એ વાતની પણ હિદાયત મૌજૂદ છે કે ખાવાના બારામાં ઘમંડપૂર્ણ રવિશ ન અપનાવવી જોઈએ કે એના બારામાં એકબીજાથી ઊંચે ઉઠવાની અને એકબીજાને નીચા દેખાડવાની, બીજાને કમતર સાબિત કરવાનો માહોલ પેદા થઈ જાય.

અફસોસની વાત છે કે આજે મુસલમાનોની તરફથી ખાસ કરીને દા'વતોમાં આ બંને હુકમોનો ખૂબ ખૂબ મજાક ઉડાડવામાં આવી રહેલ છે. ઈસ્રાફ તથા ફુઝૂલખર્ચીવાળી દા'વતો હવે તદ્દન સામાન્ય થતી જઈ રહી છે. સાથોસાથ આ બારામાં અકેબીજાની આગળ વધવાની અને એકબીજાને નીચો બતાવવાની પણ જાણે હરીફાઈ થઈ રહી છે. **તે લોકો જેઓ દીની કામોના**

**માટે સો બસો રૂપિયા ખર્ચ કરવાથી પહેલાં સો વાર વિચારે છે તેઓ જ જ્યારે દા'વતોના નામ પર ખર્ચ કરવા માંડે છે તો જાણે સમયના હાતિમ બની જાય છે !** જાહેર વાત છે કે એની પાછળ નામના તથા વાહવાહીની ખ્યાતિ પામવાનો જઝબો જ કાર્યરત હોય છે. ઈલ્લા માશા અલ્લાહ !

આજે મુસ્લિમ ઉમ્મતના લાખો તથા કરોડો રૂપિયા આ નિરર્થક અને લાભહિન ગર્વના જઝબાની ભેટ ચઢી રહ્યા છે. કાશ ! અને યોગ્ય હેતુસર ખર્ચ કરવામાં આવતા તો ઉમ્મતના માટે સર્વાંગે ભલાઈના ન જાણે કેટલા માર્ગો ખુલી જતા.

**મારો પોતાનો અનુભવ છે કે વલીમાની દા'વતમાં ડઝનબંધી પ્રકારનાં ખાણાઓની વ્યવસ્થા કરવામાં આવી અને લાખો રૂપિયા મોઢાની લિજ્જતના માટે બે ચાર કલાકોમાં પાણીની જેમ વહાવી દેવામાં આવ્યા. જે કૌમનાં બાળકો અનાજની કમીના શિકાર છે, જેમને બે સમયની રોટી નસીબ નથી થતી, એ કૌમના માલદારોનો આ હાલ છે.** અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત તેમને બુદ્ધિ તથા સમજ અતા કરે અને ફુઝૂલખર્ચી તથા ફોગટ માલ વેડફવાથી બચાવે. આમીન

### ★ પેટના ત્રણ ભાગો ★

નબી કરીમ રઊફો રહીમ عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء નો આદેશ છે :–

مَا مَلَا آدَمِيٌّ وِعَاءً شَرًّا مِنْ بَطْنِهِ بِحَسْبِ ابْنِ آدَمَ أُكُلَاتٌ يُقِمْنَ صُلْبَهُ، فَإِنْ كَانَ لَا مُحَالَةَ فَثُلُثٌ لِطَعَامِهِ وَثُلُثٌ لِشَرَابِهِ، وَثُلُثٌ لِنَفْسِهِ

"કોઈ માણસે પેટથી બુરુ કોઈ વાસણ નથી ભર્યું. આદમના પુત્ર માટે થોડાક કોળિયા જ પૂરતા છે જ તેની પીઠને સીધી કરી આપે. જો અધિક ખાવું જ છે તો એક તૃતિયાંશ (૧/૩) ખાવા માટે, ૧/૩ પાણી માટે અને ૧/૩ શ્વાસ લેવા માટે રાખે. *(સુનને તિર્મિઝી, અબ્વાબુઝ ઝુહદ, ૪/૧૬૮)*

નબીયે કૌનૈન સાહિબે ઝુલ કિબ્લતૈન ﷺએ ઓછા ખાવા માટે પ્રોત્સાહિત કરતાં ફર્માવ્યું :–

طَعَامُ الْوَاحِدِ يَكْفِي الْاِثْنَيْنِ وَطَعَامُ الْاِثْنَيْنِ يَكْفِي الْأَرْبَعَةَ وَطَعَامُ الْأَرْبَعَةِ يَكْفِي الثَّمَانِيَةَ

"એક માણસનું ખાણુ બે માણસોને કિફાયત કરે છે. અને બે માણસોનું ખાણુ ચાર માણસોને પૂરતુ થઈ જાય છે. અને ચાર માણસોનું ખાણુ આઠ માણસોને પૂરતુ થઈ જાય છે." *(મુસ્લિમ, કિતાબુલ અશ્રબા, ફઝીલતુલ મવાસાત ફી ત્તઆમિલ કલીલ, ૩/૬૩૦૧)*

એક રિવાયતના શબ્દો છે :–

كُلُوا جَمِيعًا وَلَا تَفَرَّقُوا فَإِنَّ طَعَامَ الْوَاحِدِ يَكْفِي الْاِثْنَيْنِ وَطَعَامَ الْاِثْنَيْنِ يَكْفِي الْأَرْبَعَةَ

"ભેગા મળીને ખાયા કરો, અલગ અલગ ન ખાયા કરો. બેશક ! એક માણસનું ખાણુ બે માણસોને કિફાયત કરે છે અને બે માણસોનું ખાણુ ચારને પૂરતુ થઈ જશે." *(તિબ્રાની અલ અવસત, મિન ઈસ્મુહૂ મુહમ્મદ, ૩/૨૫૯)*

એ જ પ્રમાણે નબી કરીમ ﷺનું આ ફર્માન છે. આપ ફર્માવે છે :–

اِنَّ الْمُؤْمِنَ يَأْكُلُ فِي مِعًى وَاحِدٍ وَ الْكَافِرُ يَأْكُلُ فِي سَبْعَةِ أَمْعَاءٍ

"બેશક ! મો'મિન એક આંતરડામાં ખાય છે જ્યારે કે કાફિર સાત આંતરડામાં ખાય છે." *(સહીહ બુખારી, કિતાબુલ અત્ઈમ્મા, ૭/૭૨)*

રસૂલે કરીમ ﷺએ અમાપ ખાવાને સખત નાપસંદ કરેલ છે : સૈયદના ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી કરીમ ﷺની પાસે એક માણસને ઓડકાર આવ્યો તો આપે ફર્માવ્યું :–

كُفَّ عَنَّا جُشَائَكَ فَإِنَّ اَكْثَرَهُمْ شَبْعًا فِى الدُّنْيَا أَطْوَلُهُمْ جُوْعًا يَوْمَ الْقِيَامَةِ

**"અમારાથી તમારો ઓડકારો રોકી રાખો કેમ કે દુનિયામાં ધરાઈને ખાવાવાળા મોટાભાગના લોકો કયામતના દિવસે ભૂખ્યા હશે."** *(સુનને તિર્મિઝી, સિફતુલ કિયામહ વ ર્રકાઈક, ૪/૨૩૦)*

## ★ અધિક ખાવાનાં નુકસાનો ★

પેટ ભરીને ખાવુ અને ખૂબ અધિક ખાવાના શરઈ તથા દીની નુકસાનોમાંથી એ પણ છે કે ઈબાદતોને અંજામ આપવામાં અને શરઈ હુકમો પર અમલ કરવામાં સુસ્તી તથા કમજોરી બલ્કે એનાથી ભાગવાની તથા બેઝારીની આદત તથા રવિશ પેદા કરે છે. જેમ કે નબી પાક ﷺની હદીષોનો ઈન્કાર કરવાવાળાઓના ફિત્નાની તરફ નિર્દેશ કરતાં ફર્માવ્યું : "ખબરદાર થઈ જાવ ! મને કુર્આન આપવામાં આવ્યું છે અને એની સાથે એના જેમ. ખબરદાર ! નજીક છે કે એક પેટ ભરેલો શખ્સ પોતાના સોફા પર ટેક લગાડીને એવું કહેશે કે તમે કેવળ કુર્આનને લાઝિમ પકડો, જે તમે એમાં હલાલ પામો તેને જ હલાલ સમજો અને જેને હરામ પામો તેને જ હરામ સમજો."

નબી કરીમ ﷺએ (હદીષોનો) ઈન્કાર કરનારાની ખાસિયતો "પેટ ભરેલો" અને "ટેકો લગાડેલો" વર્ણવી. એનામાં એનો ઈન્કાર તથા ગુમરાહીના અસલ કારણની તરફ નિર્દેશ છે કે આ હદીષથી જાન છોડાવવાની વાત અસલમાં તેની આરામપસંદી અને શરીઅત બેઝારીનું પરિણામ છે. તે રસ્તેથી અમલી ઈસ્લામથી પોતાનો દામન ઝાટકી લેવા ચાહે છે, એટલા માટે કે હદીષો વિના ઈસ્લામનો અમલી વજૂદ શક્ય જ નથી.

મશહૂર બુઝુર્ગ હઝરત ઝુન્નૂન મિસરી رحمۃ اللہ علیہનો કૌલ છે : مَا شَبِعْتُ قَطُّ إِلَّا عَصَيْتُ . أَوْ هَمَمْتُ بِمَعْصِيَةٍ **"હું જ્યારે પણ ભર પેટ ધરાયો, તો ક્યાં તો ગુનાહમાં સપડાયો અથવા કમસે કમ ગુનાહનો ખયાલ દિલમાં પેદા થયો."** *(અહયાઉલ ઉલૂમ, ૩/૮૬)*

હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ કહે છે : **"બે ચીજો દિલની સખ્તીનો સબબ બને છે. વધુ બોલવું અને વધુ ખાવું."** *(અલ આદાબુશ્શરીઅહ, ૩/૧૯૫)*

ઈમામ સુફયાન ષૌરી رحمۃ اللہ علیہ ફર્માવે છે : **"જો તમે ચાહો છો કે તમારું શરીર સારું રહે અને ઊંઘ ઓછી આવે, તો ખાવા ઓછુ ખાવ !"** *(જામિઉલ ઉલૂમ વલ હકમ લિઈબ્નિ રજબુલ હસંબલી, ૨/૪૭૨)*

અર્વાચીન મેડિકલ સંશોધનથી એ વાત સાબિત થઈ ચૂકી છે કે દિલની બીમારીઓ હોય અથવા હોજરી કે પેટથી સંબંધિત બીમારીઓ અથવા જાડાપણાની મુસીબત હોય અથવા શુગરની મૂઝી બીમારી, એ સૌની પાછળ અમાપ ખાવાનો જબરદસ્ત રોલ છે.

## ★ અધિક ખાવાના બૌદ્ધિક નુકસાનો ★

અને રહી વાત અધિક ખાવાનાં બૌદ્ધિક તથા દિમાગી નુકસાનોની, તો એના અનુસંધાનામાં બુઝુર્ગોના આ અમુક કથનો પણ વાંચતા ચાલો. હઝરત લુકમાન હકીમ عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانએ કહ્યું : "હે મારા પુત્ર ! જ્યારે પેટ ભરાય જાય છે તો ચિંતન સૂઈ જાય છે, હિકમત ખામોશ થઈ જાય છે અને શરીરનાં અંગો ઈબાદત અંજામ આપવાથી આજિઝ થઈ જાય છે." *(અહયાઉલ ઉલૂમ, ૩/૮૨)*

હઝરત ઈમામ હસન બસરી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان ફર્માવે છે : "કોઈ ભરેલુ પેટ હિકમતનું સ્થાન નથી બની શકતું." *(જામિઉલ ઉલૂ વલ હકમ, ૨/૪૭૧)*

હઝરત હસન બસરી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانનો કૌલ છે : "હે આદમના બેટા ! પોતાના એક તૃતિયાંશ

હઝરત સૈયદના ઉમર رضی اللہ عنہએ પોતાના એક ખિતાબમાં ફર્માવ્યું : "હે લોકો ! ભરપેટ ખાવાથી બચો ! કેમ કે એ નમાઝના બારામાં સુસ્તી પેદા કરે છે અને શરીર માટે નુકસાનકારક છે. અને તમારા ખોરાકના બારામાં મધ્યમ માર્ગ અપનાવો એ ઘમંડ તથા અકડુપણાથી દૂર રાખનાર છે, શરીરની તંદુરસ્તીનો ઝરીયો છે અને ઈબાદતો માટે કુવ્વત તથા તાક઼તનો સબબ છે." *(અલ્જૂઅ લિઈબ્નિ અબી દુન્યા, ૧/૭૨)*

રબ તઆલા આપણને સર્વ મુસલમાનોને ખાસ કરીને આપણા નવયુવાનોને શિકમપુરી (અમાપ ખાવા, ભરપેટ ખાવા)ની બલાથી મહેફૂઝ રાખે અને અલ્લાહની અતા કરેલ સેહત તથા તંદુરસ્તીને ગનીમત જાણવાની તૌફીક઼ અતા ફર્માવે. (આમીન).... *(ક્રમશઃ)*

(૧/૩) પેટમાં ખાવ, ૧/૩માં પીઓ અને ૧/૩ને શ્વાસ લેવા માટે છોડી આપો જેથી તમે ચિંતન વિચારણા કરી શકો." *(જામિઉલ ઉલૂમ વલ હકમ)*

હઝરત ઈમામ શાફઈ عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان ફર્માવે છે : "મેં સોળ વરસોથી ભરપેટ નથી ખાધુ..... એટલા માટે કે ભરપેટખોરી શરીરને ભારે કરી આપે છે, બુદ્ધિ તીવ્રતાને મિટાવી દે છે, ઊંઘનો સબબ બને છે, અને ભરપેટ ખાનારો શખ્સ ઈબાદતોના બારામાં કમજોરીમાં પડી જાય છે." *(ઉપર મુજબ)*

આ કથનોથી જેવી રીતે અમાપ ખાવા અને ભરપેટ ખાવાના નુકસાનો જાહેર છે તેવી જ રીતે એ વાત પણ સ્પષ્ટ છે કે આપણા અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો) ભરપેટ ખાવાને પસંદ કરતા ન હતા.

---

પેજ નં.**૨૮** નું ચાલુ.. કોઈએ આપને અર્ઝ કરી કે વર્તમાનકાળમાં દીની ભાઈઓની અછત છે. આપે ફર્માવ્યું, જો તમારા ખયાલમાં દીની ભાઈ કેવળ તે જ છે જે તમારી શિકાયતને હલ કરી શકે ત્યારે તો યક઼ીનન ! તે દુર્લભ છે. અને જો તમે હક઼ીક઼ી દીની ભાઈઓની અછત ધારો છો, તો તમે જૂઠા છો, એટલા માટે કે દીની ભાઈનો હક઼ીક઼ી ભાવાર્થ એ છે કે જેમની મુશ્કેલીઓનો હલ તમારી પાસે હોય અને તેમના સર્વ કામોમાં તમારી ઈનાયત સામેલ હોય અને એવા દીની બિરાદરની કમી નથી.

જ્યારે લોકોએ આપનાથી ગિર્યાઓ ઝારીનો સબબ પૂછયો તો ફર્માવ્યું કે જીવનપર્યંત હું મુસીબત તથા બલાની ખોજમાં રહ્યો કે જો તે અજગર બનીને સામે આવી જાય તો હું સૌ પ્રથમ તેનો કોળિયો બની જઉં. પરંતુ આજ સુધી એ જ હુકમ મળતો રહ્યો કે હજી તારી રિયાઝત બલાના મુકાબલામાં નથી જામી શકતી. કોઈકે અર્ઝ કર્યું કે અબૂ સઈદ ખઝાઝના ઈન્તેક઼ાલ વખતે ઝૌક઼માં ખૂબ જ વધારો થઈ ગયો હતો. આપે ફર્માવ્યું કે આવી હાલતમાં એમનું મૃત્યુ આશ્ચર્યનો સબબ છે, કેમ કે જ્યારે બંદાને ઝૌક તથા શોખનો એ ઉચ્ચ મક઼ામ હાંસલ થઈ જાય છે તો એ સર્વ કાંઈ ભૂલાવી દે છે અને એ જ પ્રમાણે મર્તબાવાળાઓને ખુદા પોતાના દોસ્ત રાખે છે, અને એ જ પ્રમાણે બંદા ખુદા પર ફખ્ર કરે છે. અને એની દોસ્તીમાં એવા ગુમ થઈ જાય છે કે એનાથી એવાં કથનો બહાર પડવા લાગે છે જે આમ પબ્લિકના દિમાગ તથા ચિંતનથી પર હોય છે અને પબ્લિક એ કથનોને અયબદાર ખયાલ કરવા લાગે છે. ......*(ક્રમશઃ)*


**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**

**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અક઼ીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક઼ વિશે, ક઼સમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો) **બંને ભાગના રૂા. ૪૫૦** (ટપાલ ખર્ચ રૂા.૧૦૦)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
મુા.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

# રૂહાનિયત તથા તસવ્વુફના વિષય પર વિશ્વ વિખ્યાત મક઼બૂલ કૃતિ

# કશ્ફુલ મહજૂબ

## (તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ)

(હફ્તો : ૨)

**ફારસી લેખક :** વલીયે કામિલ હઝરત મખ્દૂમ સૈયદ અલી હજવૈરી **દાતા ગંજબખ્શ લાહોરી** رحمۃ اللہ علیہ

**ઉર્દૂ અનુવાદક : મુફ્તી ગુલામ મુઈનુદ્દીન નઈમી**

**ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*اَلْحَمْدُ لِلّٰہِ આ લેખમાળા ક્રમશઃ રજૂ કરતાં હું નાચીઝ ગુનેહગાર અલ્પજ્ઞાની ખુશી અનુભવું છું કે એક મહાન બુઝુર્ગની કૃતિને વાંચકો સમક્ષ રજૂ કરી રહ્યો છું. હઝરત દાતા ગંજબખ્શ લાહોરી رحمۃ اللہ علیہ ખૂબ જ પાયાના બુઝુર્ગોમાંથી છે. આપની વિશેષ શાન હાલ રજૂ કરી શકતા નથી પણ કેવળ એટલું જ કહેવું પૂરતુ સમજું છું કે, આ તે મહાન બુઝુર્ગ છે જેમના આસ્તાના પર સુલ્તાનુલ હિંદ, હઝરત ખ્વાજા મુઈનુદ્દીન હસન સંજરી ચિશ્તી رحمۃ اللہ علیہ જેવા બુઝુર્ગે અજમેર શરીફ આવતા પહેલાં ચાલીસ દિવસનો ચિલ્લો કર્યો હતો અને ત્યાંથી રૂહાની ફયઝ પામ્યા હતા. તો ત્યાંથી વિદાય વેળા ખ્વાજા સાહબે હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ વિશે ફર્માવ્યું કે :–*

*ગંજબખ્શ ફયઝે આ'લમ – મઝહરે નૂરે ખુદા*
*નાકિસારા પીરે કામિલ–કામિલારા રહનુમા*

*એવા મહાન બુઝુર્ગ હઝરત દાતા ગંજબખ્શની તસવ્વુફના વિષયે રહનુમા કિતાબ ''કશ્ફુલ મહજૂબ'' નો ધ્યાનપૂર્વક અભ્યાસ કરો તો જરૂર હિદાયત પામશો, ઈન્શાઅલ્લાહ ! –તંત્રી*

## ★ ઈલ્મની સાબિતિમાં મશાઈખનાં કથનો ★

**(૧)** હઝરત મુહમ્મદ બિન ફઝ્લ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે કે ઈલ્મો ત્રણ પ્રકારના છે : (૧) ઈલ્મે મિનલ્લાહ (૨) ઈલ્મે મઅલ્લાહ (૩) ઈલ્મે બિલ્લાહ. આ જ ઈલ્મને મઅરેફત કહે છે કેમ કે સર્વ અંબિયા અવલિયાએ એનાથી અલ્લાહ તઆલાની મઅરેફત પામી છે. જ્યાં સુધી તેમને એની મઅરેફત ન થઈ ત્યાં સુધી ઈર્ફાનની મંઝિલ હાંસલ ન થઈ શકી. એટલા માટે કે કેવળ કોશિશ તથા મહેનતના થકી મઅરેફતની પ્રાપ્તિ તથા રબની જાતની ઈર્ફાન (ઓળખ) હાંસલ ન થઈ. એટલા માટે કે કેવળ કોશિશ તથા મહેનતના થકી મઅરેફતની પ્રાપ્તિ તથા હક઼્ક઼ની જાતના ઈર્ફાનના માટે મુન્ક઼તઅ (કટ થયેલ) છે, કેમ કે બંદાનો ઈલ્મ રબની મઅરેફતનો સબબ નથી બની શકતો, હક઼ીક઼તમાં રબની મઅરેફતનો સબબ અલ્લાહ તઆલાની જ હિદાયત અને તેની ઈનાયત છે.

''ઈલ્મે મિનલ્લાહ''નું નામ શરીઅતનો ઈલ્મ છે, કેમ કે હક઼્ક઼ તઆલાએ આપણી તરફ હુકમો નાઝિલ કરીને તેની અદાયગી આપણા પણ લાઝિમ ઠરાવી.

''ઈલ્મે મઅલ્લાહ''નું નામ મક઼ામોનો ઈલ્મ, હક઼્ક઼ના માર્ગનો ઈલ્મ અને અવલિયાએ કિરામના દરજાઓનું વર્ણન છે. જેથી તેની મઅરેફત શરીઅતના અનુસરણ વિના સહીહ નથી થતી. એ જ પ્રમાણે શરીઅતની પયરવી મક઼ામોના ઈઝહાર વગર દુરુસ્ત નથી.

**(૨)** હઝરત અબૂ યઅ્લા ષક઼ફી رحمۃ اللہ علیہ ફર્માવે છે : اَلْعِلْمُ حَيٰوةُ الْقَلْبِ مِنَ الْجَهْلِ وَنُوْرُ الْعَيْنِ مِنَ الظُّلْمَةِ ''જેહાલત તથા અંધકારની સરખામણીમાં ઈલ્મ દિલની જિંદગી તથા આંખોનું નૂર છે.''

મતલબ એ છે કે જેહાલત (અજ્ઞાનતા)ના

ખાત્માથી દિલની હયાત અને કુફ્રની તારીકી (અંધકાર) દૂર થવાથી આંખોની રોશની યકીની છે. જેને મઅરેફતનો ઈલ્મ નથી તેનું દિલ જેહલ (અજ્ઞાનતા)થી મુર્દા છે. અને જેને શરીઅતનો ઈલ્મ નથી તેનું દિલ નાદાનીનું બીમાર છે. જેથી કાફિરોનાં દિલ મુર્દા છે, કેમ કે તે ખુદાની મઅરેફતથી અજ્ઞાત છે. ગફલતવાળાઓનું દિલ બીમાર છે, કેમ કે તે અલ્લાહના ફર્માનથી ઘણુ દૂર છે.

**(૩)** હઝરત અબૂ વર્રાક઼ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, "જેણે કેવળ ઈલ્મે કલામ (અક઼ીદાના ઈલ્મ) પર સંતોષ માન્યો અને ઝુહદ ન કર્યો તો ઝિંદીક઼ (અધર્મી) છે. અને જેણે ફિક઼હના ઈલ્મ પર સંતોષ માન્યો અને તક઼વો ન અપનાવ્યો તો તે ફાસિક઼ છે."

તેમનો ભાવાર્થ એ છે કે જેણે કેવળ તૌહીદના વર્ણન (ઈબારત)નો દરેક ઈલ્મ અપનાવ્યો અને ઝુહદ ન કર્યો તે ઝિંદીક (અધર્મી) બની જાય છે. અને જેણે પરહેઝગારી (તક઼વા) વિના ફિક઼હ તથા શરીઅતના ઈલ્મને પસંદ કર્યો તે ફાસિક઼ તથા ફાજિર બની જાય છે. મતલબ એ છે કે મામલાની તથા મુજાહિદાની દુરુસ્તગી વિના એકલી તૌહીદ જબ્ર (જબરદસ્તી) છે. એવો મુવહ્હિદ ક઼ૌલમાં જબ્રી અને ફેઅલમાં ક઼દરી કહેવાશે. જ્યાં સુધી ક઼દર તથા જબ્ર દરમિયાન સહીહ માર્ગ અપનાવવામાં ન આવે.

આ ક઼ૌલ પણ હક઼ીક઼તમાં એ જ બુઝુર્ગનો છે જેને એક અન્ય જગાએ વર્ણવે છે : التوحید دون الجبر و فوق القدر "તૌહીદનો મક઼ામ જબ્રથી નીચો અને ક઼દરથી ઊંચો છે. જેથી જેણે તૌહીદના ઈલ્મને મામલાની દુરુસ્તગી વિના કેવળ તેની ઈબારતો (વર્ણન)ને અપનાવી અને તેની વિરુદ્ધ બાજુ તરફ ધ્યાનિત ન થયો, ઝુહદની રવિશ પર ન ચાલ્યો તે ઝિંદીક (અધર્મી) થઈ જાય છે.

ફિક઼હનો ઈલ્મ એટલે શરીઅતની કાળજી લેવાનું નામ તક઼વો છે, જે તેને વરઅ તથા તક઼વા વિના પસંદ કરે છે અને રુખસત તથા તાવીલ અને તઅલ્લુક઼ તથા શંકાઓના પાછળ પડીને મહાન મુજતહિદોના મઝહબથી નીકળી જાય છે તે વહેલી તકે સરળતાથી ફિસ્ક઼ના ખાડામાં ગબડી પડે છે. આ વાતોનો ઝહૂર ગફલતના કારણે થાય છે.

**(૪)** શયખુલ મશાઈખ હઝરત યહયા ઈબ્ને મઆઝ રાઝી رحمۃ اللہ علیہએ શું ફર્માવ્યું છે : **"ત્રણ પ્રકારના લોકોની સોહબતથી બચો. એક ગાફિલ ઉલમાથી, ચાપલૂસી કરનારા ફક઼ીરોથી, ત્રીજા જાહિલ સૂફીઓથી."**

"ગાફિલ ઉલમા" તે છે જેમણે દુનિયાને પોતાના દિલનો કિબ્લો બનાવી રાખેલ છે અને શરીઅતથી આસાની તલાશ કર્યા કરે છે. બાદશાહોની પરસ્તિશ (ખુશામદ) કરનાર છે, જાલિમોનો દામન પકડે છે, તેમના દરવાજાઓનો તવાફ કરે છે. મખ્લૂક઼ (લોકો)માં પોતાની ઈજ્જત તથા વાહ વાહને પોતાની મેહરાબ ઠરાવે છે. પોતાના ઘમંડ તથા તકબ્બુર અને પોતાની ખુદ પસંદી પર દીવાના થાય છે. જાણીબુઝીને પોતાની વાતોમાં રૂદનની કૈફિયત તથા દર્દભર્યો અંદાઝ પેદા કરે છે. ઈમામો તથા પેશવાઓના બારામાં ટીકા ટીપ્પણની જીભ લાંબી કરે છે. બુઝુર્ગાને દીનની તેહક઼ીર (અનાદર) કરે છે અને તેમના પર ઝિયાદતી કરે છે. જો તેમના ત્રાજવાના પલ્લામાં બંને જહાનની નેઅમતો રાખી દો તો પણ તેઓ પોતાની બુરી હરકતોથી દૂર થશે નહીં. કીના તથા હસદને તેમણે પોતાનો જાણે મઝહબી તરીક઼ો ઠરાવી દીધો છે. ભલા આ વાતોને ઈલ્મ સાથે શું સંબંધ ? ઈલ્મ તો એવી સિફત છે જેનાથી જેહાલત તથા અજ્ઞાનતાની વાતો ઈલ્મવાળાઓના દિલોએથી ફના થઈ જાય છે.

"ચાપલૂસી કરનારા ફક઼ીરો" તેઓ છે જે દરેક કામ પોતાની ખ્વાહિશના મુજબ કરે છે, ભલે તે

બાતિલ જે કેમ ન હોય. તેઓ તેની તારીફ તથા પ્રશંસા કરતા રહેશે અને જ્યારે કોઈ કામ તેમની ઈચ્છા વિરુદ્ધ થાય છે, ભલે ને હક્ક જ કેમ ન હોય તેની તેઓ બુરાઈ કરે છે અને મખ્લૂકથી એવો વર્તાવ કરે છે જેમાં માન મર્તબો પામવાની લાલચ હોય છે, અને બાતિલ અમલ પર લોકોની ચાપલૂસી કરે છે.

"જાહિલ સૂફીઓ" તે છે જેમનો કોઈ શયખ તથા મુર્શિદ ન હોય, અને કોઈ બુઝુર્ગથી તેમણે તા'લીમ તથા અદબ હાંસલ કરેલ ન હોય. મખ્લૂકે ખુદા વચ્ચે વણ નોતર્યા મહેમાન જેમ જાતે પોતે પહોંચી ગયા હોય. તેણે જમાનાની મલામત (ભલા બુરા)નો સ્વાદ પણ નથી ચાખ્યો. આંધળાપણામાં બુઝુર્ગોનાં કપડાં પહેરી લીધાં અને બેહુમર્તીથી ખુશીના રસ્તે પડીને તેમની સોહબત અપનાવી લીધી. સારાંશ કે તેઓ સ્વપ્રશંસામાં પડીને હક્ક તથા બાતિલની રાહમાં ફરક કરવાની ક્ષમતાથી દૂર થઈ ગયા.

આ ત્રણ વર્ગો છે જેને કામિલ શયખ હમેશાં યાદ રાખે અને પોતાના મુરીદોને તેમની સોહબતથી બચવાની તલ્કીન કરે, કેમ કે આ ત્રણેવ ગિરોહ (વર્ગો) પોતાના દાવામાં જૂઠા છે અને તેમનું ચલણ (રવિશ) અપૂર્ણ તથા અધૂરુ અને ગુમરાહ કરનાર છે.

**(૫)** હઝરત અબૂ યઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, "મેં ત્રણ વરસો સુધી મુજાહિદો કર્યો પણ મને ઈલ્મ તથા તેના અનુસરણ કરતાં અધિક મુશ્કેલ કોઈ અન્ય ચીજ જોવામાં ન આવી."

એમના કહેવાનો મતલબ એ છે કે **તબીઅતની નજીક ઈલ્મના પ્રમાણે અમલ કરવાની સરખામણીમાં આગ પર પગ રાખવો અધિક આસાન છે અને જાહિલના દિલ પર હજારવાર પુલસિરાતથી પસાર થવું એનાથી વધુ આસાન છે કે એક ઈલ્મી મસ્અલો શીખે.** ફાસિક઼ના માટે જહન્નમમાં તંબુ તાણવો એના કરતાં અધિક પ્રિય છે કે તે કોઈ એક ઈલ્મી મસ્અલા પર અમલ કરતો થાય.

હે હક્કના માર્ગના તાલિબ ! તારા માટે જરૂરી છે કે ઈલ્મ હાંસલ કરીને તેમાં કમાલ હાંસલ કરો. બંદો કેટલોય કામિલ ઈલ્મ હાંસલ કરે પણ રબના ઈલ્મના સામે તે જાહિલ જ છે. એટલા માટે તેણે જોઈએ કે તે હમેશાં એવું જ સમજે કે હું કાંઈ નથી જાણતો, કેમ કે બંદો બંદગીના ઈલ્મ સિવાય કાંઈ નથી શીખી શકતો, અને બંદગી ખુદાની રાહમાં ઘણો જ મોટો પર્દો છે. એ જ ભાવાર્થમાં શેઅર છે :

اَلْعِجْزُ عَنْ دَرْکِ الْاِدْرَاکِ اِدْرَاکٌ
وَالْوَقْفُ فِیْ طُرُقِ الْاَخْیَارِ اِشْرَاکٌ

"ઈલ્મના ઈદરાક (પહોંચ)થી આજિઝ રહેવું જ ઈલ્મ તથા ઈદરાક છે. નેકીઓની રાહથી હટી જવું શિર્કના બરાબર છે."

જે શખ્સ ઈલ્મ પ્રાપ્તિની કોશિશ નથી કરતો અને પોતાની જેહાલત પર અડેલો રહે છે તે હમેશાં મુશ્રિક રહે છે. અને જે શીખે છે અને પોતાના ઈલ્મના કમાલમાં તેને આ અર્થ જાહેર થાય અને તેની ઈલ્મિયત તેને આ નસીહત કરે કે તેનો ઈલ્મ પોતાના પરિણામના રૂપે આજિઝી સિવાય કાંઈ નથી અને ઈલ્મે ઈલાહી પર માલૂમાતની કોઈ અસર જ નથી પડતી. જો તેનામાં આજીજીની ખૂબી પેદા થઈ ગઈ તો હકીક઼તમાં ઈલ્મના તળીયા સુધી તેની પહોંચ થઈ શકે છે. ........*(ક્રમશ)*


| સુન્નિયતની મજબૂતી માટે બરકાતે ખ્વાજા (માસિક) દયાદરાના ગ્રાહક બનો. | બેંકની વિગત | બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ A/c. No. 34620100000301 IFSC Code : BARB0DAYADR ISLAMIC WELFARE MISSION | PhonePe Paytm/GPay 9427464411 | વાર્ષિક લવાજમ Rs. 300/- Mob. 9427464411 |
|---|---|---|---|---|

સરનામુ : C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા-૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ, ગુજરાત-ઈન્ડિયા

# ઝર્બે હૈદરી

(હફ્તો : ૩)

**અઝ** : *શયુખલ હદીષ વત્તફસીર પીર સાઈ*
**ગુલામરસૂલ કાસમી કાદરી નક્શબંદી** دام ظلہ العالی
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*વર્તમાન સમયમાં કેટલાક કહેવાતા સુન્નીઓમાં શીઆઈયત જેવા ખયાલોનો પગપેસારો થઈ રહ્યો છે જેનાથી ઘણા સુન્ની ભાઈઓ ગુમરાહીનો શિકાર થઈ રહ્યા છે, એવા સમયે 'અહલે સુન્નત વ જમાઅત'નો હક્ક મઝહબ સુન્ની હઝરાત સમક્ષ રજૂ કરી ઈમાનની સલામતીનો માર્ગ સમારતી આ કિતાબ **'ઝર્બે હૈદરી'** નામથી અત્રે લેખમાળા રૂપે રજૂ કરીએ છીએ જે કુર્આન, હદીષ તથા ઉલમાના અકવાલથી રાફઝિયતના અંધકારને દૂર કરી અહલે સુન્નતની રોશની ફેલાવવા માટે ખૂબ જ સહાયકર્તા છે. એને જરૂરથી વાંચો વંચાવો અને ઈમાનમાં તાજગી મેળવો.*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ સિદ્દીકે અકબર رضی اللہ عنہની અફઝલિયત હદીષોમાં ★

ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ એક આખુ પ્રકરણ રચ્યું છે જેનું નામ ફઝલુ અબૂ બક્ર બઅ્દન્ નબી ﷺ, એટલે નબી બાદ અબૂ બક્રની ફઝીલત (બુખારી, કિતાબ ફઝાઈલ) અસ્હાબુન્નબી ﷺ, ૩૨/૪, બાબ : ફઝ્લિ અબી બક્ર બઅદન્નબી ﷺ હદીષ નં. ૩૬૫૫) ઈમામતે સિદ્દીકવાળી હદીષો પર પ્રકરણ રચ્યું છે જેનું નામ છે : અહલુલ્ ઈલ્મિ વલ ફઝ્લિ અહક્કુ બિલ્ઈમામતિ" એટલે ઈલ્મ તથા ફઝીલતવાળો માણસ ઈમામતનો અધિક હક્કદાર છે." (બુખારી કિતાબુલ આઝાન, ૧૯૭/૪૬, બાબ : અહલુલ ઈલ્મ વલ્ ફઝ્લિ અહક્કિ બિલ ઈમામહ, હદીષ–૬૭૮) ઈમામ અબૂ દાઊદ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُએ બાબુત્તફઝીલ રચ્યો છે જેમાં શૈખેનની અફઝલિયત બપોરના સૂરજની જેમ સ્પષ્ટ કરી છે. *(અબૂ દાઊદ, ૪/૨૭૩, મિન કિતાબુસ્સુન્નહ, બાબ–૭ અત્તફઝીલ)* તિર્મિઝીમાં એક પ્રકરણ છે : મઝીય્યતુ અબી બકરિ વ ઉમર ઈન્દન્નબી ﷺ. આ વિષય પર વિગતવાર ચાલીસ હદીષો જુઓ.

**હદીષ–૧** : હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ ફર્માવે છે કે નબી કરીમ ﷺ બીમાર થયા અને સખત તકલીફ થઈ ગઈ. તો ફર્માવ્યું, અબૂબક્રને કહો લોકોને નમાઝ પઢાવે. હઝરત આઈશા رضی اللہ عنہاએ અર્ઝ કરી, એ નરમ દિલવાળા માણસ છે, જ્યારે આપની જગાએ ઉભા થશે તો લોકોને નમાઝ નહીં પઢાવી શકે. ફર્માવ્યું, અબૂબક્રને કહો, લોકોને નમાઝ પઢાવે. ઉમ્મુલ મો'મિનીને એ જ વાત દોહરાવી. તો ફર્માવ્યું અબૂબક્રને કહો, લોકોને નમાઝ પઢાવે, તમે લોકો યૂસુફના જમાનાવાળીઓ છો ! પછી કાસિદ તેમની પાસે ગયો અને તેમણે નબી કરીમ ﷺની હયાતે તયબહમાં લોકોને નમાઝ પઢાવી. અલ્લામા સિયૂતી رحمۃ اللہ علیہએ આ હદીષને મુતવાતિર કહી છે.

ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ જે પ્રકરણ હેઠળ આ હદીષ નકલ કરી છે. એ પ્રકરણનું નામ છે : "અહલુલ ઈલ્મિ વલ્ફઝ્લિ અહક્કુ બિઈમામહ" એટલે અહલે ઈલ્મ (ઈલ્મવાળા) અને અહલે ફઝીલત (ફઝીલતવાળા) ઈમામતના અધિક હક્કદાર છે. (બુખારી, હદીષ નં. ૬૭૮) અને આ વાત પણ જાહેરી ખિલાફત પહેલાંની છે. સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَએ પણ ઈમામતથી અફઝલિયત પર દલીલ પુરવાર કરી છે. اَهْلُ الْعِلْمِ وَالْفَضْلِ اَحَقُّ بِالْاِمَامَةِ "તો તેમની પાસે ઉમર આવ્યા અને ઉમરે કહ્યું, હે અન્સારના

ગિરોહ ! શું તમે જાણતા નથી કે અલ્લાહના રસૂલ ﷺએ અબૂબક્ર સિદ્દીક઼ને લોકોની ઈમામતનો હુકમ આપ્યો ? તો તમારામાંથી કોણ છે જેનું દિલ એવું ચાહતુ હોય કે તે અબૂબક્રથી આગળ વધી જાય ?! તો અન્સારે કહ્યું, અબૂબક્ર સિદ્દીકથી આગળ વધવાથી અમે અલ્લાહની પનાહ માગીએ છીએ. *(અલ મુસન્નફ઼િ લિઈબ્નિ અબી શયબા, ૮/૫૭૨, સુનને નસાઈ, હદીષ-૭૭૭, મુસ્તદરક, હાકિમ, હદીષ : ૪૪૭૯, ઝહબીએ એને સહીહ તથા અધિકૃત કહી છે.)*

**હદીષ-૨ :-**

"કોઈ لَا يَنْبَغِي لِقَوْمٍ فِيهِمْ أَبُو بَكْرٍ أَنْ يَؤُمَّهُمْ غَيْرَهُ કૌમને એ શોભા નથી આપતુ કે અબૂ બક્રની મૌજૂદગીમાં કોઈ બીજો ઈમામત કરે." (તિર્મિઝી, હદીષ નં. ૩૬૭૩) આ હદીષની શરહમાં મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہ લખે છે કે :-

فِيهِ دَلِيلٌ عَلىٰ أَنَّهُ أَفْضَلُ جَمِيعِ الصَّحَابَةِ فَإِذَا ثَبَتَ هٰذَا فَقَدْ ثَبَتَ اسْتِحْقَاقُ الْخِلَافَةِ

"આ હદીષમાં દલીલ છે કે અબૂબક્ર સિદ્દીક઼ સર્વ સહાબાથી અફ઼ઝલ છે. પછી જ્યારે અફ઼ઝલિયત સાબિત થઈ ગઈ તો એના બાદ ખિલાફ઼તના હક્ક઼દાર હોવું આપોઆપ સાબિત થઈ ગયું." *(મિર્ક઼ાત, ૧૧/૩૩૪)*

મિર્ક઼ાતના લખાણ પર વિચાર કરો. અફ઼ઝલિયત પ્રથમ સાબિત થઈ રહી છે અને ખિલાફ઼તની પાત્રતા (નૈતિક અધિકાર) એના પરિણામરૂપે સાબિત થઈ રહી છે. ક્યાં ગયો તફ઼ઝીલીઓનો તે અક઼ીદો કે અફ઼ઝલિયત જાહેરી ખિલાફ઼ત પર આધારિત છે ?!

**હદીષ-3 :-**

لَوْ كُنْتُ مُتَّخِذًا خَلِيلًا لَا تَخَذْتُ أَبَا بَكْرٍ خَلِيلًا

"જો હું કોઈને ખિલાફ઼તનો દોસ્ત બનાવતો તો અબૂબક્રને બનાવતો, પરંતુ હું અલ્લાહનો ખલીલ છું. (મુસ્લિમ, હદીષ નં. ૬૧૭૨, ૬૧૭૩, ૬૧૭૪, તિર્મિઝી હદીષ નં. ૩૬૫૫, ઈબ્ને માજહ, હદીષ નં. ૯૩) ઈમામ સિયૂતી رحمۃ اللہ علیہ આ હદીષને મુતવાતિર ઠરાવે છે. લખે છે :-

قَدْ وَرَدَ هٰذَا الْحَدِيثُ مِنْ رِوَايَةِ ابْنِ عَبَّاسٍ ، وَ ابْنِ الزُّبَيْرِ ، وَ ابْنِ مَسْعُودٍ ، وَ جُنْدَبِ بْنِ عَبْدِ الْمُعَلّٰى ، وَ عَائِشَةَ ، وَ أَبِي هُرَيْرَةَ ، وَابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ عَنْهُمْ ،وَقَدْ سَرِدَتْ طُرُقُهُمْ فِي الْأَحَادِيثِ الْمُتَوَاتِرَةِ۔

*(તારીખુલ ખુલફ઼ા, પેજ-૪૫)*

આ હદીષ પર વિચારણા કરો ! સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہને ખુદાની દોસ્તીના ત્રાજવામાં તોલીને રાખી દેવામાં આવ્યા છે અને તેમને અલ્લાહ તઆલા પછી સૌથી પસંદીદા અને મહબૂબ શખ્સિયત ઠરાવવામાં આવ્યા છે. અને એ પણ જાહેરી ખિલાફ઼તથી ઘણા પહેલાંની વાત છે. મુલ્લા અલી ક઼ારી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફ઼ર્માવે છે કે :

هٰذَا الْحَدِيثُ دَلِيلٌ ظَاهِرٌ عَلىٰ أَنَّ أَبَا بَكْرٍ أَفْضَلُ الصَّحَابَةِ

આ હદીષ અબૂ બક્રના સહાબીઓમાં અફ઼ઝલ હોવાની જબરદસ્ત દલીલ છે. *(મિર્ક઼ાત, ૧૧/૨૮૩)*

**હદીષ-૪ :** એકવાર હઝરત અબૂ દર્દા رضی اللہ عنہ સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہની આગળ આગળ ચાલી રહયા હતા. નબી કરીમ ﷺએ ફ઼ર્માવ્યું, તમે એ શખ્સની આગળ શા માટે ચાલી રહ્યા છો જેનાથી બેહતર શખ્સ પર નબીઓના બાદ સૂરજ ઉગ્યો નથી." *(ફ઼ઝાઈલે સહાબા, હદીષ નં. ૧૩૭, અબૂ નુએમ, હદીષ નં. ૩૧૫૯, તક઼રીબિલ બગિયહ બ તરતીબિ અહાદીષિલ્ હિલ્યહ, તારીખે બગદાદ લિલ ખતીબ, ૧૨/૪૩૮, અલ મુઅજમુલ અવસત લિલ્ તબરાની, હદીષ નં. ૭૩૦૬, મજમઉઝ્ ઝવાઈદ, ૯/૨૪, હદીષ નં. ૧૪૩૧૩)*

صَحَحَهُ الشَّاهُ عَبْدُ الْعَزِيزِ فِي تَفْسِيرِهِ وَذَكَرَ ابْنُ جَوْزِى طَرْقَهُ، وَقَالَ ابْنُ حَجَرٍ مَكِّىْ لَهُ شَوَاهِدُ مِنْ وُجُوهِ أَخَرَ تَقْضِيْ لَهُ بِالصّحَةِ أَوِ الْحُسْنِ وَقَدْ أَشَارَ ابْنُ كَثِيرٍ إِلَى الْحُكْمِ بِصِحَتِهِ

*(અસ્સવાકુલ મુહર્રિકા, પેજ–૬૮)* આ હદીષ સિદ્દીકે અકબર رضی اللہ عنہની અફઝલિયત પર ઉઘાડી દલીલ છે.

મજાની વાત એ છે કે આ હદીષને હુઝૂર સૈયદના ઈમામ જઅફર સાદિક رضی اللہ عنہએ પણ રિવાયત કરી છે, અને ફર્માવ્યું કે મેં મારા પિતા ઈમામ મુહમ્મદ બાકિર رضی اللہ عنہથી સાંભળ્યું. તેમણે ફર્માવ્યું કે મેં મારા વાલિદ માજિદ ઝયનુલ આબિદીન رضی اللہ عنہથી સાંભળ્યું. તેમણે ફર્માવ્યું કે મેં મારા વાલિદ માજિદ અલી બિન અબી તાલિબ رضی اللہ عنہથી સાંભળ્યું. તેમણે ફર્માવ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યું કે : مَا طَلَعَتِ الشَّمْسُ وَلَا غَرَبَتْ الحيث "અબૂબક્રથી બેહતર શખ્સ પર સૂર્ય તુલૂઅ નથી થયો." (અર્રિયાઝુન્નઝર, ૧૫/૧૩૬) આ હદીષના રાવી સર્વ અહલે બયતે અત્હાર છે અને આવી સનદને સિલસિલતુઝ્ ઝહબ કહે છે, એટલે સોનાની ચેઈન !

**હદીષ–૫ :–** "હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ ફર્માવે છે કે અબૂ બક્ર અમારા આકા તથા સરદાર હતા અને અમારા સૌથી બેહતર હતા અને અમારા સૌના કરતાં અધિક રસૂલુલ્લાહ ﷺને પ્યારા હતા." *(બુખારી, હદીષ નં. ૩૬૬૮, તિર્મિઝી, હદીષ નં ૩૬૫૬, મુસ્તદરક, હદીષ નં. ૪૪૭૭)*

**હદીષ–૬ :** એકવાર નબી કરીમ ﷺએ હઝરત હસ્સાન رضی اللہ عنہને ફર્માવ્યું, શું તમે અબૂબક્રની શાનમાં કાંઈક લખ્યું છે ? તેમણે અર્ઝ કરી, જી હા ! ફર્માવ્યું, સંભળાવો ! હું સાંભળવા ચાહું છું. તેમણે આ રૂબાઈ સંભળાવી :

وَثَانِيَ اثْنَيْنِ فِي الْغَارِ الْمُنِيفِ وَقَدْ
طَافَ الْعَدُوُّ بِهِ إِذْ صَعِدَ الْجَبَلَا
وَكَانَ حِبَّ رَسُولِ اللَّهِ قَدْ عَلِمُوا مِنَ الْبَرِيَّةِ لَمْ يَعْدِلُ بِهِ رَجُلًا

"આપ બેમાંથી બીજા હતા એ બાબરકત ગુફામાં અને દુશ્મને તેની આસપાસ ચક્કર લગાડયો, જ્યારે તે પહાડ પર ચઢયો. અબૂબક્ર અલ્લાહ તઆલાના રસૂલના મહબૂબ હતા અને લોકોને એ વાતની ખબર હતી કે હુઝૂર ﷺ સર્વ મખ્લૂકમાંથી કોઈને આપના બરાબર નથી સમજતા." *(તર્જુમો અઝ તફસીરે ઝિયાઉલ કુર્આન, ૨/૨૧૩, મુસ્તદરક હાકિમ હદીષ નં. ૪૪૬૮, ૪૫૧૮, અલ ઈસ્તીઆબ, પેજ–૪૩૦, તારીખુલ ખુલફા લિલ સિયૂતી, પેજ–૩૯)*

તિબ્રાનીમાં છે કે આ જ હદીષ સૈયદના અલી મુર્તઝા رضی اللہ عنہએ પણ રિવાયત કરી છે અને આ રુબાઈ સાંભળીને નબી કરીમ ﷺ એટલુ હસ્યા કે આગલા પાછલા દાંત મુબારક દેખાય ગયા. અને ફર્માવ્યું, હે હસ્સાન ! તેં સાચુ કહ્યું, અબૂબક્ર મર્તબાના માલિક છે. *(સવાઈકે મુહર્રિકા, પેજ–૮૫)*

**હદીષ–૭ :** નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે : "સોહબત અને માલમાં સર્વ લોકોમાં મારો ખિદમતગાર અબૂબક્ર છે." *(બુખારી, હદીષ નં. ૪૬૬, ૩૬૫૪, ૩૯૦૪, મુસ્લિમ, હદીષ નં. ૬૧૭૦, ૬૧૭૧, તિમિઝી, હદીષ નં. ૩૬૬૦)*

વિચાર કરો ! આ વાકય જો મૌલા અલી رضی اللہ عنہના બારામાં હોત, બલ્કે لَوْ كُنْتُ مُتَّخِذاً خَلِيْلاً ના શબ્દો પણ મૌલા અલી کرم اللہ وجہہ الکریم ના બારામાં હોત તો તફઝીલી ધમાલ મચાવી દેતા !

**હદીષ–૮ :** "હઝરત અબૂ દર્દા رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ટૂંકો ખુત્બો આપ્યો. પછી જ્યારે પોતાના ખુત્બાથી ફારિગ થયા તો ફર્માવ્યું :

હે અબૂબક્ર ! ઉભા થઈ જાવ અને ખિતાબ કરો ! અબૂબક્ર ઉભા થઈ ગયા અને સંબોધન કર્યું અને નબી કરીમ ﷺથી ટૂંકો ખિતાબ કર્યો. પછી જ્યારે અબૂબક્ર પોતાના ખિતાબથી ફારિગ તો આપ ﷺએ ફર્માવ્યું, હે ઉમર ! ઉભા થઈ જાવ અને ખિતાબ કરો. ઉમર ઉભા થઈ ગયા અને તેમણે પણ ખિતાબ કર્યો અને નબી કરીમ ﷺ તથા અબૂ બક્ર કરતાં ટૂંકો ખિતાબ કર્યો. અલ્લામા સિયૂતી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُએ ઈબ્ને અસાકિરથી નકલ કર્યું છે, સિદ્દીકે અકબર પહેલા ખતીબ હતા જેમણે અલ્લાહ વ રસૂલની તરફ દાવત આપી.

**હદીષ-૯** : એક હદીષમાં છે કે :

مَا نَفَعَنِيْ مَالُ اَحَدٍ قَطُّ مَا نَفَعَنِى مَالُ أَبِي بَكْرٍ ''કોઈ શખ્સના માલે મને એટલો ફાયદો નથી આપ્યો જેટલો અબૂબક્રના માલે આપ્યો છે. (તિર્મિઝી, હદીષ, નં. ૩૬૬૧, મુસ્નદે અહમદ, ૨/૩૮૬, હદીષ નં. ૮૮૧૧, ફઝાઈલુસ્સહાબા, હદીષ નં. ૨૯, મુસ્નદે હમીદી, હદીષ નં. ૨૫૦, મુસ્નદે અબૂ યઅ્લા, હદીષ નં. ૪૪૧૮, ૪૯૦૫) તિર્મિઝીએ કહ્યું, આ હદીષ હસન છે.

ઈમામ અહમદ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :-

مَا نَفَعَنِي مَالُ أَحَدٍ قَطُّ مَا نَفَعَنِى مَالُ أَبِي بَكْرٍ فَبَكَى أَبُو بَكْرٍ وَقَالَ هَلْ أَنَا وَمَا لِي إِلَّا لَكَ يَا رَسُولَ اللهِ

''રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કોઈ શખ્સના માલે મને એટલો ફાયદો નથી આપ્યો જેટલો અબૂબક્રના માલે આપ્યો છે. આ સાંભળીને હઝરત અબૂબક્ર રડી પડયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારી જાન અને મારો માલ આપનો જ તો છે ! *(ઈબ્ને માજહ, હદીષ નં. ૯૪, ઈબ્ને અબી શયબા, હદીષ નં. ૧૧૯૭૬, મુસ્નદે અહમદ, ૨/૩૪૦, હદીષ નં. ૭૪૬૪, ફઝાઈલુસ્સહાબા, હદીષ નં. ૨૫, અસ્સુનહ લિ ઈબ્ને અબી આસિમ, હદીષ નં. ૧૨૬૪,* اِسْنَادُهُ صَحِيحٌ وَ رِجَالُهُ رِجَالُ الشَّيْخَيْنِ*)*

હઝરત અબૂબક્ર શિબ્લી رحمۃ اللہ علیہથી કોઈએ ઝકાતનો નિસાબ પૂછયો. આપે ફર્માવ્યું, ફિક્હનો મસ્અલો પૂછી રહ્યા છો કે ઈશ્કની વાત કરી રહ્યા છો ?! તે બંદાએ અર્ઝ કરી, બંને રીતે જણાવી આપો. આપે ફર્માવ્યું, શરીઅતની ઝકાત ૨.૫% છે જ્યારે કે ઈશ્કની ઝકાત પૂરેપૂરો માલ, અને તેની સાથોસાથ જાનનું નઝરાણુ પેશ કરવાથી અદા થાય છે. એ બંદાએ અર્ઝ કરી કે ઈશ્કની ઝકાતની દલીલ શું છે ? આપે ફર્માવ્યું, એની દલીલ એ છે કે સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہએ પોતાનો બધો જ માલ નબી કરીમ ﷺની ખિદમતમાં રજૂ કરી આપ્યો અને પોતાની પુત્રી આઈશા رضی اللہ عنہાને નઝરાણા રૂપે પેશ કરી આપી.''

*(મકતૂબાતે યહયા મુનીરી, પેજ-૩૪)*

એક અન્ય હદીષમાં એ રીતે છે કે :-

كَانَ رَسُولُ اللهِ ﷺ يَقْضِيَ فِي مَالِ أَبِي بَكْرٍ كَمَا يَقْضِي فِي مَالِ نَفْسِهِ

''નબી કરીમ ﷺ અબૂબક્રના માલને પોતાના ઝાતી માલની જેમ વાપરતા હતા.'' *(ફઝાઈલુસ્સહાબા, ૧/૭૨, અર્રિયાઝુન્નઝરહ, ૧/૧૩૦, મુસ્નફે અબ્દુર્રઝઝાક, હદીષ નં. ૨૦૩૯૭, મિર્કાત, ૧૧/૨૮૬)*

માલી કુર્બાનીઓવાળી આ સર્વ હદીષોની સાથે કુર્આની આયત :-

لَا يَسْتَوِى مِنْكُمْ مَنْ اَنْفَقَ من قَبْلَ الفَتح

(તમારામાં સરખા નથી તે જેમણે ફતહે મક્કા પહેલાં ખર્ચ અને જેહાદ કર્યો. સૂ. હદીદ, ૫૭/૧૦) જોડીને જુઓ તો અફઝલિયતે સિદ્દીકમાં અધિક નિખાર આવી જશે. (ક્રમશઃ)

## મુફ્તી મુહમ્મદનસીમ સાહબ (મુબારકપુર)નો દૌરએ ભરૂચ

''જામિઆ અશરફિયા–મુબારકપુર''ના સિનિયર ઉસ્તાદ તથા ઈફતામાં ખિદમત આપનાર હઝરત કિ઼બ્લા મુફતી મુહમ્મદનસીમ સાહબ તા. ૬–૧–૨૦૨૫ના રોજ ભરૂચ મુક઼ામે તશરીફ લાવ્યા. ઈશા બાદ દારુલ ઉલૂમ ગુલશને અજમેર ખાતે મસ્જિદે રયહાનીમાં સવાલો જવાબની મેહફિલમાં વિવિધ સવાલો જવાબની મેહફિલમાં વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા. બીજા દિવસે તા. ૭–૧–૨૦૨૫ના રોજ કંબોલી મુક઼ામે અસર બાદ મસ્જિદમાં, અને તા. ૮–૧–૨૦૨૫ના રોજ દયાદરા ખાતે અસર બાદ મસ્જિદમાં વારસા સંબંધી તેમજ નમાઝ સંબંધી, કિરાઅત સંબંધી વિવિધ મસાઈલની છણાવટ કરી સમજાવ્યા હતા. આપે ભરૂચ, જંબુસર, આમોદ, દેણા...વગેરે મુક઼ામે દારુલ ઉલૂમોની વિઝિટ લઈ તલબાને નસીહતો પણ તા'લીમ બાબતે કરી હતી. ત્યાર બાદ આપ હઝરત અહમદાબાદ જવા મગરિબ બાદ રવાના થયા હતા.

## દયાદરામાં જશ્ને ગરીબનવાઝ મનાવાયો

**દયાદરા** : તા. ૫–૧–૨૦૨૫ સોમવાર ઈશા બાદ સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ હઝરત સૈયદ મુઈનુદ્દીન ચિશ્તી, સંજરી, અજમેરી رحمۃ اللہ تعالیٰ علیہની છટ્ઠી શરીફ નિમિત્તે મુખ્તારુલ મસાજિદ દયાદરા ખાતે ઈશાની નમાઝ બાદ ''જશ્ને ગરીબ નવાઝ'' મનાવાયો જેમાં હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ શાને ખ્વાજામાં શાનદાર બયાન કર્યું તેમજ ખ્વાજા સાહબની નસીહતો પર અમલ કરવા ખ્વાજાના દીવાનાઓને તાકીદ કરી હતી. બયાન પહેલા હઝરત હાફિઝો ક઼ારી મકસૂદ અશરફી (પેશ ઈમામ) સાહબે પોતાના અનોખા અંદાઝમાં નઅતો મન્ક઼બત પેશ કરી હતી. બીજા દિવસે સવારમાં અકુજી કોમ્યુ. હોલમાં છટ્ઠી શરીફની આમ નિયાઝ જમાડવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**કિતાબ મંગાવો !**

**મો'મિનિ કી નમાઝ** *(મકતબ કે બચ્ચોં કે લિયે)*

**સંપાદક** : ક઼ાઝી એચ. જી. (મો. ૯૯૨૪૫ ૩૫૨૩૭)

**રજૂકર્તા** : સૈયદ એહસાનુલ હક્ક઼ ક઼ાદરી–રૂપાલ

જેમાં કલમા, ષના, તશહહૂદ, દુરૂદે ઈબ્રાહીમ, દુઆએ માશૂરા, કુનૂત, વુઝૂ, નમાઝ, જનાઝાની નમાઝ, મૈયતને ગુસ્લ, કફન, કેટલીક દુઆઓ, સૂરતો, ફાતિહાનો તરીક઼ો... વગેરે વર્ણન છે. કિંમત નથી જણાવી તો સંપાદકના ફોન નંબર પર સંપર્ક કરશો.

**પ્રકાશક** : તરક્કી એ ઈસ્લામ, સરખેજ, આયશા પાર્ક, પીન : ૩૮૨૨૧૦

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ::

❐ **દયાદરા** : ખાતે તા. ૨૭–૧૨–૨૦૨૪, મુ.ચાંદ ૨૫ જમાદિયુલ આખર, હિ.સ. ૧૪૪૬ જુમ્આના રોજ મરીયમબેન ગુલામ ગીધાનો ઈન્તેકાલ થયો. ❐ તા. ૧૦–૧–૨૦૨૫, મુ. ચાંદ, ૯–રજબ, હિ.સ. ૧૪૪૬, જુમ્આના રોજ શેહનાઝબેન શૌકત ધીરજનો ઈન્તેકાલ થયો છે.

❐ **પ્રેસ્ટન (યુ.કે)** : ખાતે તા. ૨–૧–૨૦૨૫, મુ. ચાંદ, ૧–રજબ, હિ.સ. ૧૪૪૬, જુમેરાતના રોજ હજીયાણી મરયમબેન ઈસ્માઈલ ભગતનો ઈન્તેકાલ થયો છે. *રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે તથા ઈસાલે સવાબ કરવાની તૌફીક આપે. (આમીન)*